રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## ગાંધીવિચારના પ્રચાર-પ્રસારને આજીવન સમર્પિત : અમૃત મોદી



જન્મ તારીખ : ૩૦-૦૪-૧૯૩૩ મૃત્યુ તારીખ : ૨૫-૦૬-૨૦૨૪

વર્ષ: ૭૭ અંક : ૧૨ ૧૫ જુલાઈ, ૨૦૨૪

## ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા સંસ્થામાં વિદ્યાર્થી પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ યોજાયો.






## ગ્રામદક્ષિણામૂર્તિ મણાર સંસ્થામાં વિદ્યાર્થી પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ યોજાયો.






કોડિયું

વર્ષ : ૭૭ જુલાઈ: ૨૦૨૪ અંક : ૧૨

## અનુક્રમણિકા

૦૧ નવીન કેળવણી એટલે શું? ...૦૬
નાનાભાઈ ભટ્ટ
૦૨ જેના દ્વારા આપણને પ્રકાશ લાધે એ ગુરુ ...૦૮
મોરારિબાપુ
૦૩ ઔર ઇશ્ક કી કિતાબ કા કોઈ નયા પૃષ્ઠ ખોલો ! ...૦૯
તુલા - સંજય
૦૪ ભારતભૂમિની ઊર્જાવાન નારી : કિત્તૂરની રાણી ચેન્નમ્મા ...૧૨
ટીના દોશી
૦૫ કથા આશા અને વિકાસની : નાની કિરણ ...૧૫
બિંદુ-પાર્થેશ
૦૬ લોકભારતીના કર્મઠ કાર્યકર : ગોપાલનના જ્યોતિર્ધરઃ રમણિકભાઈ કાલરિયા ...૧૮
પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર
૦૭ જય વસાવડા એક વિશ્વવિદ્યાલય ...૨૦
ડૉ. દિનુ ચુડાસમા
૦૮ એકોક્તિ : કેવટ ...૨૪
વિશાલ જોષી
૦૯ કવિતાનું અજવાળું : 'તું પ્રવાસ કર'- ઈટાલિયન કવિ જીયો ઈવાન ...૨૬
ભાવાનુવાદ - વિશાલ ભાદાણી
૧૦ લોકભારતીની વિદાય વેળાએ ...૨૭
યોગેશ એસ ત્રિવેદી
૧૧ ગાંધીજન શ્રી અમૃતભાઈ મોદીની વિદાય ...૨૮
અતુલભાઈ પંડ્યા
૧૨ રામકૃષ્ણ પરમહંસની વિધિ કરવાની રીત ...૨૯
ડૉ. બાલુભાઈ શેલડિયા
૧૩ રણોત્સવ પછી રણ સરોવર : પ્રવાસન સાથે વિકાસયાત્રાને આહવાન ...૩૧
ડૉ. નાનક ભટ્ટ
૧૪ સાસુ- જમાઈ અને સસરા- વહુ ...૩૩
રોહિત શાહ
૧૫ સંપૂર્ણ શ્રદ્ધા ...૩૫
ભાણદેવજી
૧૬ શિક્ષિકાનું જીવનઆકાશ ...૩૭
પારસકુમાર
૧૭ સંસ્થા સમાચાર ...૩૯
પ્રશાંત મહેતા

**આદ્યતંત્રીઓ :**

સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**

ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**

ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**

સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**

શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**

ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**

ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**

ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**◆ સૂચના ◆**

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**◆ લેખ મોકલવા માટે ◆**

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર ◆**

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**◆ લેખકોને ◆**

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**◆ લવાજમ ◆**

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

### પેરિસથી પિંડવળનો પથારો

પંદરેક દિવસના ફ્રાન્સના યાદગાર પ્રસન્ન પ્રવાસથી આવીને યજ્ઞાર્થે પિંડવળ જવાનું થયું. ડૉ.નવનીતભાઈ ફોજદાર, શ્રી કાંતિભાઈ શાહ, અને શ્રી હરિશ્ચંદ્રની જોડીની તપોભૂમિમાં શ્વાસ લેવાની અનોખી ધન્યતા અનુભવી. આજકાલ શ્રી પ્રકાશભાઈ આ ધૂણીને ધખતી રાખીને ઋષિકાર્ય કરી રહ્યા છે.

પેરિસમાં મૂળ ફ્રેંચ પરિવારોમાં રહેવાનું થતાં જાણી શકાયું કે હવે મોટાભાગના યુવાનો લગ્ન કરતા નથી. જીવનસાથી પસંદ કરીને સાથે રહે, બાળકો પણ થાય અને મહત્તમ સાતેક વર્ષ સાથે રહીને છૂટા પડી જાય. લગ્નનો સરેરાશ ખર્ચ વીસેક હજાર યુરો થાય છે, જ્યારે છૂટાછેડાની વિધિનો ખર્ચ ત્રીસેક હજાર યુરો થાય છે! આથી લગ્ન કરવાનું જ માંડી વાળે છે જેથી છૂટા પડવાની વિધિ પણ કરવી ન પડે ! કોઈપણ કારણ વગર જીવનનો ‘ચેઈન્જ’ માણવા આ પ્રક્રિયા હવે રિવાજ બની ગઈ છે. કોઈ લેતી-દેતી નહીં, કડવાશ નહીં, ઝઘડો નહીં, મેણા-ટોણા નહીં. રાજીખુશીથી અત્યંત સંસ્કારી પ્રક્રિયાથી સહજતાથી જોડાય અને સરળતાથી અલગ થઈ જાય. એક-બીજાના સારા-માઠાં પ્રસંગે અત્યંત લાગણીથી હળે-મળે પણ ખરા. આવું હવે કહેવાતા સમૃદ્ધ અને વિકસિત રાષ્ટ્રોમાં સ્વાભાવિક બનતું જાય છે. આ પરિસ્થિતિને જીવનની સ્વતંત્રતા કહેવી, નિખાલસતા કહેવી, જીવનની જરૂરિયાત ગણવી કે વાસ્તવિકતાનો સ્વીકાર ગણવો એ સામાજિક જીવનનો બહુ મોટો પ્રશ્ન છે. આને જો વિકાસ ગણતા-સમજતા થશું તો માનવસહજ સંબંધ ક્યાં જઈને અટકશે? આ સંજોગોમાં બાળકોની મનોદશા જે થાય છે તે અત્યંત સંવેદનશીલ અનુભવ છે પણ તે ફરી કયારેક.

પિંડવળમાં જાણ્યું કે હવે દીકરીઓને ભણાવવીજ પડશે, નહીં તો બહુ નાની વયે પરણાવી દેવામાં આવે છે. બાર, તેર વર્ષની દીકરીઓ તો માતા બની જાય છે. એક કિસ્સો અમને જણાવ્યો કે, ધોરણ આઠનો અમારો એક વિદ્યાર્થી આજે નથી આવ્યો. તેના બાપના લગ્નમાં ગયો છે ! એ વિદ્યાર્થીનો બાપ વગર લગ્ને પિતા બની ગયેલ છે. બાળકો થઈ ગયા છે, પણ લગ્ન બાકી છે. બાપ સાવ સામાન્ય સ્થિતિનો છે. એટલે એણે નિર્ણય કર્યો છે કે પોતાની સાથોસાથ દીકરાના પણ લગ્ન કરી લેવા ! આમ બાપ-દીકરો હવે સાથે લગ્ન કરશે અને તે પણ એક જ લગ્નમંડપમાં વારાફરતી.

મને લાગ્યું કે વિશ્વની તમામ ક્ષેત્રે પ્રથમ પંક્તિમાં ગણાતી વિશ્વવિખ્યાત પેરિસ નગરી આપણી પિંડવળ નગરીથી તો ઘણી પછાત છે ! સજીવોની દુનિયામાં સર્જનહારે કેવી ઘટમાળ સર્જી છે ! સૌથી રોમાંચક ઘટના એ છે કે આપણા અધ્યાત્મમાં સમજાવ્યું છે તેમ પેરિસ હોય કે પિંડવળ, માણસના દુઃખનું કારણ એક જ છે અને તે છે જીવનમાં અનુભવાતો અભાવો. આપણને અનુભવે સમજાયું છે કે માણસની ઈચ્છાઓ,સપનાઓ, ઝંખનાઓ વગેરેની ઘેલછા પાછળનું કારણ જીવનમાં અનુભવાતો ‘અભાવો’ છે. આંતરિક ખાલીપાની લાગણીઓ અભાવાથી જોર પકડે છે. અભાવ એ કોઈ વિધાયક તત્ત્વ નથી નિષેધાત્મક છે. જેમ અંધકાર એ વિધાયક તત્ત્વ નથી નિષેધાત્મક છે અંધકાર એટલે પ્રકાશનો અભાવ. જીવનમાં સંતોષની પ્રાપ્તિ અભાવાની મુક્તિમાં રહેલી છે. જો આપણે અભાવાની ઝંખનાથી છૂટવાનો સફળ પ્રયત્ન કરી શકીએ તો સુખ શોધવા જવું પડે નહીં.

— [signature]

## ૦૧ નવીન કેળવણી એટલે શું?

**નાનાભાઈ ભટ્ટ**

---

હું જાણું છું કે આજે દુનિયામાં લવરી ઘણી વધી પડી છે એવે વખતે માણસે જીભને ટેરવે ચડી રહ્યું હોય તે પણ ન બોલવું. છતાં જે ધંધામાં હું ઘરડો થયો છું તે ધંધાનો લૂલો-પાંગળોય અનુભવ મારા ધંધાભાઈઓને આપવાના કોડ મને કેમ ન થાય?

આપણે હમણાં હમણાં નવીન કેળવણી અને કેળવણીની નવી દૃષ્ટિની વાતો કરીએ છીએ, અને છાત્રાલયના ગૃહપતિમાં આ નવીન દૃષ્ટિ આવે એવી અપેક્ષા પણ રાખીએ છીએ. આપણે આ નવીન કેળવણીનાં લક્ષણો તપાસીએ.

નવી કેળવણીનું એક લક્ષણ એ છે કે તે વિદ્યાર્થી-પ્રધાન છે. આપણી ઘણી શાળાઓ હજી આજે વિષય-પ્રધાન છે. આપણી શાળાઓમાં પરંપરાથી ચાલ્યા આવતા વિષયો વિદ્યાર્થીને રુચે ન રુચે તોપણ ભણવા જ પડે છે, અને તે તે વિષયોના સારા અભ્યાસી ગ્રૅજ્યુએટોને આપણે શિક્ષકો તરીકે પસંદ કરીએ છીએ. શાળાના વિષયો વિદ્યાર્થી માટે છે - પણ વિદ્યાર્થી વિષયો માટે નથી, એ વસ્તુ આપણા લક્ષમાં હોત, તો તો આજે આપણે વિષયના જાણકારને શોધીએ છીએ તેમ વિદ્યાર્થીના જાણકારને શોધતા હોત. નવીનચંદ્રને સંસ્કૃત શીખવવું હોય, તો શિક્ષકને જેમ સંસ્કૃતનું જ્ઞાન જોઈએ તેમ જ નવીનચંદ્રનું પણ જ્ઞાન જોઈએ. પણ આપણી નજર પર આ વાત નથી.

આપણી શાળાઓની માફક જ આપણાં છાત્રાલયો પણ વિષય-પ્રધાન છે. વિદ્યાર્થી-પ્રધાન નથી. આપણા ગૃહપતિઓની લાયકાતમાં વિદ્યાર્થીને ઓળખવાની શક્તિનો સમાસ ક્યાં છે? છાત્રાલયનો કોઠાર ચલાવી દઈએ, વિદ્યાર્થીઓને ઘરના પાઠો ફક્કડ કરાવી દઈએ, ને સેક્રેટરીને રાજી રાખી શકીએ, તો પછી વિદ્યાર્થીને ઓળખીએ છીએ કે નથી ઓળખતા એ કોણ જુએ છે? આપણાં છાત્રાલયોમાં કેન્દ્રસ્થાને આપણે ગૃહપતિઓ, કેન્દ્રસ્થાને સેક્રેટરી, કેન્દ્રસ્થાને રસોયો, કેન્દ્રસ્થાને ધર્મશિક્ષણ, કેન્દ્રસ્થાને સમયપત્રક, કેન્દ્રસ્થાને વાર્ષિક મેળાવડો, કેન્દ્રસ્થાને આપણી શિસ્ત-નહિ કેન્દ્રસ્થાને વિદ્યાર્થી. છાત્રાલયનું ખુદ અસ્તિત્વ વિદ્યાર્થીઓની કેળવણી માટે છે. જો તેને માટે તે ઊભું થાય છે, તો તેને જ કાં આપણે હડસેલી પાડીએ? છાત્રાલયના આખા વિચારમાં અને વ્યવહારમાં વિદ્યાર્થીને કેન્દ્રસ્થાન પર મૂકવો જોઈએ, અને આપણે બધાએ એની આસપાસ ગોઠવાઈ જવું જોઈએ.

આથી કોઈ એમ માની ન લે કે છાત્રાલયમાં વિદ્યાર્થી કરે તે જ થાય. અને વિદ્યાર્થીઓ જ છાત્રાલયમાં માતેલા થઈને ફરે. વિદ્યાર્થી કેન્દ્રસ્થાને એટલે આપણે તેનો અને તેના માનસનો વિચાર પહેલાં કરવો. આપણે ગૃહપતિઓ છાત્રાલયમાં જે જે કરીએ કે વિચારીએ તે ખુદ વિદ્યાર્થી ઉપર શું પરિણામ લાવશે. વિદ્યાર્થીના અંતરને સારી વસ્તુ તરફ કેટલું અભિમુખ કરશે, તેની શક્તિમાં કેટલો વધારો કરશે. તેના જીવનમાં કેટલું જડાઈ જશે, વગેરેનો વિચાર કરીને કરીએ તો બસ છે. આજે તો આપણને સારું લાગ્યું માટે વિદ્યાર્થીને સારું લાગવું જ જોઈએ એમ માનીને આપણે ચાલીએ છીએ, અને વિદ્યાર્થીનો વિચાર સરખો કરતાં નથી. આથી ખરી રીતે આજે વિદ્યાર્થી શાળામાં કે છાત્રાલયમાં જે કેળવણી મેળવે છે તેના કરતાં બહારથી વધારે મેળવે છે, અને શાળા-છાત્રાલયોમાંથી છૂટીને હાશ કરે છે.

આની સાથે ગાઢ સંબંધ ધરાવતું નવીન કેળવણીનું બીજું લક્ષણ એ છે કે તેમાં વિદ્યાર્થીના વ્યક્તિત્વનો આદર

હોય છે. વિદ્યાર્થી એક મીણનું પૂતળું કે કોરો કાગળ નથી, અથવા જેમ વાળવા ધારીએ તેમ વાળી શકાય એવો પાતળો છોડ નથી. એ એક સ્વતંત્ર આત્મા છે, વ્યક્તિ છે, જીવતું પ્રાણી છે અને તેને પોતાના વિકાસના ખાસ નિયમો છે. દરેક વિદ્યાર્થી અનંત શક્તિઓને લઈને અવતરે છે અને પોતાની અમુક ચોક્કસ રીતે આગળ વધે છે. વિદ્યાર્થીના આ વ્યક્તિત્વનો વિચાર આપણી શાળાઓમાં તેમજ છાત્રાલયોમાં ક્યાં છે? આપણાં છાત્રાલયો તો સિપાઈઓની બરાકો છે. એક જ સમયપત્રક, એક જ પોશાક, એક જ શિસ્ત, એક જ તાલીમ-બધાને માટે એક જ જાતની લશ્કરી ગોઠવણ! જુદાં જુદાં વ્યક્તિત્વવાળા વિદ્યાર્થીઓને આપણી શાળાઓ એક જ બીબામાં ઉતારે છે, તેમ છાત્રાલયો પણ ઉતારવા મથે છે. આથી વ્યક્તિત્વનો લોપ થાય છે. માણસમાં જે કાંઈ માણસાઈ કે જોમ છે, એ તો આ વ્યક્તિત્વનું છે. વિદ્યાર્થીઓના વ્યક્તિત્વને કચરી નાખી ફિક્કા પોચા નામર્દોને ઉત્પન્ન કરવા, તેના કરતાં શાળા-છાત્રાલયો બંધ કરીને ગમે તેવાં જંગલી પણ વ્યક્તિત્વની છાપવાળા મર્દોને ઊભા થવા દેવા, એ યોગ્ય નથી?

**રામ અને રામાયણ લોકહૃદયમાં જીવંત છે**

ભારતીય સંસ્કૃતિની દિવ્ય સુગંધનું નામ રામ છે.આપણી લાડકી પૃથ્વી પર સદાય વિચારોનો જ પ્રભાવ રહ્યો છે. રામરાજ્ય એટલે શું ? રામ આખરે તો એક વિચારનું નામ છે. વિચાર કદી મરતો નથી, તેથી વારંવાર કહેતો રહ્યો છું : વિચાર અમર છે, તેથી રામ અમર છે.રામનો ગતિપથ સત્યદેશીય હતો, તેથી રામને ઋષીવાલ્મીકિએ 'સ્થિતપ્રજ્ઞ' કહ્યા છે. રામ ઉદાત્ત માનવ હતા અને આદર્શ રાજા હતા. રામરાજ્ય હજી આજે પણ આદર્શ રાજ્ય ગણાય છે. રામમાં એવું તે શું હતું કે લોકોએ એમને વિષ્ણુના અવતાર ગણીને પૂજ્યા? ભારતના કરોડો લોકો આજે પણ રામની પૂજા કરે છે, રામનામનો જપ કરે છે,રામાયણનો પાઠ કરે છે અને મરતી વખતે રામનું જ સ્મરણ રહે તેવું પ્રાર્થે છે. સદીઓ વીતી ગઈ તોય રામ અને રામાયણ લોકહૃદયમાં જીવંત છે.

રામ લોકોત્તર પુરુષ હતા તેની પ્રતીતિ એમની સ્વસ્થતાપૂર્ણ ત્યાગવૃત્તિમાં થાય છે. રામના જીવનમાં જે જે આદર્શોની માવજત થઈ તે આદર્શોની ઉપાસના આપણા જીવનમાં થોડેક અંશે પણ ન થવાની હો તો રામાયણનો પોપટ-પાઠ નિરર્થક ગણાય. જે માણસ રામાયણનું પઠન કરતો રહે અને કોઈને આપેલા વાયદા ન પાળે તો તે રામને છેતરે છે એમ કહેવાય.આપણા દેશમાં રામને સતત છેતરનારા અંધશ્રદ્ધાળુ અને અજ્ઞાની રામભક્તોની સંખ્યા ઓછી નથી. પરિણામે ધર્મોદય દૂર રહી જાય છે અને ધર્મ-ઘેલછાનો ઘોંઘાટ વધતો રહે છે.

રામજીના વિચારનું ગુરુત્વ મધ્યબિંદુ એટલે મર્યાદા. રામ મર્યાદાપુરુષોત્તમ કહેવાયા. સૂર્ય મર્યાદા પાળે છે, સાગર મર્યાદા પાળે છે. આકાશગંગા પણ મર્યાદા પાળે છે અને અસંખ્ય તારાઓ પણ પોતપોતાની ભ્રમણકક્ષામાં જ ચકરાવા મારે અને એ રીતે મર્યાદા પાળે છે. મનુષ્યે પણ મર્યાદાપાલનમાં રહેવું જોઈએ. મર્યાદા તોડે તે રાવણ અને મર્યાદા જાળવીને સત્યપાલન કરે તે રામ. લોકાભિરામ એવા રાજકુમાર રામ કેવળ કૌસલ્યાનંદન કે રઘુકુલનંદન રામ ન હતા. તેઓ ઋષિનંદન અને પ્રજાનંદન રામ પણ હતા.

- ગુણવંત શાહ

## ૦૨ જેના દ્વારા આપણને પ્રકાશ લાધે એ ગુરુ

**મોરારિબાપુ**

---

ગુરુના ગુણધર્મ જ જોવા જોઈએ, ગણવેશ નહીં. ગુરુ તો આપણો ગોવાળ છે. ગુરુ પોતાની પાસે નવ વસ્તુ રાખે છે અને નવ પૂર્ણાંક છે. એનો મતલબ કે એમની પાસે બધું છે. ગુરુદ્વારે જઈએ ત્યારે કંઈક જુદા જ હોઈએ છીએ અને પાછા ફરીએ છીએ ત્યારે વળી કંઈક જુદા જ હોઈએ છીએ. ફકીરતો કબીરની જેમ ચોકમાં બેઠો છે, જે ઈચ્છે એ એનો દીવો જલાવી લે. ગુરુ ખુલ્લો ખજાનો છે. ગુરુ આપતા નથી, ઉદ્‌ઘાટિત કરે છે. એ કહે છે, જોઈ લે, મારામાં જે લખ્યું એ ઓલરેડી તારી તિજોરીમાં છે. હું મારાં પાનાં ખોલીને તારું આવરણ હટાવું છું. તને મારી સંપદા દેખાશે. કાં તો ગુરુને છોડી દો, કાં તો ગુરુ ઉપર બધું છોડી દો.

ગુરુને માનવા જોઈએ, નહીં કે જાણવા જોઈએ. ગુરુ તો પ્રથમથી પૂર્ણ હોય છે. એવા ગુરુ જેને મળી જાય એના ઘરમાં રોજ પૂર્ણિમા છે. પહેલા ગુરુમાં હરિને જુઓ. અને જયારે ગુરુ હટી જાય ત્યારે હરિમાં ગુરુ જુઓ. ગુરુ વિના જ્ઞાન ન મળે તેમજ જ્ઞાન વિના ગુરુ પણ ન સમજાય. ગુરુ વ્યકિત નથી, અસ્તિત્વ છે, વ્યકિતત્વ છે. ગુરુ જ એક એવું સ્થાન છે, જે આપણી બધી નબળાઈઓને ભૂલીને આપણો સ્વીકાર કરે છે, આપણને ગોદમાં લે છે અને પ્યારથી ભરી દે છે.

ગુરુની પાદુકાની પોતાની એક મહેક હોય છે. જેના દ્વારા આપણને પ્રકાશ લાધે એ ગુરુ. એ આપણી સાથે નહીં ચાલે, પછી આપણે આપણી રીતે જ ચાલવાનું છે. જે મીણબત્તીમાંથી દીવો પ્રગટાવ્યો, એ મીણબત્તી તો ત્યાં જ રહેશે. ગુરુ કોઈ દિવસ વરદાન દેતો નથી, એ તો વરસાદ કરે છે. તમારાં માટલાં ખુલ્લાં હોય એટલી જ જરૂર છે.

ગુરુ શિષ્યને મંત્ર આપે છે અને શિષ્યએ ગુરુ દક્ષિણામાં કેવળ મન અને મતિ આપવાના હોય છે. મન અને મતિ જ ગુરુને આપવાનાં છે. એમાં કયાંય ધન આવતું જ નથી. ઈશ્વર અને ગુરુને બહુ જાણવાની કોશિશ ન કરો, તેમને માની લો. અજ્ઞાનથી આશ્ચર્ય સુધીની યાત્રા કરાવે તે ગુરુ. વેદનાથી વેદ સુધી પહોંચાડે તે ગુરુ.

ગુરુ અને શિષ્ય જેવો પવિત્ર સંબંધ વિશ્વમાં બીજો કોઈ નથી. ગુરુની મુલાકાત ચૈતસિક હોય છે. એવી વ્યકિતનું ગુરુ તરીકે વરણ કરવું જે સ્વધર્મનિષ્ઠ હોય. ગુરુમાં ગણેશ પણ હોય, કારણ કે ગુરુમાં વિવેક તો હોય જ ને? ગુરુમાં આપણને શ્રદ્ધાનાં દર્શન થાય. ગુરુમાં વ્યાપકતા હોય છે. ગુરુ સૂર્ય છે, એનાં વચનો સૂર્ય છે. ગુરુ શિવરૂપ છે, ત્રિભુવનગુરુ છે.

ગુરુ જ એક એવું સ્થાન છે, જે આપણી બધી નબળાઈઓને ભૂલીને આપણો સ્વીકાર કરે છે, આપણને ગોદમાં લે છે અને પ્યારથી ભરી દે છે. સદ્‌ગુરુની પાદુકાની પોતાની એક મહેક હોય છે. સદ્‌ગુરુ મનના જ્ઞાતા પણ છે અને નવા મનના નિર્માતા પણ છે. ગુરુને-બુદ્ધપુરુષને પોતાનું એક આભામંડળ હોય છે. ગુરુ એ ડિગ્રી નથી, વૃત્તિ છે. ગુરુઓ અનેક પ્રકારનાં મોહનાં-મમતાનાં અંધારાં હટાવે છે. ધર્મગુરુ પૂજય હોય છે, સદ્‌ગુર પ્રિય હોય છે. ગુરુ મળ્યા પછી પરમાત્મા પણ લક્ષ્ય ન હોવું જોઈએ. ગુરુવંદના એટલે વિવેકની વંદના, વિશ્વાસની વંદના, ગુણાતીત શ્રદ્ધાની વંદના. શિષ્ય છે શ્રદ્ધાનો સમુદ્ર , ગુરુ છે કૃપાનો સમુદ્ર. શ્રદ્ધા તૂટે એવી ક્રિયા નહીં કરતા. એવી ક્રિયાથી બચજો જેનાથી શ્રદ્ધા તૂટી જાય. શ્રદ્ધા ગઈ તો માણસ ગરીબ થઈ જાય છે. શ્રદ્ધા બહુ મોટી સંપદા છે. એવા લોકોનો સંગ નહીં કરતા જેનાથી તમારી શ્રદ્ધા કુંઠિત થઈ જાય. શ્રદ્ધા તૂટે એવા લોકોને સાંભળો નહિ. જેનાથી શ્રદ્ધા તૂટે એવી ઘટનાઓને જુઓ નહિ. શ્રદ્ધા વ્યકિતને પરમેશ્વરની પાસે પહોંચાડી દે છે. ખુદને પરમ બનાવી દે છે.

(સંકલન : ડૉ. દિનુભાઈ ચુડાસમા )

## ૦૩ ઔર ઇશ્ક કી કિતાબ કા કોઈ નયા પૃષ્ઠ ખોલો !

**તુલા -સંજય**

---

આજ વારિસ શાહ સે કહતી હૂં-
અપની કબ્ર મેં સે બોલો
ઔર ઇશ્ક કી કિતાબ કા કોઈ નયા પૃષ્ઠ ખોલો !
પંજાબ કી એક બેટી રોઈ થી,
તૂને એક લમ્બી દાસ્તાન લિખી,
આજ લાખોં બેટિયાં રો રહી હૈ,
વારિસ શાહ ! તુમસે કહ રહી હૈઃ
ઐ દર્દમંદો કે દોસ્ત,
પંજાબ કી હાલત દેખો
ચૌપાલ લાશો સે અટા પડા હૈ,
ચનાબ લહૂ સે ભર ગયા હૈ...

આ વખતે આપણે જમ્મુ-કશ્મીરની ૨૫ દિવસની 'સ્નેહ શિક્ષણ' યાત્રામાં ૫૦ કલ્યાણ મિત્રો સાથે ચનાબ(ચિનાબ) વેલીનો પ્રદેશ એવા ડોડા જિલ્લામાં ગયા. ભર્યું ભર્યું કામ થયું એનો આછેરો ઉલ્લેખ માત્ર...

૧) ૧૧૦થી પણ વધુ શાળાઓમાં બાળકો-શિક્ષકો સાથે સર્જનાત્મક અને રચનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા સંવાદ(જેમાં પપેટ, સંગીત, નૃત્ય, વાર્તા, પેપરબેગ બનાવવી, કાર્ડ મેકિંગ, રમકડાં બનાવવાં, પેટી રેંટિયો, પેઇન્ટિંગ, રમત-ગમત, વિજ્ઞાનના પ્રયોગો જેવી પ્રવૃત્તિઓનો સમાવેશ)

૨) 'સમગ્રતાનું શિક્ષણ ગાંધી માર્ગે' વિષયની આસપાસ ૧ દિવસીય એવી ૧૦ કાર્યશાળાઓ થઈ. પ્રત્યેક કાર્યશાળામાં સરેરાશ ૪૦ જેટલા શિક્ષકો રહેતા. આમ ૪૦૦ જેટલા શિક્ષકો સાથે સંવાદ થયો. મુ. ડંકેશભાઈ ઓઝા મુખ્ય સંવાદકર્તા હતા.

૩) ચાર શાળાઓમાં મિહિરભાઈ અને નિરાલીબેન દ્વારા 'Train your Brain' વિષય પર ચાર-ચાર દિવસીય એવા સઘન Workshop થયા. પ્રત્યેકમાં ૫૦ જેટલા વિદ્યાર્થીઓ રહેતા.

૪) જાણીતા લોકગાયિકા, હિન્દી ફિલ્મોના પાર્શ્વગાયિકા મેઘા ડાલ્ટન દ્વારા (૧૦૦ વર્ષ પહેલાં ઝારખંડના આદિવાસીઓ ગાંધીને ગાતા) તે ગાંધી ગીતોને રજૂ કરતો 'ગાંધીગાન' કાર્યક્રમ ડોડા જિલ્લામાં ૭ સ્થળે થયો.

૫) ૩ કૉલેજ અને ચાર હાયર સેકન્ડરી શાળાઓમાં બે-બે દિવસીય કુલ ૭ ફિલ્મ-મેકિંગ વર્કશોપ આપણે યોજ્યા. જેમાં મોબાઈલ ફોન થકી એક મિનિટની સિંગલ શોર્ટ ફિલ્મનું સર્જન, સિનેમાનો ઇતિહાસ, ફિલ્મ સર્જકોનો પરિચય, નાનીમોટી ફિલ્મકૃતિઓનું સ્ક્રિનીંગ વગેરે જય ખોલિયા થકી થયું.

આ સઘળા કામો દરમિયાન ત્યાંના લોકો સાથે પુષ્કળ સંવાદ થયો. ઘણા બધા વિચારો-સંવેદનોનું આદનપ્રદાન થયું. એકબીજા સાથે બેસવાનું-એકબીજાને સમજવાનું-અનુભવવાનું, સાથે હસવાનું અને ક્યાંક-ક્યારેક ભાવવિભોર બની સાથે રડવાનું પણ થયું. આ એ પ્રદેશ છે કે જ્યાં ૧૯૯૦થી લઈને ૨૦૦૩ સુધી આતંકવાદે માઝા મૂકી હતી અને આ એ પ્રદેશ પણ છે કે જ્યાં આતંકવાદ સૌથી પહેલાં સમાપ્ત થયો.....

ત્યાંની એક શાળાના નાનાશા ચિનાર વૃક્ષની નીચે હું ત્યાંના ત્રણ શિક્ષકો સાથે વાતો કરતો હતો ત્યારે ત્યાંના એક હિન્દુ શિક્ષકે કહ્યું કેઃ 'ઉસ દૌર મેં મેરે મામા ઔર ઉનકે બેટે કો માર દિયા થા.' બીજા મુસ્લિમ શિક્ષક તરફ આંગળી ધરી કહે છે કેઃ 'ઉસકા છોટા ભાઈ એન્કાઉન્ટર કે વક્ત

બીચમેં આ ગયા થા ઔર મારા ગયા થા, જો સિર્ફ સાત સાલ કા થા.' ત્રીજા શિક્ષક તરફ જોઈ કહે છે કે 'ઉસકે દોનોં ચચેરે ભાઈ કો ભી માર ડાલા થા!!!' હું વાત સાંભળી સ્તબ્ધ થઈ જાઉં છું. આ ત્રણેયના ઘરમાંથી... અને મને ડૉ.કરણસિંહે એમના ઘરે કહેલી વાતઃ 'બેટા, કશ્મીર કા હર ગાંવ કબ્રસ્તાન બના હુઆ હૈ, હિલીંગ ટચ કી જરૂરત હૈ(વાળી)વાતનું સ્મરણ થાય છે અને થાય છે કે યહાં તો હર ઘર કબ્રસ્તાન બના હુઆ હૈ !!!'

એકવાર 'ગાંધીગાનના' કાર્યક્રમમાં અમને લઈને જતા ડ્રાઇવરની તેજસ્વીતાની આભા એની કારમાં પણ અનુભવાતી હતી એવા રફિક નામના ડ્રાઇવરને મેં પૂછ્યું કે:'આપ હોશિયાર હો તો પઢે ક્યું નહીં?!' એનો જવાબ હતોઃ 'સર, વો મીલીટન્સી કે દૌર મેં મૈં તો આઠવી કક્ષા મેં થા ઔર મેરા બાપ મુજે જમ્મુ લે ગયા થા ઔર એક હોટલવાલે સે કહા થા કિ, 'ઇસસે જો ભી કામ કરવાના હો કરવાના મુજે પૈસે નહીં ચાહીએ. બસ ઉસે જિંદા રખના' આઠ સાલ વહીં બીત ગયે. મૈં બડા તો હો ગયા લેકિન દેખો સર જિંદગી કિતની છોટી હો ગઈ. સિર્ફ ડ્રાઇવર બનકર રહ ગયા...લેકિન હા મેઘાજી આપ ગાંધી કે લીયે તો ગાતી હો પર હમ ડ્રાઇવરો કે લીયે ભી કુછ જરૂર ગાના!'

ડોડા શહેરથી ૮૦ કિમી. દૂર ત્રણ કલાકના અંતરે આવેલા એક છેવાડાના ગામના શિક્ષકે કહેલું કેઃ 'ઉન દિનોં જૈસે હી શામ ઢલતી થી કિ હમેં ઘર મેં બિઠાકર ઘરકી ખીડકીયોંમેં પરદે ડાલ દિયે જાતે થે ઔર અંધેરા જલાયા જાતા થા તાકી દોનોં તરફ કે લોગોં મેં સે કોઈ હમેં ઉઠા લે ન જાયે! વો ભી ક્યા દિન થે?! હમને યાદ હી રખા નહીં હૈ વો સબ...'

સાડા છ હજાર ફૂટની ઊંચાઈ પર આવેલ એક સુંદર ગામની અંદર-બહારથી સુંદર એવી શિક્ષિકાબહેન એક વાર બોલેલીઃ 'તબ મેં સાત સાલ કી થી ઔર મેરે પાપા સરકારી મુલાજીમ થે- છોટી સી તનખા થી ઔર ઉન લોગોં ને પાપા સે દો લાખ રૂપયે વસુલે થે. વો જબ પાપા કો ઉઠાને આયે તબ એક ઔરત કે કપડે પહનકર વેશ બદલકર પાપા જમ્મુ ભાગે થે!! પર હા હમ છોટે બચ્ચે ઉનકો બહુત દેખતે રહેતે થે... કંધે તક બડે બડે ઉડતે બાલ-લંબી સી દાઢી-કપડે મેં છુપાઈ બંદૂકે લેકર જબ વો ગાંવ સે ગુજરતે થે તબ હમ ઉસે દેખા કરતે થે- કભી કભી વો હમારે સાથ વૉલીબોલ ભી ખેલતે થે ઔર સૂકામેવાભી હમેં દેતે થે, એક facination થા!!'

સૌમ્યતાની મૂર્તિ સમા એક આચાર્યાબેને બહુ જ ભાવવિભોર બનીને મને કહેલું કેઃ 'ઉસ દૌર મેં મૈં મેરી ડિલિવરી પર જમ્મુ થી ઔર મેરે પતિ કો ઉન લોગોં ને ઉઠા લીયા પર ઈશ્વરકૃપાસે વો ભાગ નિકલને મેં સફલ હુએ પર ઉન દિનોં મેરા બડા બેટા તીન સાલ કા થા ઔર ઘર મેં અકેલા થા. ઉસકી પુરી પરવરીશ ઉન દિનોં હમારે મુસ્લિમ પડોશીયોંને હી કી થી!'

ધર્મને આધારે ડોડા જિલ્લામાં ૬૦% મુસ્લિમ અને ૪૦% હિન્દુ છે પરંતુ એમના સાંસ્કૃતિક-સામાજિક અને પ્રાકૃતિક તાણાવાણાનું પારસ્પરિક પોત એટલું સઘન-પ્રબળ છે કે અહીંના Composite Cultureના સૌંદર્યની સુવાસ અમે આ દિવસોમાં રોજેરોજ અને ઠેરઠેર ચાખી અને એથી જ કદાચ સમગ્ર જમ્મુ-કશ્મીરમાં સૌથી પહેલો આતંકવાદનો અંત અહીંયા આવેલો!!

એક હિન્દુ શિક્ષિકાએ કહેલું કેઃ 'મારા ગામમાં મોટેભાગે મુસ્લિમ પરિવારો વસે છે પરંતુ હું નાની હતી ત્યારે મને શુકનવંતી માનવામાં આવતી ને એથી વાવણીના સમયે પહેલું બીજ રોપવા માટે મને બધા જ ખેડૂત પરિવારો વારાફરથી લઈ જતા. મેરી માં ભી ઉન દિનોં મુજે નયે કપડે પહનાતી થી ઔર મૈં પરી જૈસી લગતી થી... ઇસ ખેત સે ઉસ ખેત મેં ઉડાઉડ કરતી થી ઔર જબ શામકો ઘર આતી થી તો મિટ્ટી કે રંગ મેં રંગી હુઈ આતી થી!!'

ગામની સ્કૂલમાં અઝીઝ અહમદ નામનો નવમાં

ધોરણમાં ભણતો ને KAS (Kashmir Administrative Service) બનવાની ઈચ્છા રાખતો છોકરો અમારા નવલદાદાને કહેતો સંભળાય છે કે: 'મૈં બહુત હી દૂર કે ગાંવ સે ઢાઈ ઘંટે ચલકર યહાં સ્કૂલમેં આતા હું. મેરે બડે ભાઈ જૈસા એક હિન્દુ લડકા મુજે સંભલકે હરરોજ સ્કૂલમેં લાતા હૈ. હમારે બીચ બહુત હી ગહેરા તાલ્લુક હૈ... હિન્દુ-મુસ્લિમ પહેચાન નહીં આતી હૈ યહાં-હમારે બીચ બહુત હી ગહેરા તાલ્લુક હૈ...' આ શબ્દો છે નવમાં ધોરણમાં ભણતા છોકરાના!!

'ગાંધીગાન'ના કાર્યક્રમ માટે અમારે ઘણું દૂર પોણા ત્રણ-ત્રણ કલાકના અંતરે ખીલત્રાણ જવાનું હતું, કાર્યક્રમ પછી ત્યાંના શિક્ષણ અગ્રણીઓ, SDM વગેરે સાથે ભોજન લેવાનું હતું. અમને ગાડી લઈને લેવા આવેલ ડ્રાઈવરનું ઘર ખીલત્રાણથી છ-સાત કિલોમીટર જેટલું જ દૂર હતું. જમવાનું તમારે મારે ઘેર જ હોય ને, એવો એનો આગ્રહ એટલો હૃદયથી હતો કે અડધું ભોજન SDM સાથે લઈ અડધું પેટ ખાલી રાખી કાર્યક્રમ પછી અમે એના ઘરે જઈએ છીએ. અદભુત સ્થળે એ ઘર હતું! પણ એથી પણ વિશેષ તો એ પરિવારનો પ્રેમ હતો!! મીઠી મકાઈના મીઠા રોટલા-બે પ્રકારના સ્થાનિક શાકભાજી-અખરોટની ચટણી-ઘરની ગાયનું ઘી(સૌના માટે અલગ-અલગ કાચના બાઉલમાં) અને બીજું ઘણું બધું.જાણે પ્રબલ પ્રેમ કે પાલે પડકર.....

એના પિતા હમણાં જ નિવૃત્ત થયેલા, J&K પોલીસમાં નાના અફસર હતા. વાત કરતાં કહેલું કે ૧૦ પૈસે ભી ઈસ ચાલીસ સાલમેં હરામ કે નહીં લીયે હૈ. ઈસ લીયે હી દેખો હમ સબ આબાદ હૈ! ઉસ દૌર મેં ભી તો જમ્મુ યા શ્રીનગર રહેતા થા, કભી કભી ૧૫-૧૫ દહેશતગર્જ આ જાતે થે લેકિન ગાંવ કે સભી લોગ મિલકર-ડટકર ઉનકા સામના કરતે થે. દેખો મેરે ઘર કે ઈસ ઔર દો ઘર હિંદુઓકે હૈ, મેરે ખેત કી દાંઇ ઔર બાંઇ ઔર હિંદુ હૈ!

'માફ કરના લેકિન હમારા ભલેશા(ભલે લોગોં કા દેશ) આપકા ગુજરાત નહીં હૈ, હમ એક દુસરે સે ઘીરે નહીં હૈ... હમ એક દુસરે સે બને હૈ...'

એક બુજુર્ગે પણ કહ્યાનું યાદ છે કે:'બહાર કી ઝહરીલી હવાએ હમને યહા આને નહીં દી હૈ! ક્યું કી યે ભલેશા-(ભલે લોગોં કા દેશ)હૈ.'

લેખના અંતમાં હું પાંચ વર્ષ પાછળ જાઉં છું.એ દિવસોમાં ત્યાં એક વ્યક્તિનું ખૂન થયેલું ને એ ઘટનાને હિન્દુ-મુસ્લિમનો રંગ આપવાનો પ્રયત્ન થયેલો, એ જોતાં ત્યાંની મસ્જિદના ઈમામ ને NCના મોટા ગજાના નેતાએ રમજાન મહિનાની જુમાની નમાજની તકરીરમાં કહેલું કે: 'કલ જો હમારે યહાં હુઆ હૈ ઉસમેં ન મુસ્લિમ મરા હૈ ન હિન્દુ મરા હૈ. મગર વો એક ઈન્સાન મરા હૈ. ઔર સબ યાદ રખો કિ હમ હમારી ચિનાબ કો જલને ન દેગે...'

મારા દાદાના ફોઈ વહેલી સવારે એક ડોલ પાણીથી ખુલ્લી ચોકડીમાં ન્હાતા ત્યારે ન્હાતા-ન્હાતા બોલતાં: 'ગંગામાં નાહ્યા-ગોદાવરીમાં નાહ્યા-નર્મદામાં નાહ્યા...' આપણે ગંગા-જમના-ચિનાબ-બ્રહ્મપુત્રા-નર્મદા ને કાવેરીના જળથી નહાવાનું છે-જીવવાનું છે એમને માણસના લોહીથી નવડાવવાની નથી.

બુદ્ધમ્ શરણમ ગચ્છામી...

મો. ૯૪૨૬૩૮૮૨૩૪

હે ગોવર્ધનધારી
આજનાં
બાળકૃષ્ણો
પોતાની સ્કૂલ બેગ
ઊંચકી શકે
એટલી કૃપા
તું
એમના પર કરજે!!!

-- રાજેશ પુરોહિત

## ૦૪ ભારતભૂમિની ઊર્જાવાન નારીઃ કલ્દિની રાણી ચેન્નમ્મા

**ટીના દોશી**

એ રાણીએ દરિયાપારના દેશો સાથે તેજાનાના મરીનો વેપાર કરીને પોતાના રાજ્યને સમૃદ્ધ કર્યું હતું, એથી પોર્ટુગીઝો એને રેઈના દ પિમેન્ટા કહેતા. અર્થાત મરીની રાણી !મરીની આ રાણી એટલે કલ્દિની રાણી ચેન્નમ્મા... કર્ણાટકના પશ્ચિમી સાગરકાંઠે કલ્દિમાં આ રાણીએ પચીસ વર્ષ રાજ કરેલું. ૧૬૭૧થી ૧૬૯૬. દરિયાકિનારે આવેલા રાજ્યોની આવક મુખ્યત્વે પોર્ટુગીઝો સાથેના મરીના વેપારથી જ થતી. પણ કલ્દિને પોર્ટુગીઝો સાથેના સંબંધોમાં ઉતારચડાવ આવ્યા કરતો. કલ્દિ મરીના બદલામાં પોર્ટુગીઝો પાસેથી ઘોડા ખરીદતું. પરંતુ સમયાંતરે યુદ્ધની સ્થિતિ પણ ઊભી થતી. તેમાં વિજય ઓછો અને પરાજય વધુ થતો. પશ્ચિમી કિનારે ડચ અને બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની મોઢું ફાડીને ગળી જવા તૈયાર જ હતી. કલ્દિની રાણીનો તેમની સાથે પણ પનારો પડેલો. એણે સૌની સાથે ક્યારેક લડવું પડેલું. રાણી કેટલીયે ઘટનાઓની સાક્ષી હતી. શિવાજી અને મરાઠાઓના ૧૬૫૦ના ઉદયની, બ્રિટિશ અને ડચ આગમનોની, મુંબઈમાં ૧૬૬૮માં બ્રિટિશ સ્થાપના જોઈ, બીજાપુરની આદિલશાહી પર ૧૬૮૬માં મોગલોની ચડાઈની.! આ બધા વચ્ચે એ રાજ્યને વધુ ને વધુ સમૃદ્ધ બનાવવાનો પ્રયાસ કરી રહેલી, પરંતુ એની યશકલગીમાં સોનેરી પીંછું ઉમેરાયું એક જ કારણથી. તે એ કે ચેન્નમ્માએ ઔરંગઝેબની ખફગી વહોરી લઈને પણ શિવાજીના પુત્ર રાજારામને આશ્રય આપેલો!

દખ્ખણની સલ્તનતે તાલિકોટાની લડાઈમાં વિજયનગરને પરાજિત કર્યું, ત્યાર પછી તેના જાગીરદારોએ નાનાં નાનાં સ્વતંત્ર રાજ્યો સ્થાપ્યાં. દરિયાપારના દેશો સાથે મરી અને કાપડનો વેપાર કરીને પોતાનાં રાજ્યોને સમૃદ્ધ કર્યાં. આવું જ એક રાજ્ય હતું કલ્દિ. વિજયનગરના રાજાના જાગીરદાર રહેલા ચાવડા નાયકે ૧૪૯૯માં તેની સ્થાપના કરી અને પોતાનું રજવાડું સ્વતંત્ર જાહેર કર્યું. કાળક્રમે પહેલાં ઇક્કેરી કલ્દિની રાજધાની બની અને પછીથી બિદનુર. કર્ણાટકમાં આ સ્થળ અત્યારે નાગરા કહેવાય છે. રાણી ચેન્નમ્માએ અહીંથી જ રાજ્યનું સૂત્રસંચાલન કર્યું હતું.

કલ્દિની સ્થાપના પછી ચાવડા નાયકો કલ્દિ નાયકો તરીકે ઓળખાવા લાગ્યા. રાજ્યનું લગાતાર વિસ્તરણ કરતા રહ્યા. અઢારમી સદીના આરંભે કલ્દિનો વિસ્તાર કર્ણાટકના ગોવાથી કેરળ સુધીના લાંબા દરિયાકિનારાને આવરી લઈને ૨૬,૦૦૦ ચોરસ કિલોમીટર થઈ ગયો. જોકે રાજ્યની ચડતી જરૂર થઈ રહેલી, પણ અંગત રીતે ચાવડા શાસકોની અધોગતિ જ થયેલી. ૧૬૬૦થી ૧૭૬૦ સુધી થયેલા ચાવડા વંશના ૧૧ રાજાઓમાં માત્ર બે જ રાજાનું કુદરતી મૃત્યુ થયું, નવ રાજાઓને ઝેર દઈને મોતને ઘાટ ઉતારવામાં આવેલા. રાજાના પુત્ર વયના સંબંધી રાજગાદી સંભાળી લેતા અથવા તો કોને રાજા બનાવવા તે નક્કી કરતા. જોકે ચેન્નમ્મા તેના પતિના મૃત્યુ પછી રાજકાજ સંભાળવા લાગી.

ચેન્નમ્માનો પતિ સોમેશ્વર નાયક ૧૬૬૪માં કલ્દિનો રાજા બન્યો. કલ્દિના રામેશ્વર મંદિરમાં યોજાયેલા એક મેળામાં તેની નજર લિંગાયત વેપારી સિદપ્પા શેટ્ટીની યુવાન દીકરી ચેન્નમ્મા પર પડી. સોમેશ્વર ચેન્નમ્માની ખૂબસૂરતીને એકીટશે નિહાળી રહ્યો. મોતી જેવો ઉજ્જવળ વર્ણ, તેજસ્વી ચમકતી આંખો, પહોળું કપાળ, લાંબું ઘાટીલું નાક અને વાંકડિયા વાળ. પહેલી નજરે જ સોમેશ્વર ચેન્નમ્માના પ્રેમમાં પડ્યો. લગ્ન કરવા તૈયાર થયો. ચેન્નમ્મા રાજઘરાનાની ન હોવાથી મંત્રીઓએ ખૂબ વાર્યો, પણ સોમેશ્વરે સહુની ઉપરવટ જઈને ચેન્નમ્મા સાથે લગ્ન કરી લીધાં.

હવે ચેન્નમ્માનું રાજવી શિક્ષણ શરૂ થયું. તાંબા પર સોનાનો ઢોળ ચડવા લાગ્યો. રાજકારણ,વહીવટ, યુદ્ધકળા, અસ્ત્રશસ્ત્ર તથા સંગીત, કળાઓ અને સાહિત્યમાં

જોતજોતામાં તે પારંગત થઈ. થોડા જ સમયમાં તે રાજવહીવટમાં ભાગ લેવા લાગી. કેટલાક દરબારીઓ જેને કથીર કહેતા હતા તે કંચન થઈને નીખરી. શાંત સમુદ્રમાં સરકતા જહાજની જેમ ચેન્નમ્માનું જીવન સરળતાથી ચાલવા લાગ્યું.

પરંતુ, શાંત દરિયામાં ઝંઝાવાત આવે ને નાવડું હાલકડોલક થવા લાગે એમ ચેન્નમ્માની જિંદગીમાં પણ ઓચિંતું તોફાન આવ્યું અને જીવનનૈયા મઝધારમાં ડોલવા લાગી. વાત જાણે એમ હતી કે વિજયનગરના રાજાઓ દશેરાનો તહેવાર ધામધૂમથી ઉજવતા. તેમના પૂર્વ જાગીરદારોએ પણ આ પરંપરા જાળવી રાખી. કલ્દિમાં પણ સમગ્ર પ્રદેશના કલાકારો દશેરાની ઉજવણીમાં ભાગ લેવા આવ્યા. તેમાં જાંબુખાંડીની નૃત્યાંગના કલાવતી પણ તેના ઓરમાન પિતા ભરમે મહુત સાથે આવેલી. સોમેશ્વરનું કલાવતી સાથે તારામૈત્રક રચાયું. સોમેશ્વરે તેને રાજનર્તકીનો દરજ્જો આપ્યો અને ઉપપત્ની બનાવી. કલાવતીના મોહમાં સોમેશ્વર એવો ઘેલો બની ગયો કે તેને ઘેર જ પડ્યોપાથર્યો રહેવા લાગ્યો. કલાવતીએ નશીલા પદાર્થો દ્વારા સોમેશ્વરને પાંગળો બનાવી દીધો. મંત્રીઓએ પણ સોમેશ્વર સાથે મંત્રણા કરવા કલાવતીને ઘેર જવું પડતું. આવા સંજોગોમાં ચેન્નમ્માની જીવનનૈયા ડોલવા લાગી.

પરંતુ નારી ચેન્નમ્મા ન હારી. તે મંત્રીઓની મદદથી રાજકાજ સંભાળવા લાગી. તેના સસરા શિવપ્પા નાયકના સમયનો થિમન્ના નાયક વફાદાર મંત્રીમંડળનો વડો હતો. સોમેશ્વર અને ચેન્નમ્માને કોઈ સંતાન નહોતું. એથી મંત્રીમંડળે મંત્રીના કોઈ પુત્રને રાજગાદીનો વારસ નીમવાની સલાહ ચેન્નમ્માને આપી. પણ ચેન્નમ્માને હતું કે કોઈ ચમત્કાર થશે અને સોમેશ્વર પાછો ફરીને શાસન સંભાળી લેશે. પણ એવું ન થયું. ઊલટું, પાડોશી બીજાપુરના સુલતાને તકનો લાભ ઉઠાવીને કલ્દિ પર આક્રમણ કરવાનું વિચાર્યું. તેણે ચેન્નમ્મા સાથે વાટાઘાટ કરવા જાનોપંત નામના દૂતને મોકલ્યો. પાછળ બીજાપુરની સેના. ચેન્નમ્માએ હુમલો ખાળવા જાનોપંતને ત્રણ લાખ રૂપિયા આપ્યા, પણ જાનોપંતે એ રકમ ભરમે મહુતને આપીને સોમેશ્વરને ઝેર દઈને મોતને હવાલે કરવા ખરીદી લીધો. સોમેશ્વર મરણને શરણ થયો. દરમિયાન બીજાપુરની સેના કલ્દિને દરવાજે ટકોરા મારવા લાગી. વિશાળ સૈન્ય જોઈને ચેન્નમ્મા પોતાની ફોજ અને ખજાના સાથે ગુપ્તપણે મહેલમાંથી નીકળીને કલ્દિના અંતરિયાળ જંગલમાં આવેલા ભુવનગિરિ કિલ્લામાં પહોંચી ગઈ. થિમન્ના નાયક પણ રાણી સાથે જોડાયો. દરમિયાન કલ્દિ પર બીજાપુરનો અધિકાર સ્થપાઈ ગયેલો. રાણી અને થિમન્ના નાયકે મળીને સૈન્ય ઊભું કર્યું અને બીજાપુરના લશ્કર પર હુમલો કર્યો. બીજાપુરના સુલતાનને હરાવ્યો. રાજધાની બિદનુર પાછી ફરી. રાણીએ જાનોપંત અને ભરમે મહુતને ફાંસીએ લટકાવી દીધા. આ નિર્ણાયક પગલાને લીધે ૧૬૭૧માં ચેન્નમ્મા સાચા અર્થમાં કલ્દિનો રાજમુગટ ધારણ કરેલી રાણી બની.

હવે ચેન્નમ્માએ પોતાના એક સંબંધી મારકપ્પા શેટ્ટીના ત્રણ વર્ષના દીકરા બસવપ્પાને દત્તક લીધો. પોતે કે પોતાનો પુત્ર રાજા થવાની લાયકાત ધરાવે છે એવું માનતા ઘણાને આ ન ગમ્યું. તેઓ પોતાનો દાવો રજૂ કરવા લાગ્યા. કેટલાકે, જે વેપારીની દીકરી છે અને રાજવી રક્તનું એક ટીપું પણ જેના લોહીમાં નથી, એવી સ્ત્રી કઈ રીતે પુરુષો પર રાજ કરી શકે; એ મુદ્દે પાડોશી રાજાઓને ઉશ્કેર્યા. આવા વાતાવરણમાં અંધક વેંકટ નાયકના દાવાની તરફેણ કરીને મૈસૂરના રાજા ચિક્કાદેવરાયે કલ્દિ પર હુમલો કર્યો. મૈસૂર અને કલ્દિ વચ્ચે કેટલીક લડાઈઓ થઈ. પણ પરિણામ એ આવ્યું કે ચિક્કાદેવરાય અને ચેન્નમ્મા વચ્ચે મૈત્રી સંધિ થઈ. વાસ્તવમાં, કલ્દિ પાડોશી રાજ્યો સાથે તટસ્થતાની નીતિ અખત્યાર કરીને અને પોર્ટુગીઝો સાથેના વેપાર થકી રાજ્યને સમૃદ્ધ બનાવીને જ સ્વરક્ષણ કરી શકેલું.

રાણી ચેન્નમ્મા દીર્ઘદ્રષ્ટા હતી. એથી ૧૬૭૫માં મરાઠા રાજા શિવાજી સાથે સંધિ કરી. શિવાજીએ રાણીને પોર્ટુગીઝો અને આદિલશાહી સામે સુરક્ષાની ખાતરી આપી. દખ્ખણના પ્રદેશ પર પાંત્રીસ વર્ષ સુધી આધિપત્ય જમાવનાર શિવાજી પાંચ વર્ષ પછી ૧૬૮૦માં મૃત્યુ પામ્યા. ઔરંગઝેબ તરત જ દખ્ખણ જીતવા નીકળ્યો. મોગલો

અકબરના સમયથી દખ્ખણ જીતવા માંગતા હતા, ઔરંગઝેબ એમાં સફળ થયો. એણે ૧૬૮૬માં બીજાપુર જીત્યું અને ૧૬૮૭માં ગોલકોંડા. પછી મરાઠાઓ તરફ વળ્યો. ૧૬૮૯માં શિવાજીના પુત્ર સંભાજીને પકડ્યો અને ક્રૂરતાથી રહેંસી નાખ્યો. એક પછી એક મરાઠાઓના કિલ્લાઓ સર કર્યા. દરમિયાન શિવાજીનો ૧૯ વર્ષનો પુત્ર રાજારામ રાજા બન્યો. તેણે અંતરિયાળ દક્ષિણમાં આવેલા, ભારતના સૌથી દુર્ગમ અને અભેદ્ય ગણાતા જિંજીના કિલ્લે જવાનું નક્કી કર્યું. પણ એ માટે મોગલ વિસ્તારમાં થઈને હજારો કિલોમીટરની સફર કરવી પડે તેમ હતું. એથી રાજારામ અને તેના કેટલાક સાથીઓએ લિંગાયત યાત્રાળુઓનો વેશ લીધો અને દક્ષિણમાં ચાલી નીકળ્યા. રસ્તામાં કલ્દિ આવ્યું. રાજારામ રોકાયો.

એ રાણી ચેન્નમ્માનો દાનદક્ષિણા દેવાનો સમય હતો. રાણીનો દૈનિક ક્રમ આવો હતોઃ સવારે સ્નાન, પ્રાર્થના અને નાસ્તા પછી દરબારમાં જઈને લોકોની ફરિયાદ સાંભળવી, બસવપ્પાની તાલીમ અને શિક્ષણ, બસવપ્પાની હાજરીમાં મંત્રીમંડળ સાથે રાજ્યના મુદ્દાઓની ચર્ચાવિચારણા, બપોરની પ્રાર્થના પછી પૂજારી અને ભિક્ષુકોને દાન.

જે કર ઉજ્જવળ દાનની વહેતી ગંગા ધાર,
તે કરને વંદન કરે હર કોઈ વાર હજાર

રાજારામ કલ્દિમાં આવ્યો ત્યારે રાણીની દાનસરવાણી વહેતી હતી. રાજારામે પોતાને શરણ આપવાની વિનંતી ચેન્નમ્માને કરી. પોતાના મંત્રીમંડળની અનિચ્છાએ પણ રાણીએ વિનંતીનો સહર્ષ સ્વીકાર કર્યો. ઔરંગઝેબનો ખોફ વહોરવો પડશે એવા ભય છતાં તેણે રાજારામને શરણ આપ્યું. અભયદાન આપ્યું. લાલચોળ અગ્નિમાં તપીને ચેન્નમ્મા નામનું સોનું ઝગારા મારવા લાગ્યું. પોતાના રાજ્યની સલામતી જોખમમાં મૂકીને રાજારામને જિંજી જવા માટે સુરક્ષિત માર્ગની વ્યવસ્થા કરી દીધી. રાજારામ સહીસલામત જિંજી પહોંચી ગયો.

દરમિયાન, ઔરંગઝેબને ખબર પડી કે રાજારામ કલ્દિમાં છે, એટલે તેણે કીમતી ભેટસોગાદો સાથે રાણીને પત્ર પાઠવ્યોઃ 'રાજારામને અમારે હવાલે કરી દો. અન્યથા મોગલોનો સામનો કરવા તૈયાર રહો.' કૂટનીતિમાં માહિર ચેન્નમ્માએ ચતુરાઈથી જવાબ વાળ્યોઃ 'રાજારામ કલ્દિમાં નથી. જોકે તે અહીંથી પસાર જરૂર થયેલો.' ઔરંગઝેબના માનવામાં ન આવ્યું. તેણે જાનિસ્સાર ખાનના નેતૃત્વમાં સૈન્યને કલ્દિ મોકલ્યું અને રાજારામને પકડી લાવવા આદેશ આપ્યો. મોગલ સૈન્ય ઘનઘોર જંગલોમાં થઈને બિદનુરને રસ્તે મહામુશ્કેલીથી આગળ વધી રહ્યું હતું. રાણીની સેના તેમના પર સતત ગેરીલા હુમલા કરવા લાગી. જોકે મોગલસેના બિદનુર પહોંચે એ પહેલાં ઔરંગઝેબને સમાચાર મળ્યા કે રાજારામ જિંજી પહોંચી ગયો છે. એટલે એણે એની સેનાને પાછી વાળી લીધી. રાણીએ મોગલસેનાને સન્માન અને કેટલાક સરહદી કિલ્લાઓની ભેટ તથા શાંતિકરાર સાથે વિદાય આપી. ઔરંગઝેબે રાણીને 'મહિલા રીંછ'નું બિરુદ આપ્યું.

આ રીતે પચીસ વર્ષ રાજ કર્યા પછી રાણીએ બસવપ્પાને શાસન સોંપ્યું. પોતે ધર્મમાં પરોવાઈ ગઈ. યાત્રાએ ગઈ. કાશી, રામેશ્વરમ, શ્રીશૈલા અને તિરુપતિના દર્શન કર્યા. વિદ્વાનો માટે અગ્રહાર- બન્ને બાજુ ઘર ધરાવતા એક આખા રસ્તાનું નિર્માણ કર્યું. પતિના નામે તેનું સોમશેખરપુરા નામકરણ કર્યું. હુલીકેરેમાં એક કિલ્લાનું નવનિર્માણ કર્યું. બસવપ્પાએ પાછળથી રાણીના સ્મરણમાં આ કિલ્લાને ચેન્નાગિરિ નામ આપ્યું.

અંતિમ ક્ષણોમાં ચેન્નમ્માએ બસવપ્પાને ઉપદેશ આપતાં કહ્યું, 'વચન પથ્થરની લકીર જેવું હોવું જોઈએ. એકવાર બોલ્યા પછી કદાપિ ફરી ન જવું. પ્રજામાં ક્યારેય ભેદભાવ ન કરવો. સારા કામ કરવા. શરણે આવે એનું રક્ષણ જરૂર કરવું. જાત પર નિયંત્રણ રાખવું. સંકટના સમયમાં ધૈર્ય અને સાહસ ન ખોવું. કોઈ તક ચૂકવી નહીં. જીવન એક સ્વપ્ન છે એમ સમજવું. હસવું, પણ એવી રીતે નહીં કે ખુદ હાસ્યાસ્પદ બની જાવ. બોલ એવા હોવા જોઈએ જાણે મોતીની માળા!''

આજે પણ આ બોધ એટલો જ પ્રસ્તુત છે ને?

મોબાઈલઃ ૯૮૯૮૦૭૦૨૦૫

## ૦૫ કથા આશા અને વિકાસની : નાની કિરણ

**બિંદુ-પાર્થેશ**

---

સાંજનો સમય હતો.આશા શાળાએથી પોતાના ઘર તરફ જઈ રહી હતી. બોકડો વધેરવાનાં પ્રાયશ્ચિતમાં ચાર ચાર દિવસના ઉપવાસ કર્યા હતા. હોજરી સંકોચાઈને કોકડું વળી ગઈ હતી. પરંતુ, તેણે કે વિકાસે કામ કરવામાં ઓટ નહોતી આવવાં દીધી. ચાલતાં ચાલતાં એ વિચારતી હતી કે, ચાર ચાર દિવસથી ઘરમાં ચૂલો સળગ્યો નથી. તેથી કેટલાં બધાં કામો ઘટી ગયાં છે ! પેટની આગ જિંદગીનો એટલો બધો સમય રોકી લે છે તે આજે સમજાયું. આજે સાંજે ઉપવાસ પૂરા થવાના હતા. શું રાંધવું તે અંગે વિચારતી વિચારતી તે ઘર તરફ કદમ માંડી રહી હતી.

માથે ભારો લઈને જતી એક સ્ત્રીનો સંગાથ થયો. વાતચીત ચાલુ થતા વિચારવાનો દોર અટક્યો. વાત વાતમાં સ્ત્રી બોલી કે, 'આપણી કિરણ અને નીતાના લગ્ન થોડા દિવસમાં જ છે.'

આ ગામમાં જ્યારથી નોકરી શરૂ કરી ત્યારથી આશા અને વિકાસ બહુ આઘાત પામ્યા હતા. આજે વળી એક ઘાત થયો.

કિરણ છઠ્ઠા ધોરણમાં ભણે. નાનપણથી તરવરાટ વાળી.બોલકી, મસ્તીખોર મજાની કિરણ. તેના લગ્ન થવાના છે !

૧૧ વર્ષ પણ પુરા નથી થયા તે કિરણ પરણવાની છે!થોડા દિવસ પછી તેની સેંથીમાં સિંદૂર અને ગળામાં મંગળસૂત્ર હશે !

તેનો પતિ કદાચ સાતમું કે દસમું ભણેલો હશે.લગ્ન પછી કિરણની સાસુ તેને ભણતી ઉઠાડી લેશે તો?આશાના પગમાં જાણે બ્રેક લાગી. કિરણ હવે ભણી નહીં શકે. મારે તો તેને ભણાવી ગણાવીને નોકરી કરતી કરવી હતી. તેની માતાને મેં સમજાવેલું કે, 'કિરણને હમણાં પરણાવતા નહીં. આપણે તેને ભણાવીશુ.'

કિરણે પણ મને કશું કહ્યું નહીં ! મારે તેની માતા સાથે વાત કરવી પડશે. ઘરે થેલો મૂકી તે સીધી જ કિરણના ઘરે પહોંચી.

કિરણ મામલો સમજી ઘરમાં ભરાઈ ગઈ. માતા લજ્જા સાથે ત્યાં જ બેઠી રહી.

આશા ક્રોધમાં ધ્રુજી રહી હતી. ગુસ્સો કાબુમાં કરવાની કોશિશ કરતા તેણે પૂછ્યું, 'તમે કિરણના લગ્ન કરવાનાં છો?'

કિરણની માતાએ નીચાં મોઢે લજ્જા છુપાવવાં જરાક હસીને 'હા' કહી. આશાએ કારણ પૂછ્યું.

માતાએ કહ્યું, 'મોટીનું કરીએ છીએ એટલે સાથે નાનીનું પણ પતી જાઈને !

આશા કહે, 'પછી કિરણને ભણવા તો દેશોને?'

તેની માતા ફિક્કું હસીને બોલી, 'છોડીઓને ભણીને કામય શું છે? ઘર જ સંભાળવાનું છે ને !'

હવે આશાનો મગજ બે કાબુ થયો. સ્ત્રીને જ સ્ત્રીનું મૂલ્ય ન હોય તે બાબત તેની સહનશક્તિ બહારની હતી. તેણે કિરણને ભણાવવાના આગ્રહ રાખતી દલીલો જોર જોરથી કરી. સામે કિરણની માતા તેનાં વ્યવહારું ને ટૂંકાં ખ્યાલો ઠાલવતી રહી.કિરણ વિવશ નજરે આ વાક્ યુદ્ધ નિહાળતી રહી.

ચાર ચાર ઉપવાસ કરેલી આશા તેના માટે ફેફસા દુઃખી જાય તેટલી રાડો પાડી તેના મા બાપને સમજાવી રહી હતી. પરંતુ, મા બાપ પોતાની લાચારી, વ્યવહાર, સમાજ, ગરીબી નામની ઢાલો એક પછી એક સામે ધર્યે જતાં હતાં. ઢાલ ટૂંકી પડે ત્યાં રડવાનું અથવા બબડવાનું ચાલુ હતું.

આશાએ ધમકી આપી કે આ લગ્ન ન થવાં જોઈએ. મારી ના છતાં જો જાન આવી તો તમને બંનેને અને તમારા વેવાઈ વેવાણને એમ ચારેયને જેલમાં નાખીશ.કિરણના

બાપે સામી ધમકી આપી. કહે કે, ' હું ફલાણા પી.એસ.આઇને બોલાવી લાવીશ. પછી તમે લગ્ન નહીં રોકી શકો.

આશાએ જાણે ત્રાડ પાડી. કારણ કે પોલીસ ખાતામાં ઓળખાણ તો તેની પાસે પણ ઓછી નહોતી.

સાંજ ઢળતી જતી હતી.

ઝઘડો જામતો જતો હતો.

ગામ આખું આ તમાશો જોવાં ભેગું થયું હતું.

તેઓ વચ્ચે ટાપશી પૂરી બળતામાં ઘી હોમતાં હતાં.

અંતે આશાએ કહ્યું કે, 'તમે નીતાનાં એકલીનાં લગ્ન કરો. કિરણને રહેવા દો. તેના લગ્નનો ખર્ચ હું મારા જીપીએફના પૈસામાંથી કરીશ.'

આટલું કહી તે ઘરે ગઈ. હવે તેને રસોઈ બનાવવામાં રસ ન હતો. કમને તે રાંધી રહી હતી.

કિરણની માસી તે ગામમાં જ રહેતી હતી. તે આશાને સમજાવવાં આવી. ફરી આશાનું મગજ તપ્યું. તેના ગુસ્સા ભર્યા વાક્યો રાતની શાંતિમાં આ નાનાશાં ગામમાં પડઘાઈ રહ્યા હતાં.કિરણનાં લગ્ન બાબતે આખા ગામનું વાતાવરણ તંગ થઈ ગયું.

કિરણ પાસે રડવાં સિવાય કશું બચ્યું ન હતું. દીકરી હોવાની લાચારી તેને કશું કરવાની છૂટ આપે તેમ ન હતી. રાત્રે વિકાસ ઘરે આવ્યો. બધી વાત જાણ્યા પછી તેણે આશાને સમજાવી કે, 'બદલાવ એ ધીમી પ્રક્રિયા છે. એમ એક ઝાટકે બદલાવ ન આવે. તમારે થોડું નમતું જોખવું પડે.'

આ સાંભળી આશા વિકાસ પર પણ વિફરી. બોલી, 'આમાં તમે સાથ નહીં આપો તો કંઈ નહીં. હું એકલી લડી લઈશ. બદલાવ એ ધીમી પ્રક્રિયા છે - વાર લાગે તે સમજ્યા. પણ તેમાં કિરણની જિંદગી હોમાઈ જાય તેનું શું? કિરણનો શું વાંક!'

રાત્રે કિરણના માતા-પિતા આશાનાં ઘરે આવ્યાં.વિકાસ પાસે બેસી તેમની લાચારીની વાત કરી.તેમની મોટી ચિંતા એ હતી કે આપણી દીકરી મોટી થઈ રહી છે. જો તે પરણેલી હોય અને સાસરે આવતી જતી હોય તો તેનાથી યુવાનીમાં કંઈક ભૂલ કરે તો પણ આપણે ચિંતા નહીં.મા બાપનાં કહેવાનો મતલબ વિકાસ સમજતો હતો. કોઈપણ વ્યક્તિ શું કહે છે તેની સાથે સાથે જે નથી કહ્યું તે પણ સમજી જતો.દીકરી સાસરે આવતી જતી હોય તો ગર્ભવતી ગમે તેનાથી થાય પણ ગર્ભ તેના પતિથી રહ્યો છે તેવું સમાજ માની લેતો.

આશા અને વિકાસે સમજાવ્યું કે, 'આપણી કિરણ એવી છે જ નહીં કે તે એવી કોઈ ભૂલ કરે.'

આ દલીલથી તેના વાલી આશ્વસ્થ ન થઈ શક્યા.

ખર્ચની ચિંતા, સમાજની ચિંતા, આબરૂની ચિંતા..... આ ચિંતાઓમાં કિરણના ઉજળા ભવિષ્યની ચિંતા ક્યાંય હતી નહીં.

છેલ્લે કહે કે, 'તમે લગ્ન નહીં થવા દો તો અમારે ગામ મૂકીને જતા રહેવું પડશે.'

દલીલો દરમિયાન રડવાનું તો ચાલુ જ હતું.

વિકાસ બાળલગ્ન અંગેની આખી પરિસ્થિતિને ખૂબ સારી રીતે સમજી શક્યો હતો.

તેણે જોયું હતું કે જે જે ઘરે લગ્ન થયા તે સમયે તે પરિવારની જમીન ગીરવે મુકાઈ હતી. જમીન વગરનાં એ લાચારો પોતાની જ જમીન પર મજૂરી કરતાં. ટૂંકી કમાણીમાં પૈસો ક્યારેય ભેગો થતો નહીં. જિંદગીભર પોતાની જમીન છોડાવી ન શકતા. પરિણામે ગરીબ વધારે ગરીબ બનતો જતો હતો. જાણે શરદબાબુની નવલકથા અહીં જીવંત બની ગઈ હતી.વિકાસે બધી બાબતો ધ્યાનમાં રાખી કેટલીક શરતે લગ્નની મંજૂરી આપી.

૧.લગ્ન માટે જમીન ગીરવે મૂકવી નહીં.

૨.લગ્ન પછી પણ કિરણને ભણાવવી.

૩.કિરણ મોટી થાય ત્યાં સુધી તેને સાસરે મોકલવી નહીં.

મા બાપે શરતો મંજૂર રાખી.આશાને આ શરતે પણ કિરણને પરણાવી મંજૂર ન હતી. પણ વિકાસની સમજણ સામે તેણે નમતું જોખ્યું.નાનીશી કિરણ લગ્ન બંધનમાં બંધાઈ ગઈ.આશા અને વિકાસનાં આ ગામમાં રહેવાં આવ્યાં પછી આ પહેલાં બાળલગ્ન થયાં.બાળ લગ્ન અટકાવવાની આ શરૂઆત હતી.લગ્ન માટે મૂકેલી શરતો પાળી પણ ખરી. મા બાપે કિરણને નવમાં ધોરણ સુધી ભણાવી.વારે તહેવારે

સાસરી વાળા તેડવા આવે તો કિરણ એ જ ગામમાં રહેતી તેની ફોઈના ઘરે રહેતી.

(કિરણના એ લગ્ન તૂટી ગયા. એ કારણે ઘરમાં કંકાસ રહેતો. અંતે કિરણ નજીકના ગામના એક પરણિત પુરુષ સાથે ક્યાંક જતી રહી. આ લખાઈ રહ્યું છે ત્યારે કિરણ ક્યાં છે તેનો ચોક્કસ કોઈ ખ્યાલ નથી. )

ક્રમશઃ

મો.૯૪૨૮૦૦૦૫૪૧

**પ્રેમ અમૃત છે.**

'પ્રેમ પરમાત્માથી પણ મોટી ચીજ છે. લોકોને તપસ્વી થવું છે, પ્રેમી નથી થવું ! પ્રેમ સ્વયં તપ છે. પ્રેમતત્ત્વ અચલ હોવું જોઈએ. જે આપને પ્રિય હોય એનું સ્મરણ કરવું નથી પડતું, થઈ જાય છે. પ્રેમમારગ છે ક્ષમાનો મારગ. પ્રેમ સહજ હોવો જોઈએ. નિત્ય નિરંતર વધે એ જ પ્રેમ છે. પ્રેમ અમૃત છે. પ્રેમરૂપી અમૃત વ્યકિતને ચિરંજીવી બનાવી શકે છે, સાચો પ્રેમ કયારેય બદલો નહીં લે; કાં તો એ બલિદાન આપશે કાં સામેની વ્યકિતને બદલી નાખશે. પ્રેમ સૂક્ષ્મમાંસૂક્ષ્મ તત્ત્વ છે.આત્માથી મહેસૂસ કરો, એને કોઈ નામ ન આપો. પ્રેમની પૂજાસામગ્રી રાખવી અને આપણી યોગ્યતા પ્રમાણે ઈચ્છા કરવી.

પરમપ્રેમ દ્વૈત મિટાવીને એકત્વ સર્જે છે. પ્રેમથી ત્યાગ આવે છે, ત્યાગથી અનંત શાંતિ આવે છે. રામ રસ પ્રેમ રસ છે. જીવનનો મર્મ પ્રેમ છે. પ્રેમમારગ ન્યાયનો મારગ છે જ નહીં. પ્રેમમારગ છે ભૂલવાનો મારગ. કરુણા વિના પ્રેમ વિધુર છે. પ્રેમની છાયા કરુણા હોવી જોઈએ. પ્રેમ સમસ્ત શુભનો સંગ્રહ છે. પ્રેમ અશુભને શુભ કરી દે છે; પ્રેમ દૂષણને ભૂષણ કરી દે છે; વિષને અમૃત કરી દે છે. જીવનમાં સહજ અને સ્વાભાવિક જીવવું પૂણ્ય છે. પ્રેમ પૂણ્ય છે. નફરત પાપ છે.

- મોરારિબાપુ

**પ્રેમરૂપી અમૃત વ્યકિતને ચિરંજીવી બનાવી શકે છે**

પ્રેમની વક્રગતિનાં પાંચ વિઘ્નો છે, પાંચ અવરોધો છે.પહેલું વિઘ્ન છે કે તમારું કોઈ વ્રત તૂટશે. વ્રતભંગ એ પ્રેમયાત્રાનું પહેલું વિઘ્ન છે. પછી સમાજ આપણા વિશે ગેરસમજ કરવા લાગે, એ બીજું વિઘ્ન છે પ્રેમમાર્ગનું. ત્રીજું વિઘ્ન, વિષય અને ભોગોનું પ્રલોભન આવવા લાગે. ત્યારબાદ પ્રેમગતિમાં દેવતાઓ દ્વારા વિઘ્ન નાખવામાં આવે છે, અને આપણા પરિવારનાં સદસ્ય જ આપણો વિરોધ કરે એ પ્રેમની યાત્રાનો અંતિમ અવરોધ છે, પરંતુ પ્રેમયાત્રામાં આ બધા અવરોધો આવે ત્યારે સમજવું કે ચિત્રકૂટ નજીક આવી રહ્યું છે, હવે રામમિલન દૂર નથી

મીરાંનો પ્રેમ પરમપ્રેમ છે. રાધાનો પ્રેમ પણ પરમપ્રેમ છે. ભરતજીનો પ્રેમ પણ પરમપ્રેમ છે. ગોપીઓનો પ્રેમ પણ પરમપ્રેમ છે. પરમપ્રેમ ભકિતની ઉચ્ચતમ અવસ્થા છે. હું તો એમ કહું કેઃ રાધા-કૃષ્ણની આંખની ઉપરવાળી પલક છે. મીરાં નીચેવાળી પલક છે. વચ્ચે જે કાળો કીકીનો ભાગ છે એ જ કનૈયો છે.

પ્રેમ સમસ્ત શુભનો સંગ્રહ છે. પ્રેમ અશુભને શુભ કરી દે છે; પ્રેમ દૂષણને ભૂષણ કરી દે છે; વિષને અમૃત કરી દે છે. જીવનમાં સહજ અને સ્વાભાવિક જીવવું પૂણ્ય છે. પ્રેમ પૂણ્ય છે. નફરત પાપ છે. પ્રેમ પરમાત્માથી પણ મોટી ચીજ છે. વિશુદ્ધ પ્રેમમાં બોલવાનું બંધ થઈ જાય છે. પ્રેમથી ત્યાગ આવે છે, ત્યાગથી અનંત શાંતિ આવે છે. પ્રેમ જીવન છે.

- મોરારિબાપુ

## ૦૬ લોકભારતીના કર્મઠ કાર્યકર : ગોપાલનના જ્યોતિર્ધરઃ રમણિકભાઈ કાલરિયા

**પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**

૧૯૫૩માં લોકભારતીની સ્થાપના સમયે ઉચ્ચશિક્ષણને પૂરક જે પ્રવૃત્તિઓનો શુભારંભ થયો તે પૈકી એક ગૌશાળાની સ્થાપના. આ ગૌશાળાના બે પ્રમુખ ઉદ્દેશો રહ્યા છે. ૧. મુખ્ય વિષય ગોપાલન, ડેરી સાયન્સ તથા જનરલ વિષય પશુપાલનના વિદ્યાર્થીઓ માટે પ્રત્યક્ષ પ્રયોગશાળા. ૨. પ્રાંગણ પર નિવાસી તમામ વિદ્યાર્થીઓ, કાર્યકર પરિવારને શુદ્ધ દૂધ અને દૂધની પેદાશોનું વિતરણ. આ ધ્યેયને સાકાર કરવા જેમણે આજીવન અદમ્ય પુરુષાર્થ કર્યા છે તે પૈકીના એક રમણિકભાઈ કાલરિયા. લોકભારતીના સ્નાતકનો અભ્યાસ સંપન્ન કરી તુરંત ડિસેમ્બર ૧૯૬૧માં લોકસેવા મહાવિદ્યાલયમાં ગૌશાળા મદદનીશ તરીકે જોડાઈ ગયા. તેમના વ્યકિતત્વની પ્રમુખ વિશેષતાઓનું સ્મરણ કરીએ.

**૧. સૌની સાથે તાદાત્મ્ય :**

ગૌશાળાના મુખ્ય વ્યવસ્થાપક બદલાતા રહ્યા છે. કુમુદભાઈ ઠાકર, કૃષ્ણાલાલ શુકલ, બાબુભાઈ અવરાણી, રતિભાઈ પંડયા, શ્રીધરભાઈ ગજ્જર. પણ ૪૦ વર્ષની સંનિષ્ઠ દીર્ઘકાલીન સેવાઓ દરમિયાન દરેક વિભાગીય વડા સાથે તેમની એકરૂપતા રહી છે. થોડા વર્ષો તેમણે પણ સંચાલનની પ્રમુખ જવાબદારી વહન કરેલી. તેઓ તત્ત્વને વફાદાર હતા એટલે સંસ્થાના સિદ્ધાંતો, નિયમો અનુસાર જ સેવા આપવાની. કયારેક કોઈની ભૂલ થઈ જતી હોય ત્યારે વિનયપૂર્વક ધ્યાન દોરવાનું.

**૨. કર્મઠતા :**

ગૌશાળામાં સવાસોથી દોઢસો જેટલા અબોલ જીવ એટલે અહીંના કામકાજમાં કોઈ નિઃશ્ચિત સમયમર્યાદા નહીં. સવારે ૬:૦૦ વાગે વિદ્યાર્થીઓને નાસ્તામાં દૂધ આપવાનું એટલે દોહનનો આરંભ ૪:૦૦ વાગે થાય. ગોવાળો આવી જાય તે પૂર્વે રમણિકભાઈ હાજર હોય. ગાયના આંચળની પૂરે પૂરી સ્વચ્છતા, વ્યકિતગત ગાયના દૂધનું માપન, નોંધણી, વિતરણ. સમગ્ર પરિસરની સફાઈ. આ જ પ્રક્રિયા સાંજે ૪:૦૦ થી ૮:૦૦. સવાર અને સાંજ ચાર—ચાર કલાક. દરેક કામનું સૂક્ષ્મ નિરીક્ષણ, કાળજી. ૯:૦૦ વાગે આવતા વિદ્યાર્થીઓને પ્રત્યક્ષકાર્યમાં માર્ગદર્શન. વર્ષમાં બે વખત લીલા ઘાસચારાનું ચાફકટરથી કટિંગ કરી સાયલો ટાવરમાં સંગ્રહ થાય ત્યારે તેની બરાબર દેખરેખ. વેકેશનમાં દૂધ વધે તેથી પેંડા, આઈસ્ક્રીમ, ફલેવર્ડ મિલ્ક વગેરે બનાવતા વિદ્યાર્થીઓને શીખવે.

દર વર્ષે ગૌશાળામાં સમગ્ર તાલુકાના પશુઓ માટે એક નિદાન-સારવાર-સર્જરી કેમ્પ યોજાય. ૩૦૦થી વધુ ગાય, બળદ, બકરાં, ઘેટાં વગેરે આવે. નિષ્ણાત પશુ ડૉ. તેમને તપાસે. દવા આપે. ઓપરેશન કરે. વિદ્યાર્થીઓ માટે શિક્ષણનો આ શ્રેષ્ઠ યજ્ઞ. આ સમગ્ર કાર્યક્રમના આયોજન, અમલીકરણમાં રમણિકભાઈની સક્રિય ભૂમિકા. ગૌશાળાની મુલાકાતે અસંખ્ય મુલાકાતીઓ આવે ત્યારે તેમને માહિતી આપવા વિભાગીય વડાની સાથે રહેવાનું. તેમના પત્ની દયાબહેન સણોસરા ગામમાં સંનિષ્ઠ શિક્ષીકા. તેમને સ્કૂટર ઉપર મૂકવા જવાનું હોય તો પણ કામના ભોગે નહીં. ૧૫ વર્ષ સુધી સણોસરા ગામના બિનહરિફ ઉપસરપંચ તરીકે અનેક સેવાઓના સર્જન માટે નિમિત્ત બન્યા.

**૩. કરુણા :**

ગાયોને માતા માને. દરેકના નામ, ગીતા, મીના, હંસાથી વહાલપૂર્વક બોલાવે એટલે ગાય તેમની પાસે આવીને જ ઊભી રહી જાય. કોઈ પશુ બીમાર પડે તો જાતે તાત્કાલીક સારવાર કરી લે. વિશેષ ચિકિત્સા માટે ગામમાંથી વેટર્નરી ડૉ.ને બોલાવી લેવાના. જયાં સુધી પશુ સ્વસ્થ ન થાય ત્યાં સુધી તેમને ચેન પડે નહીં. ગંભીર બીમારી સમયે માનતા રાખે. સાંઢીડા મહાદેવ જાય અને પછી જ પાણી પીએ. વર્ષો પૂર્વે સણોસરા વિસ્તારમાં ભયંકર દુઃષ્કાળની

પરિસ્થિતિ. પાણી માટે ટેન્કર આવે. આ સંજોગોમાં કેટલાક પશુઓને સુરત જિલ્લામાં વાલોડ મુકામે પરિચિત ખેડૂતોના ફાર્મ ઉપર રાખવાનો નિર્ણય થયો. ગોવંશની બરાબર કાળજી લેવાય તે માટે રમણિકભાઈ જાતે ત્યાં ચાર માસ રહ્યા.

ગૌશાળાના પ્રાંગણ પર આઠેક ગોવાળો, સફાઈકર્મી કુટુંબ રહે. તેઓ કાયમી નહીં. છતાં લોકભારતી કાર્યકર સહકારી મંડળીમાં એમને સભ્ય બનાવવા મૌખિક, લેખિત ભલામણ કરે. પગારમાંથી થોડી રકમ બચત પેટે જમા કરાવે. જરૂરિયાત જણાય ત્યારે ધિરાણ અપાવે. આ વ્યવસ્થાને પરિણામે આ શ્રમિકોના કેટલાક સંતાનો લોકભારતીના સ્નાતક, અનુસ્નાતક, બી.એડ્. થઈ શકયા. રમણિકભાઈ તેમના સુખી જીવનનું નિમિત્ત બન્યા.

**૪. નિર્ભયતા :**

ગુજરાત સરકારે ઘાસચારા માટે ૪૦૦ એકર ડુંગરાળ જમીન લીઝ ઉપર આપેલી. જયાં ઘાસ ઉછેર, સંરક્ષણ માટે બે ચોકીદાર પણ અસામાજિક તત્ત્વોને નિયંત્રણમાં રાખવા રમણિકભાઈ ઓચિંતા જાય. પ્રારંભે કોઈ વાહન ત્યાં જઈ શકે નહીં એટલે તેઓ ઘોડેસવારી શીખી ગયા. એક વખત તેમના ઉપર જીવલેણ હૂમલો થયો ત્યારપછી તુરંત તેમણે રિવોલ્વરનું લાયસન્સ મેળવી લીધું.

આસપાસના વિસ્તારના પશુ આવી જાય તો તેઓ તેમને ઓળખી લે. તેમને ઢોરના ડબ્બામાં પૂરી દેવાના પછી તેના માલીકને બોલાવે. બરાબર ઠપકો આપે. સાથે આગ્રહ કરી ચા પણ પાવાની. ક્યારેક ડુંગરમાં ઓચિંતી આગ લાગે. કેમ્પસ પર નિઃશ્ચિત સ્થળે રાખેલા એક ઈમર્જન્સી બેલના ઘંટારવની તેઓ વ્યવસ્થા કરે. દિવસ હોય કે રાત સમગ્ર પરિવારજનો અગ્નિશામક સાધન-સામગ્રી લઈને સ્થળ ઉપર પહોંચી જાય.

**૫. પ્રામાણિકતા :**

સંસ્થાના કામે જવાનું થાય ત્યારે એક રૂપિયો પણ બિનજરૂરી ખર્ચવાનો નહીં. ત્રણ કેળા અને પાણીના બે પાઉચની ખરીદી પેટે જેટલો ખર્ચ થયો હોય તેનું વાઉચર બનાવવાનું. ઘણાં વર્ષો સુધી એમણે વાહન વિભાગના વડા તરીકે જવાબદારી સંભાળેલી. તેમણે સંસ્થાની સંમતિથી નિયમ કરાવેલો કે સંસ્થાગત કામે જતાં કાર્યકર જો સંસ્થાનું વાહન લઈને જાય અને સાથે તેના પરિવારના સભ્યો પણ સામેલ થાય તો દરેક સભ્યે એક્ષપ્રેસ બસનું ભાડું ચૂકવી દેવાનું. મનુભાઈ પંચોળીના સ્વજનો માટે પણ આજ નિયમ. તેમને મનુભાઈ માટે અત્યંત આદરભાવ. કોઈ દાદા વિશે ઘસાતું બોલે તો તેની સાથેના સંબંધો પર પૂર્ણવિરામ.

**૬. વિદ્યાર્થી વત્સલ :**

વિદ્યાર્થીઓ સાથે તેમના આત્મીય સંબંધો અસંખ્ય વિદ્યાર્થીઓ તેમના ઘેર આવે, ચા-નાસ્તો કરે. જરૂરિયાત ધરાવતાઓના લવાજમની વ્યવસ્થા કરી આપે. કોઈ વિદ્યાર્થી સમૂહજીવનના નિયમોનો ગંભીર ભંગ કરે તો તેને ચોક્કસ સમય માટે ઘેર મોકલવાનો નિયમ. આવા સમયે રમણિકભાઈ વાલી તરીકે બાંહેધરી આપે. અને પછી વિદ્યાર્થી સંસ્થામાં રહે ત્યાં સુધી શિસ્તબદ્ધ.

**સમાપન :**

નિવૃત્તિ પછી ભુવનેશ્વરી પીઠ ગોંડલની ગૌશાળાના સલાહકાર તેમજ સમાજસેવી કરસનભાઈ વાછાણી સ્થાપિત અરણિ ગોસદન ભાયાવદરમાં ઉપપ્રમુખ તરીકે લાંબો સમય સેવાઓ પ્રદાન કરેલી. તેમના પત્ની દયાબહેન છેલ્લાં ૩ વર્ષથી સાવ પથારીવશ, તેમની ખડે પગે સેવા કરી. રમણિકભાઈના સુપુત્ર ડૉ.રાજેશભાઈએ પણ લોકભારતીના સિદ્ધાંતો અને પિતાશ્રીના મૂલ્યો આત્મસાત્ કર્યા છે. તેમણે સૌરાષ્ટ્ર યુનિ.ના એકેડેમિક ઓફિસર તેમજ કણસાગરા મહિલા કૉલેજના પ્રાચાર્ય તરીકે નામના મેળવી છે. અત્યારે પણ આ કૉલેજમાં તેઓ માનદ્સેવા આપી રહયા છે.

ગીતાજીમાં એક શ્લોક છે યોગઃ કર્મસુ કૌશલમ્. ક્ષણે ક્ષણ કર્મ કરવાનું છે. કુશળતાપૂર્વક, કર્મને યોગ માનીને, કર્તા-અહંમભાવથી મુકત રહીને. લોકભારતી, સણોસરા અને ચોરવડલા પંથકના લાલ તરીકે વિખ્યાત રમણિકભાઈ જેવા કાર્યકરોએ આ વિભાવનાને મૂર્તિમંત સ્વરૂપ આપ્યું છે તેથી જ લોકભારતી, સ્થાપક ઋષિઓના સમણાને ચરિતાર્થ કરવા માટે શકિતમાન બની છે.

મો. ૯૪૨૬૪૬૧૦૯૦

## ૦૭ જય વસાવડા એક વિશ્વવિદ્યાલય

**ડૉ. દિનુ ચુડાસમા**

---

એક પ્રેમાળ જોડું ગુજરાતના ગોંડળ ગામમાં પ્રેમથી જીવે.એકબીજામાં ઓગળી ગયેલ દંપતિ એમને 'યુગલ' કહી શકો. કળા, સાહિત્ય, વાચન, અધ્યાત્મ,પ્રવાસ, પ્રકૃતિપ્રેમ એમની ભીતર દ્રવે, સહજ જીવનશૈલી. એવા માતાપિતાનું એક સંતાન નામઃ જય. સાત ધોરણ સુધીનું જયનું શિક્ષણ સ્કૂલે ગયા વિના ઘરમાં જ થયું, ભણતરનો ભાર નહીં બસ : વાર્તાલોક, વિસ્મયનું આકાશ, ધૂળિયા રસ્તાઓ, રેતીના ઘર, પતંગિયા, ખિસકોલી, નદી, ઝરણાં,આકાશ-તારામંડળ, ક્ષિતિજ,વૃક્ષો, પ્રાણી, પક્ષીઓનો અદ્‌ભુત વિસ્મયલોક... જયમાં ઓગળ્યો. કંઈક પૂછવું હોય તો જ્ઞાનકોશ જેવા પપ્પા પાસે હોય.આંખનું વિસ્મય પામી મા દીકરાની જિજ્ઞાસા સંતોષે. આકાશમાં અસીમ ઉડાન પ્રસન્નતાથી, સૃષ્ટિના સથવારે, કળાવૈભવ અને મુગ્ધતાની પાંખો સાથે ભરી શકાય એવી અખિલાઈ ચિરંજીવ જયને મળી હતી. કોઈ બાળકને આનાથી વિશેષ બીજો કયો ખજાનો આપી શકાય? ઔર કયા ચાહીએ..જીનેકે લિયે!

જય તા. ૬/૧૦/૨૦૨૩ ના રોજ ૫૦ વર્ષનો થયો, જય હવે વનપ્રવેશ-૫૧ વર્ષમાં પ્રવેશ કરે છે. તેને સરપ્રાઈઝ આપવા જય-ના મામી-મા- ભાવનાબહેને આપણે જેમને વર્ષોથી સાંભળતા આવ્યા તેવા જય સમક્ષ આપણી વાત મૂકવાનો અવસર આપ્યો એ વિચાર ખૂબ ગમ્યો...મિત્રની તાસીર અને તસવીર ઝિલવાનો મોકો મળ્યો.

**ગળથૂંથીઃ**

પુસ્તકો અને વાર્તાઓનો ખજાનો જય-ના માતાપિતા પાસે હતો..પિતાના બૃહદવાંચન અને બૌદ્ધિકતાનો વારસો જયને મળ્યો. માતાથી પ્રેમનો પીંડ બંધાયો. ઘરની બારીમાંથી આંગણામાં અને જગતચોકમાંથી જીવનનો આશ્ચર્યલોક આજે પણ જયની આંખમાં અકબંધ. રસદર્શન અને રહસ્યદર્શન પાયામાંથી જ પ્રાપ્ત થયા. બાળકનો ઉછેર કેમ કરવો જોઈએ એનો યુનિવર્સલ અભ્યાસક્રમ જયનો ઉછેર તપાસ કરવામાં આવે તો આપણી યુનિવર્સિટીઓને મળી શકે. માબાપ કેમ બનવું એ પામી શકાય. બાળઉછેર સમજી શકાય. આ ક્ષેત્રે સંશોધનાત્મ કામ થવું જોઈએ જય જેવા માણસો કેમ સર્જાય એમાં વાલી પોષક કેમ બની શકે? આ બધી જીવંત અનુભૂતિઓ જીવનરસથી લથબથ છે. ભવિષ્યમાં જય પોતાની આત્મકથા લખશે તો એક માણસની માણસ બનવાની પ્રક્રિયા કેવી હોય એનો દસ્તાવેજ મળશે. જીવનની અગ્નિપરીક્ષામાંથી અખંડાનંદ સાથે કેમ પાર થવાય? કેવો પરિશ્રમ કરવો પડે? નિંભાડામાં પાકવું પડે, થાકયા વિના કાર્યરત રહેવાનું.આપેલ કમિટમેન્ટ વિપરિત સંજોગોમાં પણ પૂરા કરવા જાત બાળવી પડે એ વ્યથાકથા ઘણાને પ્રેરક બનશે. જે જાણશે એ માણશે. જય માણવાનો માણસ છે. એ મરજીવો બની છલાંગ મારી શકે છે.

જીવાતા જીવનનો જીવંત ધબકાર એના વાણી, વર્તન વ્યવહારમાં છે. જય પાસે આજે વિશાળ ફેનકલબ છે. એ વિચારશીલ, ક્રિયેટિવક્રેઝી યુવાજગતનું હાર્ટ છે. જયકલબમાં વિશ્વનો સમજદાર વર્ગ સામેલ થવા ઉત્સુક ઉત્સુક હોય છે. મને જયમાં સ્કોલર્સ દેખાય છે કે જેને જ્ઞાનની,સંવેદનાની તરસ છે. એ માટે એ તપસ્વી જેવું જીવન જીવે-આ તપ વિદ્યાનું,તેજ અને અજવાળાનું છે.

મોજીલાં માણસ જય વસાવડા નામ પ્રમાણે ગુણ, અટકની ઓળખ એનો વિવેક, નાગર-નાગરિકપણું એમની નસેનસમાં વહે. જયના પગ પરિભ્રમણ તરફ, મસ્તક વૈચારિક, હૃદય જીવનપ્રેમી,હાથ સર્જનશીલ, મૂલ્યરસિત

આચારનું આભિજાત્ય, રસયુકત વિદ્યાવૃત્તિ જાણે આખેઆખો જય તાજગીથી છલોછલ,નિર્ભાર. માણસાઈથી સભર. આપણે ગૌરવ લઈ શકીએ એવો ગુજરાતી જે કેવળ ગુજરાતી નથી.કવિ ઉમાશંકરની પંકિત જાણે કે જીવેઃ

વ્યકિત મટી બનું વિશ્વમાનવી,

માથે ઘરું ધૂળ વસુન્ધરાની

જયનું લેખન,એમનું અતુલિત વાક્‌પ્રભુત્વ, અભિવ્યકિતની અર્થવ્યંજક મુદ્રાઓ ભાવકને ઝકડી-પકડી રાખે છે. જીવનવિહારમાંથી લેખનવિચાર ઉજાગર પામી શબ્દસ્થ થતો શ્રોતાને અનુભવાય.

આજે આપણો જય બહોળી-આટલી ઊંચાઈએ હોવા છતાં આપણી સાથે ચાલે, નીચે બેસી જાય, નાસ્તો કરે, કરાવે, મજાની વાતો કરે જાણે કે જિંદગીની ક્ષણેક્ષણને જીવવાની એની જાગૃતિ છે. આ પળની સભાનતા એને સ્ટેટસથી પર રાખી નેગેટિવ કરતી નથી! આંખમાં ભેજ રાખે, માણસ તરીકે એની દોડ બસ આટલી જઃ

હું સાંકડી ગલીમાં રસ્તા કરી જવાનો,

માણસ સુધી જવાનો આગળ નથી જવાનો.

(કવિ ગૌરાંગ ઠાકર)

આજે બીજાને પ્રસિદ્ધ અને સિદ્ધિઓની આગળ જતો દેખાતો જય નામનો માણસ આખરે તો મહેનતું, શ્રમિક જ છે. જયોર્જ બનાર્ડ શોને પત્રકારે પૂછયુંઃ 'તમારી સફળતાનું રહસ્ય શું છે?'

બનાર્ડ શોઃ 'હું નાનો હતો ત્યારે મારા દસ કામમાંથી નવ કામ નિષ્ફળ નીવડતાં. પણ મારે નિષ્ફળ નીવડવું નહોતું એટલે મેં દસ ગણું વધારે કામ કરવા માંડયું.'

જય જીવનપ્રેમી છે. મૈત્રી એની નસેનસમાં વહે. પોતાની PLANETJV ચેનલ પર એ વિવિધક્ષેત્રની પ્રતિભાઓને આવકારી મંચ આપે છે. હવે એ કિંગમેકર પણ બનતો જાય છે. એનો પુરુષાર્થ સફળતા કે નિષ્ફળતા માટે નથી. બીજાને કાંઈક દેખાડી દેવાનું પણ શૂન્ય. વિસામો અને કફનને એ સમીપથી પરિચિત છે. એ એનો ગેરુઓ રંગ છે. આમ તો એમની પાસે ભાતભાતના અનેક રંગોના શર્ટ, ટીશર્ટ છે.પણ એને ગમે છે જીવનરંગ. જીવતર નામની પાઠશાળામાંથી એ બધું પામતો રહે. માટે જય નિત્યનૂતન રહે છે. એ બીજાથી સાવ નિરાળો અને અલગારી છે એ પાકું! તમને કહું જય કેવો માણસ છે ? લ્યો લિજેન્ડરી લિયોનાર્દ-દ વિન્ચી મને જવાબ આપે છેઃ

વિન્ચીને એક માણસે પૂછયુંઃ 'કેટલા વર્ગના લોકો હોય છે ? '

લિયોનાર્દ દ વિન્ચીઃ 'લોકોના ત્રણ વર્ગો હોય છે. એક વર્ગના લોકો કશું જોતા નથી, બીજા વર્ગના લોકો જયારે દેખાડવામાં આવે ત્યારે જુએ છે,અને ત્રીજા વર્ગના લોકો પોતાની જાતે જુએ છે.' આ અંતિમ વર્ગના લોકોમાં આવે છે જય. આ કોઈ એની આત્મસ્થાપના કે આપવડાઈ નથી,એની તો એને જરાય જરૂર પણ નથી.

જય ના ૫૦ વર્ષ 'તું' માંથી 'તમે' તરફ આગળ વધતો જય એમના વૈશ્વિક પરિવાર માટે જય જ રહેશે, કારણ હસમુખ જય. ગતવર્ષો એનો સાધનાકાળ હતો, અહર્નિશ શીખવાની ધગશ સાથે જીવનનિસ્બત એકરૂપ હતી. જે સમયસરિતાના નીર વહી ગયાં એ ગત-નિર્ઝરણીએ આપણા સમાજને કેવા જળથી સિંચ્યું એની વાત આપણે જય-ના સ્વભાવની લાક્ષણિકતાઓ સાથે જાણવી માણવી છે. જય વિશ્વવિદ્યાલય એમ જયારે કહું છું તો એના પાયામાં જઈએઃ જય નામની યુનિવર્સિટી આજે નાનાવિધ ક્ષેત્રમાં વૈશ્વિક અનમોલ પ્રદાન કરી રહી છે. આ યુનિવર્સિટીના પાયામાં છેઃ સર્જનનીક્ષણ,વિસ્મયની પાંખ, અતાગનો તાગ, નૂતનલોકની વાતો, વિચાર,ગોષ્ઠિ, સર્જન, કળાજગત, અધ્યાત્મદર્શન, અડગપણું, પરિભ્રમણનો પ્રસાદ, પોઝિટિવ એનર્જી, ડિઝિટલ જગત, મૌલિકતા, જગતમાં જે કાંઈ નવું આવે તેનું કળાત્મક અભિગમથી ગમતાંનો ગુલાલ કરી આપવાની પ્રતિબદ્ધતા.

જય વિશ્વવિદ્યાલયની ટેગલાઈન છેઃ 'ઝટ ડહોળી નાખો, મનજળ થંભ ગયેલું.(નર્મદ)

જય યુનિવર્સિટીનું સ્લોગન છેઃ 'માણસથી મોટું કોઈ નથી તીર્થ પ્રેમનું,

હું છું પ્રથમ મુકામ લે,મારાથી કર શરૂ' (ર.પા.)

બહુસંપન્ન સજ્જતા સાથે જય આજે વૈશ્વિક પરિભ્રમણ કરી રહ્યો છે. કેમ તો એનો જવાબ એક બૌદ્ધ સાધકના ગાયન દ્વારા કહું:

'પાણી મેલું કેમ થતું નથી? કારણ કે એ વહે છે.

પાણી સડતું કેમ નથી? કારણ કે એ વહે છે.

પાણી બધાને શીતળ કેમ કરે છે? કેમ કે એ નિર્મળ છે.

પાણીના માર્ગમાં અડચણો કેમ નથી આવતી? કેમ કે એ વહે છે.

પાણીના એક ટીપામાંથી ઝરણું, ઝરણાંમાંથી નદી, નદીમાંથી મહાનદી અને

મહાનદીમાંથી સમુદ્ર કેમ બને છે? કેમ કે એ વહે છે.

આથી, હે મારા જીવ તું રૂંધાઈ ન જા.બંધાઈ ના જા વહેતું રહે, વહેતું રહે...'

જયનું જગતભ્રમણ એક ઈનોવેશન છે. પ્રવાસ પરિક્રમા ત્યારે જ બને જો એમાં જોયું,જીવ્યું,દિવ્ય ભળે. આ યુનિ.નો છાત્ર મુસાફર હશે ને જ્યાં રહી જાય એ સ્થળને 'સરાઈ'(પથિકાલય) સમજે. માણસ જ્યાં એ જેટલો સમય ધબકે-જીવે એમાં જીવન ઉમેરાય તો દર્શન અને સર્જનનો ઉઘાડ થાય...જયમાં થયો.

જયનું વાચન ખૂબ બૃહદ જાણે કે એ તો વાંચવા,વિચારવા,ફરવા,બોલવા અને પીરસવા જ આપણી વચ્ચે આવ્યો છે. શું આપણી થાળીમાં આપણી તૃપ્તિ માટે જય નામની પાઠશાળા પ્રેમથી, તપથી પીરસે છે?

એ તો જગતના સ્વાદની થાળી, વાનગીઓની વાત લઈ આવે છે. અન્ન બ્રહ્મ,પેટ મંદિર, સ્વાદ પૂજા,પ્રસાદી લેવી વિવેકસહ..'ખાતા રહે મેરા દિલ' પણ કેટલું ખાવું એનો વિવેક આ નાગરને છે.

જય જેટલો સ્વાદનો શોખીન એથીયે વિશેષ પુસ્તકપ્રેમી. પુસ્તકો એના માટે શ્વાસનો પર્યાય એને વારસો જ મળ્યો ગ્રંથનો. નવું વાંચવાનો, જાણવાનો, માણવાનો,આપવાનો.જગતનું સાહિત્ય વાંચે, વાર્તાથી લઈ વિજ્ઞાન,મેડીકલ સાયન્સના અદ્યતન પ્રવાહોથી વાકેફ, વાંચન, ચિંતનના,સર્જનના મૌલિક વહેણોનો જાણભેદુ-ચોપડીઓના મેળામાં ચોપડી બની જાય, પુસ્તક કે ગ્રંથો પણ એને જોઈને રાજીના રેડ થઈ જતા હશે!! પુસ્તકને ચાવીને પચાવે..ચોપડીનો કીડો નહીં મરજીવો.

સારું હોય તે જીવે..ઘણું જાણે પણ કોરો પંડિત નહીં..એની ચોપાસ હાસ્યના પડખા પડે. શબ્દ દબાય નહીં આનંદથી અંકુર પામે. ગમતું હોય એનો ઉત્સાહથી ગુલાલ કરે,બે હાથે નાચતા વેરે..પ્રસાર કરે. મંચને પોતાના પ્રભાવમાં લે, શ્રોતાઓ ઉપર જાદુ કરી દે, એને સાંભળવા લોકો ખૂબ ઉત્સુક. ડિઝિટલી. જ્ઞાન-વિજ્ઞાન, આનંદપૂર્વક ખૂબ શ્રમથી તૈયાર કરેલા વ્યાખ્યાનોમાંથી કોઈપણ માણસ રોજ એક કલાકનું એક વ્યાખ્યાન સાંભળે તો એની જીવનયાત્રાને બળ મળે...તે જય વિશ્વવિદ્યાલયના શિક્ષણથી વિભૂષિત થાય.

વ્યાખ્યાનોની એક અદ્‌ભુત શ્રૃંખલા એનું અનોખું પ્રદાન બની રહેશે.આપણી એ મૂડી હશે. આવતા સમયે આપણે જય-સમયમાં હતા એનું ગૌરવ થશે. કોઈ એક માણસનું સમાજને પ્રદાન શું હોય ? આવું હોય મારા ભાઈ? હોય જ- જય હો.

શું હોય આ સઘળાં વકતવ્યમાં? કહું એમાંથી મળે વૈશ્વિક વિજ્ઞાનિકોની શોધનું તપ, દુનિયાને ચેન્જ કરનારા સંશોધનનો,ગ્રેટ સર્જનો કેમ સર્જાય તેની વાતોનો દરિયો. મહાન શોધની વિશિષ્ટ વાતો. વૈશ્વિક તત્ત્વજ્ઞાનીઓના તત્ત્વજ્ઞાનનો સાર, અધ્યાત્મને પચાવીને સહજ જીવતાં અવધૂતોની ભીતરી સરવાણીના રહસ્યો. સાહિત્યસર્જકો, લલિતકળાના સર્જકોની કળાધ્વનિઓનો ઉઘાડ, સર્જનનો ફાલ કેમ લેવાય એની વિસ્મયકારી વાતો..કલાકારોનું તપ,શ્રમ,વિશ્રામ. જય વિશ્વવિદ્યાલયના સિલેબસમાં જગતના ઉદ્યોગ માંધાતાઓની પુરુષાર્થગાથા વણી લેવામાં આવે છે. એક કલાકમાં તો એક હજાર પાનાની વિગતે વાત

આપણે સાંભળી શકીએ એટલું ફાસ્ટ એડિટિંગ જય કરે. બધી જ વાતો સ્મરણમાં રાખી બોલે એકાદ ચિઠ્ઠી પણ ટેબલ કે ગજવામાં નહીં. વકતવ્ય દરમિયાન શ્રોતાને કંટાળો ના આવે કારણ કે જય પાસે પોષક સામગ્રી ખૂબ હોય.એ ફિલ્મો જોવાનો રહુડિયો. સિનેમા જગતની-વિશ્વના સિનેમાની વાતોનો અણખૂટ ખજાનો એટલે જય. વિષયને સાનુકૂળ-રસ આપે તેવા સંદર્ભોની ખૂબ મોટી રેન્જ એની પાસે લાઈનમાં ઊભી હોય...ધક્કામુક્કી કરે વ્યકત થવા.

અભ્યાસ,સ્વાધ્યાયનો દરિયો. વાતો કહેતો જાય અને ખડખડાટ હાસ્યના ફૂવારા પણ ઉડાડે. ભીંજવી દે. જયના જીવવાનો મંત્ર છેઃ 'ખડખડાટ અને ઘસઘસાટ' ખડખડાટ હસવું,હસાવવું અને ઘસઘસાટ ઊંઘવું.

આવનારા સમયમાં જય નામનું વિશ્વવિદ્યાલય દુનિયામાં અધિક લોકાભિમુખ બનશે. એમાં ભારતીય સંસ્કૃતિ, ભારતીયદર્શન,માનવમૂલ્યો,કળાસર્જન, અધ્યાત્મરહસ્ય, જીવનનો ઉઘાડ અખિલાઈપૂર્વક અભિવ્યકત થશે.

૫૧ વર્ષનો જય હવે આપણને સારસ્વતપ્રસાદી આપશે. ઉંમરનો પડાવ તો માત્ર પડાવ રહેશે એ તો એના ઈનોવેશનમાં આગળ ધપી જવાનો..જય વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ ફી છેઃ પ્રેમાળ હૃદય અને વિચારશીલ બુદ્ધિ, આંખોમાં વિસ્મય...નવેય રસોમાં રસ.

આજીવન વિદ્યાર્થી હોવું એટલે જય હોવું...

નિત્ય પ્રવાસી જયની ઐતિહાસિક સફરના સાક્ષી બનવાનો પણ અનેરો આનંદ છે.

(મોબાઇલ-૯૯૭૯૧૮૭૫૮૭)

**કરુણાથી અહિંસાનો જન્મ થાય છે.**

આસકિત વગરનો પ્રેમ,એનું નામ કરુણા. જેમની આંખોમાં પ્રેમ અને કરુણા છે એ સાધુ છે. દયાને કારણો હોય, કૃપાને કોઈ કારણો ન હોય. હૃદયનો ધર્મ એટલે વેદના અને સંવેદનાથી ભરપૂર ધર્મ, જે ધરમમાં હૃદય નહીં હોય એ ધરમ હિંસા કરાવશે. રામભકત એ છે કે અન્યનું કલ્યાણ ઈચ્છે અને બીજાના દુઃખે દુઃખી થાય. જીવન કઠોરતા માટે નથી, કરુણા માટે છે.

પહેલી વાત સુખની સામે મૈત્રી બીજી વાત દુઃખ સામે કરુણા,જયાં તમે દુઃખ જુઓ ત્યાં કરુણા કરો. કરુણા વહાવો. કરુણા તમારી પાસે છે. ઘણાં ખજાનાની માણસને ખબર જ નથી હોતી. તમે ધનવાન છો, છતાં ખબર નથી. ઘણા માણસ પાસે ઘણું હોય છે, પણ ખબર નથી પડતી. જીવન પૂરું થઈ જાય છે એમ ને એમ. આખા વિશ્વ પર તમે કરુણા કરી શકો. તમારી કરુણા બુદ્ધની જેમ વિશ્વમાં ફેલાશે. બુદ્ધ પદયાત્રા કરતા, છતાં બુદ્ધ આખા વિશ્વમાં પહોચ્યા નથી, પરંતુ એમની કરુણા પહોંચી. કરુણાની શકિત ધન કરતાં ઘણી વધુ છે.

સત્યરૂપી રસદેવતાનાં પાંચ મુખ છે :-

(૧) વિચાર (બીજા વિશે સારું વિચારવું)

(૨) ઉચ્ચાર

(૩) આચાર

(૪) સ્વીકાર ( બીજાના સત્યનો પણ સ્વીકાર)

(૫) સાક્ષાત્કાર.

સત્યની આ પાંચ ધારાઓને જેણે જીવનમાં ઉતારી હશે એને શાશ્વત સત્યનો સાક્ષાત્કાર અવશ્ય થશે.

- મોરારિબાપુ

## ૦૮ એકોક્તિ : કેવટ

**વિશાલ જોષી**

---

નિષાદરાજ ગુહ ! કેવટ આપને નમન કરે છે.

મહારાજ, મેં સાંભળ્યું છે કે પ્રભુ શ્રીરામ આવતીકાલે સવારે ગંગા પાર કરવાના છે? બધા જ નાવિકોમાં ઉત્સાહ હિલ્લોળા લે છે. સૌએ કેવી કેવી રીતે નાવને શણગારી દીધી છે,પણ તમે જાણો છો હું તો સાવ નિર્ધન. કેવી રીતે મારી નાવને સજાવી શકું? પ્રભુ રામ પોતાની નાવમાં બેસે એવી ઝંખના કોને ન હોય !? મહારાજ આપ જ એનો કંઈક ઉકેલ કાઢો.

તમને યાદ છે ને તમે જ્યારે શિકાર કરવા ગયા હતા ત્યારે પાણીની અતિશય તરસ લાગી હતી અને એવે સમયે મે તૃષાથી તરફડતા તમારા પ્રાણ બચાવ્યા હતા અને તમને તૃપ્ત કર્યા હતા, સંતુષ્ટ થઈને ત્યારે તમે કંઈક માંગવાનું કહ્યું હતું, પણ મેં જરૂર પડ્યે માંગીશ એમ કહેલું. તો લ્યો મહારાજ, આજે મારી તૃષાને તૃપ્ત કરો. હું ઈચ્છું છું કે પ્રભુ રામ, સીતા માતા અને લક્ષ્મણજી મારી આ નાવડીમાં બેસીને ગંગા પાર કરે. તમે તો નાવિકોના રાજા છો. ઢંઢેરો પીટાવીને જાહેર કરી દો કે ભગવાન રામ કેવટની નાવમાં બેસે છે. મહારાજ એટલી આ નિર્ધન ઉપર કૃપા કરો.

નિષાદરાજ જય હો જય હો ગુહ રાજા ! ખરેખર તમે સાચા વચન પાલક.

ધન્ય...આહા ધન્ય...આજે મારી નાવમાં પ્રભુ પધારશે. એ સાંભળો છો ને જરા ઉતાવળ કરજે. હું વહેલો ગંગા તીરે પહોંચું છું. તું આવ પછી.

પધારો પ્રભુ પધારો....આ કેવટના તમને વંદન.

પણ પ્રભુ ઊભા રહો. મને એક શંકા છે હો !

હા હા કહું જ ને !

મેં સાંભળ્યું છે કે તમારા ચરણકમલની રજમાં એવી કોઈ જડીબુટ્ટી છે જે આ ચરણરજ કોઈ પથ્થર પર પડે તો તે પથ્થર નારી થઈ જાય છે. મને બીક છે પ્રભુ મારી પાસે મારી રોજી રોટીનું આ એક જ સાધન છે. જો આ મારી નાવ નારી થઈ જાય તો મારા કુટુંબનું ભરણપોષણ કેવી રીતે થશે!? એટલે પ્રભુ મારે પહેલા તમારા પગ ધોવા પડશે અને હા હું તમને ગંગા પાર કરાવી દઈશ ને તમારી પાસેથી કોઈ ઉતરાઈ નહી માંગુ. દશરથજીના સોગન.

અરે... અરે.... લક્ષ્મણજી, થોભો.મારા આ અવિવેક પ્રત્યે આમ ગુસ્સે ન થાઓ....અને કહી દઉં કે તમારા બાણથી હું નથી ડરતો હો અને જો તમે બાણ મારશો તો પણ પ્રભુ મારી સામે છે. તેમના દર્શન કરતા કરતા મારા પ્રાણ નીકળે તો મને તો મુક્તિ મળશે ને !!

પ્રભુ આ બંને ચરણ પખળ્યા પછી જ હું તમને ગંગા પાર કરાવીશ.

લાવ્યો, જલદી પાણી લાવ્યો. હવે નહીં વાર કરું. લ્યો આ પાત્ર લાવ્યો હમણાં જ.

અરે રે રે પ્રભુને કહ્યું તો ખરા પાત્ર લાવું પણ મારા ઘરમાં તો સારું પાત્ર પણ ક્યાં છે? શું કરું? આ લાકડાની કથરોટ બરાબર છે. ભગવાનના ચરણ પખળવા પાત્ર કરતા પાત્રતાની વધુ જરૂર હોય છે. લાકડાની કથરોટ કરતા હું આજે પાત્રતા કેળવી છે તેની ધન્યતા વધુ છે. વાળી લાકડાની કથરોટમાં પગ ધોવાથી લાકડું પાણી પી જશે અને એ કથરોટમાં લોટ બંધાશે ત્યારે મારા ઘરનું અન્ન અને સાથે સાથે મારી બુદ્ધિ પણ પવિત્ર થશે.

પ્રભુ, આવ્યો.... જુઓ ગંગાજી પણ કેવા ઉછળી ઉછળીને આપના ચરણ પકડવા આતુર છે ! હું પણ મારા રોમ રોમ સાથે નાચી રહ્યો છું. આ ક્ષણ જીરવી શકાતી

નથી. તમે એક કામ કરો હું તમારા ચરણ પખાળી લઉં ત્યાં સુધી મારું મસ્તક પકડી રાખો કારણકે હું આમ આનંદધન્ય થઈને હરખભેર ચરણ પખાળી રહ્યો હોઉં અને ક્યાંક આપ પડી ના જાઓ. પકડી રાખો મારું મસ્તક. સહારો લ્યો પ્રભુ સહારો !

પ્રભુ, પગ ધોવાઈ ગયા પણ હવે ફરી પગ ધૂળમાં મૂકશો તો પાછી રજ પગે ચોટશે એટલે લ્યો હું તમને ઊંચકીને નાવમાં બેસાડી દઉં. હું કેટલો ધન્ય આ હા!!

લો પ્રભુ, આ રહ્યો ગંગા નદીનો સામેનો તટ. આપણે ગંગા પાર કરી.

ના પ્રભુ, મે ઉતરાઈ ન લેવાનું વચન આપ્યું છે

આજે મને શું નથી મળ્યું!? મારા દોષ, મારું દારિદ્ર, મારા હૃદયના કામ, ક્રોધ,મોહ વગેરે દાવાનળ તમારા દર્શનથી નાશ પામ્યા. ઘણા જન્મોથી મજૂરી કરતો હતો. આજે વિધાતાએ મને પરિપૂર્ણ કરી દીધો છે. હવે કશું જ કામ નથી. પ્રભુ તમારી કૃપાદ્રષ્ટિ સદાય રહો.

અને આમ જુઓ તો 'નાઈ સે નાઈ ન લેત ધોબી સે ના ધોબી લેત' જેનો ધંધો એક જ છે તેઓ પરસ્પર લેણદેણ નથી કરતા. હું ગંગાનો નાવિક છું. હું લોકોને ગંગા પાર કરાવું છું. તમે ભવસાગરના નાવિક છો. તમે ભવસાગર પાર કરાવો છો. તમે મારી પાસે આવ્યા અને મેં ગંગા પાર કરાવી એમ હું જ્યારે ભવસાગરના તીરે ઊભો રહીશ ત્યારે તમે પણ મને ભવસાગર પાર કરાવશો.

હા બસ કેવળ એક જ વરદાન સ્વીકારું છું. સાચું કહું:

રહે મુજે અંતર નિર્મળ ભક્તિથી તરબતર.

બહુ ઝાઝું આપ્યું પ્રભુ બહુ જ ઝાઝું.

કૃત કૃત ધન્ય ધન્ય

કેવટ આગળના પૂર્વ જન્મમાં કાચબો હતો અને ક્ષીરરસાગરમાં પોઢેલા નારાયણ એટલે કે વિષ્ણુના ચરણને સ્પર્શ કરવા અથાક પ્રયત્નો કરતો હતો. શેષનાગના ધુત્કાર અને લક્ષ્મીજીની રખેવાળીને કારણે ત્યારે તો વિષ્ણુજીના ચરણને સ્પર્શ ન કરી શક્યો, પણ કેવટરૂપે એ જ વિષ્ણુ અવતાર શ્રી રામજી અને શેષનાગ અવતાર લક્ષ્મણજી તથા લક્ષ્મી સ્વરૂપે સીતામાતાની હાજરીમાં ભગવાન શ્રીરામના ચરણ પખાળી શકે છે. જન્મજન્માંતર સુધીનો અથાક પ્રયત્ન-મનુષ્ય યત્ન અવિરત રહે તો ઈશ્વર કૃપા જરૂર વરસે જ છે. ભાવ અને શ્રદ્ધાની ધનિકતા જ નિર્મળ ભક્તિનું વરદાન આપી જાય છે.

(પૂજ્ય મોરારિબાપુએ લોકભારતીમાં તા.૩૦-૧૨-૨૦૨૩થી ૭-૧-૨૦૨૪ સુધી- 'માનસ લોકભારતી'નું ગાન કર્યું એ અવસરે કથાપૂર્વે રામાયણના પાત્રોની એકોક્તિનું રંગમંચ ઉપર નાટ્યમંચન કરવામાં આવતું હતું. તે એકોક્તિઓમાંથી 'કેવટ' વિશેની એકોક્તિ)

મોબાઈલઃ ૯૪૨૬૯૨૦૨૫૧

**શ્રદ્ધાંજલિ**

- લોકભારતી યુનિવર્સિટીના કુલપતિશ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીના માતુશ્રી મંછાબા અમુલખભાઈ ખીમાણીનું તા. ૧૫-૦૬-૨૦૨૪ના રોજ ૧૦૨ વર્ષની વયે અમદાવાદ મુકામે દુઃખદ અવસાન થયેલ છે.
- સાબરમતી આશ્રમના પૂર્વ સચિવશ્રી અમૃતભાઈ મોદીનું તા. ૨૫-૦૬-૨૦૨૪ના રોજ ૯૧ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે અને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## ૦૯ કવિતાનું અજવાળું: 'તું પ્રવાસ કર'- ઈટાલિયન કવિ જીયો ઈવાન

**ભાવાનુવાદ - વિશાલ ભાદાણી**

---

તું પ્રવાસ કર,
નહીંતર તું જાતિવાદી બની જઈશ
અને તને લાગશે
કે તારાં જ ચામડી-રંગ-રૂપ અને વેશ શ્રેષ્ઠ છે;
કે માત્ર તારી જ ભાષા મીઠી છે.
અને તને લાગશે કે,
આ જગતમાં તું અને તારાં લોકો જ સૌથી પ્રાચીન અને મહાન છે!

તું પ્રવાસ કર,
નહીતર તારું મન-મંદિર બીમાર બનશે
કારણકે એમાં તાજા વિચારોની ધજા નહીં ફરકતી હોય.
તારાં સપનાં પાંગળાં જન્મશે અને
તને ટીવી જે દેખાડે છે એ જ સાચુકલું લાગશે;
અને નવા દુશ્મનો બનાવવાવાળામાં જ તારી શ્રદ્ધા સ્થિર થશે,
ને પછી તું કાયમ ફફડાટમાં જીવીશ.

તું પ્રવાસ કર,
કારણકે પ્રવાસ શીખવે છે કે,
માણસ ગમે તે મલકનો હોય
એને રામ-રામ કહી શકાય
અને ભીતર ગમે તેવું અંધારું લઈને ફરતા દરેકના
ખબરઅંતર પૂછી શકાય.
તું પ્રવાસ કર,
કારણકે પ્રવાસ તાબે થતાં નહીં પણ પડકાર ઝીલતાં શીખવે છે.
કોઈપણ ગ્રંથિ વગર લોકો જેવાં છે એવાં એમને સ્વીકારવા,
તું પ્રવાસ કર.
તારું પોત અને પાણી માપવા તું પ્રવાસ કર.
સરહદ, સંસ્કૃતિ કે પરંપરાથી પર છે
એવાં વિશ્વ-કુટુંબનો ભાગ બનવા તું પ્રવાસ કર.
પ્રવાસ અન-હદ શીખવે છે.
તું પ્રવાસ કર,
નહીંતર તને એમ જ લાગશે
કે તારે માત્ર બહારની દુનિયાનાં રૂપરંગ જોવાનાં છે
પણ દોસ્ત, પ્રવાસ તારી ભીતરની ઝાકમઝોળ સાથે તને રૂબરૂ કરાવે છે,
માટે
તું પ્રવાસ કર.

જેમ પ્રકાશ અને અંધકાર એક સાથે નથી રહી શકતા,
તેવી જ રીતે અહિંસા અને ભય એક સાથે રહી શકતા નથી.

- મહાવીર સ્વામી

---

જે પ્રજા અનેક ફિરકાઓમાં વહેંચાયેલી છે અને તે દરેક ફિરકો પોતાને પ્રજા માને છે.
એ પ્રજા દયાને પાત્ર છે.

- ખલીલ જિબ્રાન

## ૧૦ લોકભારતીની વિદાય વેળાએ

**યોગેશ એસ ત્રિવેદી**

---

લોકભારતીનું નામ કાને પડે એટલે તેનું થોડું પણ સાનિધ્ય મળ્યું હોય તે દરેકની આંખમાં એક ચમક અને મનમાં એક ભાવસભર સ્મૃતિ તાજી થઈ જાય. સંસ્થાના ઋષિવર્ય સ્થાપકો પૂ. નાનાભાઈ અને પૂ. મનુભાઈ અને દરેક અનુગામી સંચાલકોએ ખૂબ પ્રેમ અને આદરપૂર્વક લોકભારતીનું જતન કર્યું છે. ગુજરાતમાં અનેક ઉચ્ચ શિક્ષણની બુનિયાદી અને ગાંધીવિચાર પ્રેરિત સંસ્થાઓ છે. કેટલીક સંસ્થાઓ કાળક્રમે તેનું તેજ ગુમાવા લાગી તો કેટલીક સાંપ્રત સમયમાં ટકી રેહવા માટે મથામણ કરી રહી છે. સદનસીબે લોકભારતીને સમય સમયે સારા સંચાલકો અને કાર્યકરો મળતા રહ્યા અને આજે એક વટવૃક્ષ બનીને અન્ય સંસ્થાઓને પ્રેરણા પૂરી પડી રહી છે. વર્તમાનમાં હંમેશા હસતા હસાવતા એવા આદરણીય શ્રી અરુણભાઈ સખત પરિશ્રમ અને સમય આપીને લોકભારતીને વિકાસના પંથે લઈ જઈ રહ્યા છે. દરેક કામમાં અથાક સર્વોતમ પ્રયાસ અને Perfection એ તેમનો અભિગમ રહ્યો છે.

લોકભારતીમાં હું ૨૦૦૫ માં અધ્યાપક તરીકે નિમણૂંક પામ્યો. લોકભારતીમાં કામ કરવાનું સપનું જોયું હતું અને આ સપનું સાચું પડ્યું તે બદલ ઈશ્વરનો આભારી છું. લોકભારતીના તત્કાલીન વડીલો આ.શ્રી પ્રવીણભાઈ, સ્વ. શ્રી દલસુખભાઈ, સ્વ.શ્રી જયાબેન અને આ. શ્રી અરુણભાઈએ મને પ્રેમપૂર્વક સ્વીકાર્યો એ બદલ આ સૌનો ઋણી રહીશ. લોકભારતીના ભાવાવરણમાં જ એવી શક્તિ છે કે તમે ઈચ્છો એ પ્રકારે તમારો વિકાસ કરી શકો છો. શિક્ષણકાર્યની સાથે સાથે નર્સરી, છાત્રાલય સંચાલન વગેરેથી મારું ઘડતર થયું. વાંચન, લેખન કરવાની ટેવ પણ લોકભારતી આવ્યા પછી વિકસી. કારકિર્દીના અંતિમ મુકામે ૨૦૧૮ માં પીએચ.ડી. કરવાની અનુકૂળતા પણ આચાર્યશ્રી/ નિયામકશ્રીએ કરી આપી તે બદલ તેમનો પણ અભારી છું. સાથે સાથે NAAC, AISHE, SAPTDHARA, INNOVATION CLUB, PLACEMENT, બુધ મિલન, કાર્યકર વીમા યોજના જેવા નાના મોટા કાર્યોએ મને પ્રવૃત્તિમય રાખ્યો. લોકભારતીમાં વિદ્યાર્થી સાથેના પ્રવાસ, શિબિર વગેરે કાયમ માનસપટ પર છવાયેલા રહેશે. અનેક વર્કશોપ, તાલીમી કાર્યક્રમોએ સતત જીવંત રાખ્યો. હવે ૧૪ જૂન, ૨૦૨૪ એ લોકભારતીમાંથી વય નિવૃત્તિનો સમય આવી ગયો છે.

માત્ર મારા માટે નહિ પણ મારા પરિવારને પણ લોકભારતી સાથે કાયમી સુખદ અને અવિસ્મરણીય અનુભવ રહ્યો. મારી પુત્રી ધારાએ લોકભારતીમાં B.Ed (English) કર્યું અને તેથી લોકભારતી વિદ્યાર્થી પરિવારની સભ્ય પણ બની અને તેનો લોકભારતી પ્રત્યેનો લગાવ ચિરંજીવ બન્યો. વિદ્યાર્થી થોડા વર્ષ લોકભારતીમાં રહીને વિદાય થાય છે તો તેને લોકભારતી આજીવન યાદ આવ્યા કરે છે. ભૂતપૂર્વ વિદ્યાર્થી જ્યારે પણ મળે કે ફોન પર વાત થાય તો કેમ છો તેમ પૂછતા પહેલા લોકભારતીમાં કેમ ચાલે છે તે પ્રથમ પૂછશે. લોકસેવા મહાવિદ્યાલયના સહ કાર્યકરો અને સમગ્ર સંસ્થાના દરેક વિભાગો અને તેમના કાર્યકરો તરફથી હંમેશા સાથ સહકાર મળ્યો. આચાર્યશ્રી હસમુખભાઈ, નિયામકશ્રી કાન્તિભાઈ તરફથી કાયમ પ્રેમ, હૂંફ, માર્ગદર્શન અને સહકાર મળ્યા કર્યો તેનો વિશેષ આનંદ છે. તેઓએ કાયમ મારા કામને બિરદાવ્યું અને પ્રોત્સાહિત કર્યો છે. સંસ્થા સતત વિકસી રહી છે તેનો આનંદ થાય છે.

આંખના પલકારામાં અઢાર વર્ષ વીતી ગયા તેમ લાગે છે. વિદાય હંમેશા દુઃખદાયી જ હોય છે. પણ પરિવર્તન એ સંસારનો નિયમ છે. માણસો આવે ને જાય , લોકભારતી કાયમ રહેવાની છે. કવિ સંતોષ આનંદે સાચું કહ્યું છેઃ'કુછ પાકર ખોના હૈ, કુછ ખોકર પાના હૈ, જીવન કા મતલબ તો, આના ઔર જાના હૈ.' અંતે દક્ષિણામૂર્તિ દેવ અને સૌ વડીલોના ચરણોમાં વંદન … આવજો.

મો. ૯૭૨૩૫૩૧૬૫૪

## ૧૧ ગાંધીજન શ્રી અમૃતભાઈ મોદીની વિદાય

**શ્રી અતુલભાઈ પંડ્યા**

સાબરમતી આશ્રમ સુરક્ષા અને સ્મારક ટ્રસ્ટના મંત્રીશ્રી કે જેઓ ૪ દાયકા જેટલો સમય કાર્યરત રહ્યા તેવા શ્રી અમૃતભાઈ મોદીનું તા.૨૫-૦૬-૨૦૨૪ના રોજ વહેલી સવારે અમદાવાદ ખાતે ૯૧ વર્ષની વયે અવસાન થયું છે. ટ્રસ્ટના સૌ ટ્રસ્ટીઓ, કાર્યકરગણ, સમગ્ર આશ્રમ પરિવાર અને ગાંધીજનો માટે અત્યંત ખેદજનક સમાચાર છે.

અમૃતભાઈનું ગામ ગાંધીનગર પાસેનું સાદરા. તેમનો જન્મ તા. ૩૦-૦૪-૧૯૩૩ના રોજ મહેસાણાના વિજાપુર તાલુકાના પેઢામલી ગામમાં થયો હતો. પિતા ખોડીદાસ અને માતા હીરાબા. ૧૯૫૩માં કંચનબેન સાથે એમનું લગ્ન થયું. એમને ત્રણ સંતાન (બે પુત્રો અને એક પુત્રી) છે. વિદ્યાર્થીકાળથી જ ઈતર પ્રવૃત્તિઓમાં સક્રિય રહ્યા. વિદ્યાર્થી મંડળ, કોંગ્રેસ સેવાદળ, રાત્રિ-છાત્રાલય, પુસ્તકાલય, ભીંતપત્રો, ગ્રામસફાઈ, શ્રમકાર્ય, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેમાં ઊલટભેર કામ કરતા રહ્યા.

મેટ્રિક થયા પછી બે વર્ષ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં તથા સૌરાષ્ટ્રના સચિવાલયમાં કામ કર્યું. દાદા ધર્માધિકારી અને દ્વારકાદાસ જોષીની પ્રેરણાથી તેઓ ૧૯૫૫માં ભૂદાનના કામમાં આવ્યા. પાંચ વર્ષ સુધી મહિને ૨૫ દિવસ પદયાત્રાઓ કરતા. સાંતલપુર, હારીજ અને રાધનપુર તાલુકામાં ભૂમિ-વિતરણનું મોટા પાયે કામ કર્યું હતું. આ દરમ્યાન વિનોબાજી, જયપ્રકાશ નારાયણ, દાદા ધર્માધિકારી, રવિશંકર મહારાજ તથા વિવિધ સર્વોદય આગેવાનો સાથે કામ કરવાનું તથા ત્રણેક હજાર વીઘા જમીન વિતરણ કરવાનું સદ્ભાગ્ય સાંપડ્યું હતું.

૧૯૬૧માં વડોદરા આવીને ગુજરાત સર્વોદય મંડળ તથા 'ભૂમિપુત્ર'નું કામ કરતા રહ્યા. લેખન, અનુવાદ, સંકલન અને સંપાદનનાં કામોમાં સક્રિય રહ્યા. તેમણે વિનોબા વિશે બે જીવનચરિત્ર તથા સર્વોદયની ચળવળનાં ૭ પુસ્તકોનું સંપાદન કર્યું. જેમાં મહર્ષિ વિનોબા, વાત્સલ્યમૂર્તિ દાદા, ખુદાઈ ખિદમતગાર વગેરેનો સમાવેશ થાય છે. તેમણે 'યજ્ઞ પ્રકાશન'ના પ્રકાશક અને મુદ્રક તરીકે ફરજ બજાવી છે. વિવિધ વર્તમાનપત્રો અને સામયિકોમાં તેમના લેખો પ્રકાશિત થયા છે.

૧૯૭૪માં સાબરમતી આશ્રમના કામમાં જોડાયા. આશ્રમ સુરક્ષા અને સ્મારક ટ્રસ્ટના મંત્રી તરીકે ૧૯૮૫થી કાર્યરત હતા. સાબરમતી આશ્રમમાં ગાંધીજીના અભિલેખાગારનું કામ સુપેરે સંભાળ્યું. છેલ્લાં ૫૦ વર્ષથી સાબરમતી આશ્રમ દ્વારા ગાંધીજીના સાહિત્ય તથા ગાંધી-વિચારનો પ્રચાર-પ્રસાર કરી રહ્યા હતા. દેશ-વિદેશના આશ્રમના મુલાકાતીઓ તથા વર્તમાનપત્રો-ન્યુઝ ચેનલો દ્વારા ગાંધી-વિનોબાના જીવન-કવનનો પ્રચાર-પ્રસાર કરી રહ્યા હતા. અનેક અભ્યાસુઓ-જિજ્ઞાસુઓ માટે પૂછવાનું ઠેકાણું એવા અમૃતદાદા બહુ મોટો ખાલીપો છોડીને ગયા છે. સદ્ગત આત્માને ચિર શાંતિ મળે તેમજ તેમની સાથે સંકળાયેલા સૌને તેમના જીવનમાંથી પ્રેરણા મળે તેવી પ્રાર્થના.

હે અલ્લાહ! હું જો નરકના ભયથી તારી ઈબાદત કરું તો મને નરકમાં નાખજે. જો હું ? તારી ઈબાદત સ્વર્ગની ઈચ્છાથી કરું તો મને સ્વર્ગથી દૂર જ રાખજે, પરંતુ જો હું તારી પૂજા કેવળ તારા માટે જ કરું તો મને તારા શાશ્વત સૌંદર્યથી વંચિત ન રાખીશ...

- સૂફી રાબિયાની પ્રાર્થના

કેટલાંક પુસ્તકો માત્ર ચાખવા પૂરતાં હોય છે, બીજા કેટલાંક ગળી જવા જેવાં હોય છે. અને કેટલાંક જૂજ પુસ્તકો જ એવાં હોય છે જેમને બરાબર ચાવીને પચાવવાનાં હોય છે.

- બેકન

## ૧૨ રામકૃષ્ણ પરમહંસની વિધિ કરવાની રીત

**ડૉ. બાલુભાઈ શેલડિયા**

---

શ્રી રામકૃષ્ણ પરમહંસને દક્ષિણેશ્વર મંદિરમાં પૂજારી તરીકે રાખવામાં આવેલા. આઠ દિવસ પછી જ ટ્રસ્ટીઓની કમિટીએ રામકૃષ્ણ પરમહંસને બોલાવવા પડ્યા. બહુ જ ફરિયાદો આવી કે રામકૃષ્ણ પરમહંસને પૂજાની વિધિ આવડતી નથી. સમગ્ર મનુષ્ય જાતિના ઈતિહાસમાં રામકૃષ્ણ પરમહંસ કરતાં વધારે ગહન પૂજારી શોધવો મુશ્કેલ છે. પરંતુ ટ્રસ્ટીઓની કમિટીએ, જે મહીને રામકૃષ્ણ પરમહંસને ચૌદ રૂપિયા પગાર આપતા હતા - ચોક્કસ જ તે માલિક હતા. તેમણે રામકૃષ્ણને અદાલતમાં બોલાવી લીધા. ટ્રસ્ટીઓની અદાલત બેસી ગઈ. અને તેમને કહ્યું કે અમારે તમને રુખસદ આપવી પડશે, કારણ કે અમને ખબર પડી છે કે તમને પૂજાની વિધિ આવડતી નથી.

રામકૃષ્ણે કહ્યું, પૂજા અને વિધિને સંબંધ શું છે? પૂજા આવડે છે, તો વિધિની ચિંતા શું છે? અને વિધિ આવડતી હોય, પૂજા ન આવડતી હોય, તો પૂજાને કરશો શું? પરંતુ ટ્રસ્ટીઓની સમજમાં ન આવ્યું. આવવાની વાત પણ નહોતી. આ કોઈ વાત થઈ! ફરિયાદ ગહન હતી. ટ્રસ્ટીઓએ કહ્યું, એટલું જ નહીં; ફરિયાદ થોડી એવી છે કે અપરાધપૂર્ણ છે. અમને ખબર મળી છે કે ફૂલ પહેલા તમે સુંઘી લો છો અને પછી ચડાવો છો! અને અમને ખબર મળી છે કે ભોગ પહેલા તમે આરોગો છો પછી ભગવાનને ધરો છો!

રામકૃષ્ણે કહ્યું, આપની નોકરી આપ સંભાળી લો; હું તો આવી રીતે જ પૂજા કરીશ. કારણ કે મારી મા જ્યારે કંઈક બનાવતી હતી, ત્યારે પહેલા ખૂદ એ ચાખી લેતી હતી. જો મને ખાવા યોગ્ય ન હોય, તો મને આપતી નહોતી. હું ભગવાનને ચાખ્યા વિના ન ધરાવી શકું. જો ખાવા યોગ્ય ન હોય, તો ફેંકી દઈશ, ફરી બનાવીશ. પરંતુ એ અંસભવ છે કે એને પહેલા ધરુ અને મને ખબર ન હોય કે હું શું ધરી રહ્યો છું!

હવે અહીં વિધિ તો પૂરી તૂટી ગઈ. ચોક્કસ જ, ફૂલ સુંઘીને કેવી રીતે ચડાવવા! પરંતુ રામકૃષ્ણ કહે છે, સૂઘ્યાં વિના હું ચડાવી શક્તો જ નથી. જો ફૂલમાં સુગંધ જ ન હોય? મને કેવી રીતે ખબર પડે? અને હું તો ભગવાનને તે જ ચઢાવીશ, જે મને પ્રીતિકર હોય. તેથી મારે પહેલા જાણી લેવું પડે કે મને પ્રીતિકર છે કે નથી? રામકૃષ્ણે કહ્યું, કાં તો હું પૂજા આવી રીતે કરીશ અથવા આપની નોકરી આપ સંભાળી શકો છો, કારણ કે નોકરીને માટે પૂજા છોડી શકાય નહીં.

હવે આ જે માણસ છે, શ્રીકૃષ્ણ આને કહેશે, વિધિપૂર્વક. જોકે બધી જ વિધિઓ તૂટી ગઈ. પરંતુ છતાં પણ તેની વિધિમાં એક આત્મીયતા છે. તેની વિધિમાં એક રસ છે, તેની વિધિમાં એક હાર્દિક પ્રેમ છે, તેની વિધિમાં ફૂલ મહત્ત્વપૂર્ણ ન રહ્યું, ભોજન મહત્ત્વપૂર્ણ ન રહ્યું, અંતસનું નિવેદન મહત્ત્વપૂર્ણ થઈ ગયું છે. રામકૃષ્ણ ભગવાનની સામે ઊભા છે, તો બહારનું બધું મટી ગયું. તેની અંદરનો આંતરિક લગાવ જ સર્વ કંઈ છે.

એક દિવસ એવું થયું કે રામકૃષ્ણ ઊભા રહીને રડી રહ્યા છે. પૂજાનાં ફૂલો કરમાઈ ગયાં, પૂજાને માટે પ્રજ્વલિત કરેલો દીપક બુઝાઈ ગયો, રામકૃષ્ણ ઊભા રહીને રડી રહ્યા છે, પૂજા શરૂ જ ન થઈ. જે પૂજા જોવા આવ્યાં હતાં, તેઓ થોડી વારમાં ઉબાઈને જવા લાગ્યાં કે આ કેવા પ્રકારની પૂજા છે! દીપક બુઝાઈ ગયો, ફૂલ કરમાઈ ગયાં, ભોગ પણ રુખો- સૂકો ઠંડો થઈ ગયો, રામકૃષ્ણ ઊભા રહીને, આંખ બંધ કરીને રડી રહ્યા છે. આ ક્યાં સુધી ચાલશે!

લોકો ચાલ્યાં ગયાં, મંદિર ખાલી થઈ ગયું, અડધી રાત્રિ થઈ ગઈ. રામકૃષ્ણે આંખ ખોલી અને કાલીની સામે તલવાર લટકેલી હતી, તેણે ખેંચીને લઈ લીધી. અને બૂમ પાડીને કહ્યું 'બહુ જ ચડાવ્યાં ફૂલો અને બહુ જ ધર્યા ભોગ, આજ દિવસ સુધી તેનાથી કંઈ જ થયેલ નથી, આજે હું પોતાને જ ચડાઉં છું.'

તલવાર એક ઝટકામાં ડોક પાસે આવી ગઈ, જાણે કે વીજળી ચમકી ગઈ. કોઈએ હાથમાંથી તલવાર છીનવી લીધી, ખબર નથી ! કેવી રીતે તલવાર નીચે પડી ગઈ, ખબર નથી ! સવારે રામકૃષ્ણ બેહોશ મળ્યા. બેહોશ તો હતા, પરંતુ તેના ચહેરા ઊપર જે સ્વર્ણીમ - આભા આવી ગઈ હતી, તે ક્યારેક-ક્યારેક સદીઓમાં એકાદ માણસનાં ચહેરા ઊપર આવે છે.

હોશમાં આવતાં ત્રણ દિવસ લાગ્યા. ત્રણ દિવસ પછી જ્યારે હોશમાં આવ્યા, તો લોકોએ પૂછ્યું, શું થયું? રામકૃષ્ણે કહ્યું, પૂજા થઈ. પૂજા પૂરી થઈ ગઈ.

તે દિવસ પછી રામકૃષ્ણે ફૂલો ન ચડાવ્યાં, તે દિવસ પછી ભોગ ન ધર્યો, તે દિવસ પછી દિવસો પછી દિવસો વીતી જાતા હતા, મંદિરની અંદર પણ જતાં નહોતા. પછી તો બીજા પૂજારી રાખી લેવા પડ્યા, જ્યારે તેઓ આવતાં નહોતા, તો પૂજા કરી દેતા હતા. ક્યારેક-ક્યારેક રામકૃષ્ણ જાતાં હતા, અને જઈને એવી વાતચીત કરી લેતા હતા, જાણે કે મિત્રોની વચ્ચે થાય છે. કોઈ પૂછે છે, આપે પૂજા બંધ કરી દીધી? રામકૃષ્ણ કહે છે, પોતાને જ ચડાવી દીધો; હવે તે બચેલ નથી, જે પૂજા કરે.

પૂજાની આત્યંતિક્તા તો ત્યારે છે, જ્યારે કોઈ પોતાને જ સમર્પિત કરી દે છે અને ચઢાવી દે છે. પરંતુ વિધિઓ ઔપચારિક છે, ફોર્મલ છે, બહાર છે. શ્રીકૃષ્ણ સારી રીતે જાણે છે કે આ જે દેવતાઓની પૂજા ચાલે છે, વિધિપૂર્વક ચાલે છે, પરંતુ તેને તે અવિધિ કહે છે. કારણ કે અજ્ઞાનમાં અવિધિ જ થઈ શકે છે. જ્ઞાનમાં જ વિધિનો જન્મ થાય છે. વિધિ વિધિઓ જેવી નથી હોતી; વૈયક્તિક હોય છે, નિજી હોય છે, એક-એક વ્યક્તિની પોતાની હોય છે.

મોબાઈલઃ૯૪૨૮૧૯૧૩૧૧

**વ્યાસપીઠ**

'મારી વ્યાસપીઠનું સ્વર્ગ પ્રેમ છે. મારી વ્યાસપીઠનું સ્વર્ગ કરુણા છે. વ્યાસપીઠનું સ્વર્ગ સત્ય છે. પ્રેમથી ત્યાગ આવે જ છે, સત્યથી નિર્ભયતા આવે જ છે અને કરુણાથી અહિંસા પ્રગટ થાય છે. પ્રાણ અને દેહ ગયા પછી જે શાશ્વત મૂલ્યો છે એ સત્ય છે, પ્રેમ છે અને કરુણા છે. સત્ય જયારે જુવાન બને ત્યારે એનું નામ પ્રેમ છે અને પ્રેમ જયારે પ્રૌઢ બને ત્યારે એનું નામ કરુણા છે. સત્યનું સરનામું આકાશ છે. પ્રેમનું સરનામું ધરતી છે અને કરુણાનું સરનામું મહાસાગર છે.

રામકથાની દક્ષિણા કેવળ રામભકિત છે. હું સ્થૂળ વ્યાસપીઠ પર બેઠો છું, બાકી તો હું આપની વ્યાસપીઠ પર બેઠો છું. મારો અને તમારો નાતો શ્વાસનો નાતો છે, પ્રાણવાયુનો નાતો છે. રામકથા વ્યકિતને ઉપરથી ભવ્ય બનાવી દે છે. અંદરથી દિવ્ય બનાવી દે છે. મારી વ્યાસપીઠ કોઈને ભયભીત કરવા કે પ્રલોભન આપવા નથી માગતી. 'રામચરિત માનસ' સેતુબંધનું શાસ્ત્ર છે. વ્યાસપીઠ રામનામ અને રામકામ બંનેનો એકસાથે નિર્વાહ કરે છે. મારી રામકથા બિનસાંપ્રદાયિક કથા છે.

જયાં કથા થતી હોય ત્યાં બધા તીર્થો આવી જાય છે.

- મોરારિબાપુ

## ૧૩ રણોત્સવ પછી રણ સરોવર : પ્રવાસન સાથે વિકાસયાત્રાને આહવાન

**ડૉ. નાનક ભટ્ટ**

---

ગુજરાતના પશ્ચિમ મધ્યભાગે કચ્છનું નાનુ રણ ૧૨ લાખ એકરમાં ફેલાયેલ છે. રાજકોટ, મોરબી, બનાસકાંઠા, મહેસાણા, પાટણ અને સુરેન્દ્રનગર જિલ્લાની સરહદો વચ્ચે પથરાયેલ ખારી જમીનમાં સરસ્વતી, બનાસ, કંકાવટી, મચ્છુ, બ્રહ્માણી અને રૂપેણ નદી ઉપરાંત ૧૧૦ વોંકળાનું દરિયામાં વહીજનાર પાણી છેલ્લો મુકામ કરે છે. ૨૦૦ કિલોમીટરની ઝડપે વાહન ચાલી શકે તેવા સપાટ મેદાનમાં ૭૫ થી વધુ નાના-મોટા દ્વીપ રહેલા છે. બાકી ખારી મીઠી સખત માટીમાં ગાંડા બાવળનું સામ્રાજ્ય વ્યાપેલ છે.

લાખો વર્ષ પહેલા આપણે જેને સૌરાષ્ટ્ર તરીકે જાણીયે છીએ તે ટાપુ વેસ્ટન સ્લાઈડીંગના લીધે દ.આફ્રિકાથી છૂટો પડ્યો અને ગુજરાતની પૂર્વ પટ્ટી, સાથે જોડાતા દરિયાની સાંકડી પટ્ટી તૈયાર થઈ. અને કાળક્રમે તેમાં દરિયાનો કાપ ફસાતા આજે કચ્છનું નાનું રણ જોવા મળે છે. ચત્તી રકાબી જેવા પ્રદેશમાં મે, જૂનથી ઓક્ટોબર,નવેમ્બર સુધી વરસાદી પાણી રહે છે આથી ઘાસ અને પાણીનાં ક્ષાર આધારિત જીવન વિકસે છે અને બાકીના ૫,૭ માસ સૂકી ભો જોવા મળે છે.

ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈની સમજ અને રાજકીય ઈચ્છાશક્તિ વશાત કચ્છના મોટા રણમાં રણોત્સવ નામે પ્રવાસન સફળ રીતે વિકસ્યો છે. ત્યારે હવે કચ્છના નાના રણની ભૌગોલિકતાને સમજી પ્રવાસન તરીકે રણ સરોવર વિકસાવવાની સંભાવના સ્પષ્ટ થાય છે.

અમદાવાદથી ૧૩૦ કિલોમીટર અને ભુજથી ૧૫૬ કિલોમીટરના અંતરે રહેલ નાના રણનો વિસ્તાર સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત માટે આકર્ષક પ્રવાસન ક્ષેત્ર છે. અગરીયા, પઢારો, માછીમારો, જત અને રબારી સંસ્કૃતિની પરંપરા આકર્ષણ કેન્દ્ર બની શકે તેમ છે. મધ્ય અને ઉત્તર ગુજરાત તથા દક્ષિણ રાજસ્થાનમાં ૮-૧૦ ઈંચ વરસાદ પડતા જ કચ્છના નાના રણમાં મીઠાં પાણીની આવક થવા લાગે છે. રણની કાંપવાળી ચિકણી માટી એકત્ર પાણીને જમીનમાં સોશાવા દેતું નથી પરિણામે વરસાદી સીઝનમાં ૨૫૦૦ થી ૩૦૦૦ કરોડ લીટર પાણી પ્રાકૃતિક રીતે જમા થઈ જાય છે. ખારા-મીઠાં પાણીનાં કુદરતી તળાવના સર્જન સાથે લાખોની સંખ્યા ફલેમીંગો અને બીજા માઈગ્રન્ટસ પક્ષીઓ પોતાની બ્રિડીંગકોલોની વિકસાવવા પણ આવી જાય છે. જે દર્શનિય બને છે. સાથોસાથ ૮૦૦૦થી વધુ અગરીયા પરિવાર પારંપારીક ઢબે મીઠું પકવવા ડેરા નાખે છે. દેશની કુલ જરૂરિયાતના ૨૧% એટલેકે લગભગ ૨૮ લાખ-ટન મીઠાંનું ઉત્પાદન કરી રોજી-રોટી મેળવે છે. ત્રણેક પ્રજાતિમાં ઘૂડખર (ગધેડા-ઝીબ્રા-કુટુંબનું પ્રાણી) સરોવરનાં ભેજથી વિકસતા ઘાસના મેદાનોમાં વર્ષોથી રહે છે. ૫૦૦૦ થી વધુ સંખ્યામાં ઘૂડખર એશિયાની વાઈલ્ડ સેન્ચ્યુરીમાનું એક પસંદગી ક્ષેત્ર બન્યું છે. ચોમાસામાં ઘૂડખર આસપાસના ટાપુઓ ઉપર પ્રજનન માટે પહોચી વન્ય વિસ્તરણ કરતા રહે છે જે પ્રવાસન માટે વધુ એક આકર્ષણ બને છે.

જોકે કચ્છ અને ગુજરાતને જોડતા સૂરજબારીના પુલ નીચેથી પસાર થતી હડકીયા ખાડીમાંથી આવતું અરબી સમુદ્રનું ખારું પાણી મીઠાં પાણીના સરોવરનું આયુષ્ય ઘટાડે છે. પરંતુ સૂરજબારી પુલને બંધારામાં ફેરવી શકાય તો નાના રણના મધ્યભાગ સુધી પહોંચતી રૂપેણ, પુષ્પાવતી અને બનાસ નદીના છેવાડે નળ સરોવર પ્રકારે ત્રણ વિશાળ તળાવોનું સર્જન થઈ શકે. આથી કચ્છના નાનારણની પ્રાકૃતિક સ્થિતિ જાળવી રાખી ઉત્તર અને મધ્ય ગુજરાતમાં આગળ વધતી ખારાશ રોકી શકાય. સવિશેષ ટીકર, નવા

ઘાટીલા, જોગડ વિસ્તારમાં જમા થતું વરસાદી પાણી તળાવો તરફ ઢળી જતાં મીઠા અને મત્સ્ય ઉદ્યોગ સપ્ટેમ્બર ઓક્ટોબરથી પુનઃકાર્યાન્વિત થતો થશે. ૫૦,૦૦૦ થી વધુ અગરીયા અને માછીમારોની રોજી-રોટી જળવાઈ રહેશે. સ-વિશેષ સ્થાનિક લોકોની વધતી આવક પ્રવાસનનાં માળખાગત વિકાસને ગતિ આપનાર બનશે.

આઝાદી મળ્યા પછી પાંચ દાયકાઓ સુધી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની પ્રજાએ દુષ્કાળ વેઠ્યા છે. વર્ષ ૧૯૮૬નાં કાળમાં ખાસ ટેંકર, ટ્રેઈનથી કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતને પાણી પૂરું પાડવું પડ્યું છે ત્યારે સૌરાષ્ટ્ર કચ્છના મધ્યભાગે વિકસતું પાણીનું સરોવર કાંઠા વિસ્તારની ખેતી માટે નવી આશા અને વિકાસનું આહવાન કરનાર બનશે.

મનુષ્ય અને વન્ય જીવન માટે અનિવાર્ય વરસાદી પાણી કચ્છના નાના રણમાં સહજ રીતે એકઠું થાય છે ત્યારે ઈશ્વરના આશીર્વાદના પ્રતીક સમા ૯ લાખ કરોડ લીટર પાણીનો પ્રવાસન ઉદ્યોગ સાથે રચનાત્મક ઉપયોગ, સમજદારી અને સમયની માંગ બને છે. પાઈના ખર્ચમાં પર્વતનો લાભ મળે છે ત્યારે ગુજરાતની રાજકીય ઈચ્છાશક્તિ દ્વારા સરદાર સરોવર પછી એક નવા વિકાસ આયામ-રણ સરોવરની સંભાવનાઓ તપાસવી રહી.

(મો. ૯૮૯૮૪૬૩૪૮૯)

**સાધુ**

આંખોની નિર્મળતા સાધુનું લક્ષણ છે. ઉદાસ માણસ પરમાત્માને ગમતો નથી. ધર્મગુરુ ઉદાસ હોય તો એ પરમાત્માને ગમતું નથી. સાધુના હૃદયની ભીતરી પ્રવૃત્તિને પ્રમાણ માનવામાં આવે છે. વિશ્વનો સાધુ રસમય હોવો જોઈએ. સાધુના જીવનમાં બંદગી અને સાદગીનો સમન્વય થયો હોય છે. સાધુની સાથે સંબંધ જોડવાથી કદી કાર્યમાં હાની નથી આવતી. સાધુ સંગત અને પંગત બન્ને મહત્ત્વના છે.

સાધુ એ છેઃ

(૧) જે ખાલી હોય એ સાધુ,જે ખાલી હો. જગતમાં માણસ ભરાયો કેટલો એનું મૂલ્ય હોય છે,અને અધ્યાત્મમાં માણસ કેટલો ખાલી એનું મૂલ્ય હોય છે.

(૨) જે માલિક નથી,માળી છે એ સાધુ છે. જે માલિક ન બને, સ્વામીત્વ નિર્માણ ન કરે,પણ માળી બને, બધાં છોડને સીંચે, દરેક ફૂલને શણગારે, કચરાને દૂર કરે.

(૩) જે વાલી હોય એ સાધુ છે. બધાનો પાલક હોય, ભલે પિતા ન હો પણ લાગે કે આ મારા બાપ છે. મા ન હો, તોયે લાગે કે આ મારી મા છે.

(૪) સાધુ એ છે જેનું જીવન આખા સમાજની સામુ હોય, દર્પણ જેવું જીવન હોય.

(૫) જેનું જીવન સાચું હોય,જેના આચાર, વિચાર, ઉચ્ચાર સાચા હોય એ સાધુ છે.

(૬) જેનું જીવન સાવ સાદું હોય, જેની વાણી, વેશ, વર્તન,ભોજન બધું જ સાદું હોય..એ સાધુ છે.

(૭) જેનું જીવન સાબુ જેવું હોય એ સાધુ છે. સાધુ આપણા કાળજાના મેલ કાઢી નાખે છે.

- મોરારિબાપુ

## ૧૪ સાસુ-જમાઈ અને સસરા-વહુ

**રોહિત શાહ**

---

ફેમિલી-રિલેશનમાં માતા-પિતા અને સંતાનો વચ્ચેનો સંબંધ સૌથી મહત્ત્વનો, કેન્દ્રવર્તી હોય છે. પછી એમાં ઉમેરાતું સૌથી અગત્યનું પાત્ર જો કોઈ હોય તો એ છે પુત્રવધૂ અને જમાઈ છે. સંતાનોનાં લગ્ન પછી આ બે પાત્રોનો આપણી ફેમિલીમાં પ્રવેશ થતો હોય છે. તેથી પુત્રવધૂ હોય કે જમાઈ, એ લોહીની સગાઈનાં પાત્રો નથી હોતાં; પરંતુ લોહીની સગાઈ સાથે ઓતપ્રોત થઈને લાઈફટાઈમ નાતો નિભાવે છે.

ઘણા લોકો કહે છે કે પુત્રવધૂને દીકરી માનવી જોઈએ અને જમાઈને દીકરો માનવો જોઈએ. મને આ વાત ગળે નથી ઊતરતી. જે પાત્ર જે સંબંધ સાથે આપણી સાથે જોડાયું છે, એ સંબંધનું ઇન્સલ્ટ કરવાની શી જરૂર છે? દીકરી એ દીકરી છે અને પુત્રવધૂ એ પુત્રવધૂ છે, એ જ રીતે દીકરો એ દીકરો છે અને જમાઈ એ જમાઈ છે. એ જે સ્વરૂપે છે એ સ્વરૂપની માવજત કરવામાં અને એ સ્વરૂપની સુગંધ માણવામાં શા માટે આપણને તકલીફ પડે છે? પુત્રવધૂને મારે દીકરી કરતાં પણ વધારે વહાલ કરવું હોય તો હું કેમ ન કરી શકું? જમાઈને મારે દીકરા કરતાં પણ વધારે પ્રેમ આપવો હોય તો હું કેમ ન આપી શકું?

સંબંધ લોહીનો હોય કે લાગણીનો, એની મીઠાશ માણવાની ત્રેવડ જેનામાં ન હોય એ સંબંધોનાં નામ બદલીને પણ કશું ઉકાળી શકવાનો નથી અને જેને નાતો નિભાવતાં આવડતો હશે એ વ્યક્તિ તો દરેક સ્વરૂપના સંબંધને મીઠો-મધુરો કરીને જીવનને હરિયાળું બનાવી દેશે. સમાજમાં સામાન્ય રીતે સાસુને જમાઈ સાથે સારું બનતું હોય છે અને સસરાને વહુ -પુત્રવધૂ સાથે સારું બનતું હોય છે. આમાં ભાગ્યે જ આપવાદ હશે. કોઈ જગ્યાએ એવો અપવાદ હોય તો ભૂલચૂક લેવીદેવી. આનું કારણ શું? શા માટે સાસુને વહુ કરતાં જમાઈ વધારે વહાલો હોય છે? શા માટે સસરાને જમાઈ કરતાં વહુ વધારે વહાલી હોય છે? આ માટે મુખ્યત્વે ત્રણ કારણ જવાબદાર છે : ૧. નિકટતા, ૨. વિજાતીયતા અને ૩. અપેક્ષા.

**૧. નિકટતા :** અતિ નિકટતા પ્રેમ-વાત્સલ્ય માટે ઘાતક બની શકે છે. સામાન્ય રીતે ઘરમાં સાસુ-વહુને વધારે વખત સાથે રહેવાનું બને છે. પરસ્પરથી વધુ નિકટ રહેવાના કારણે એમને પરસ્પરના દોષ દેખાય પણ છે અને નડે પણ છે. જમાઈ સાથે સાસુને એટલી નિકટતા નથી હોતી. જમાઈ અવારનવાર જ સાસરે આવતા હોય છે. એ કારણે એમના સામાન્ય દોષો સાસુને જલદી દેખાતા નથી. એ જ રીતે સસરા મોટેભાગે ઘરની બહાર રહેતા હોવાથી એમને વહુ સાથે એટલી નિકટતા નથી હોતી. વહુના કેટલાક દોષોથી સસરા અજાણ હોય છે.

**૨. વિજાતીયતા :** આ માટે મહત્ત્વનું એક મનોવૈજ્ઞાનિક કારણ વિજાતીય આકર્ષણ છે. એ યાદ રાખવાનું છે કે, દરેક વિજાતીય આકર્ષણ વલ્ગર નથી હોતું. સાસુ-જમાઈ વચ્ચે તથા સસરા-વહુ વચ્ચે સુમેળ હોવાનું એક કારણ તેમની વિજાતીયતા પણ છે. કોઈપણ સાંસારિક સંબંધમાં વિજાતીયતા અદ્રશ્યપણે કેન્દ્રમાં રહેતી હોય છે. સાસુને જમાઈમાં પુત્ર દેખાય છે અને સસરા વહુમાં દીકરીને જુએ છે. આપણે જાણીએ છીએ કે દિયર સાથે ભાભીને જેટલો સુમેળ હોય છે એટલો નણંદ સાથે ભાગ્યે જ હોય છે. દીકરો સામાન્ય રીતે માને વહાલો હોય છે એટલે એ બાપ કરતાં મા સામે વધારે અધિકાર ભોગવતો હોય છે. એ જ રીતે દીકરી સામાન્ય રીતે બાપને વહાલી હોય છે એટલે એ મા કરતાં બાપ સામે વધારે અધિકાર ભોગવતી હોય છે. દીકરાની ખોટ માને વધુ પજવે છે અને દીકરીની ખોટ બાપને વધુ પજવે છે. આ બધામાં પડદા પાછળ કેન્દ્રસ્થાને વિજાતીય આકર્ષણ છે.

૩. **અપેક્ષા :** દરેક સાસુને, એવી અપેક્ષા હોય છે કે જમાઈ મારી દીકરીને સારી રીતે સાચવે. સમાન જાતિ હોવાને કારણે માતા પોતાની દીકરીના દોષો અને એની ખામીઓ જાણતી હોવાથી એ એવું ઇચ્છે છે કે, મારી દીકરીનો વાંક હોય તોપણ એ નભાવી લે ! અને તેમનું દાંપત્ય જીવન સુખમય રહે. સામાપક્ષે જમાઈને પણ એમ હોય છે કે મારી કોઈ ખામી માટે મારી પત્ની ફરિયાદ કરે તોપણ મારાં સાસુ ઉદારતાથી મને માફ કરે. એ જ રીતે વહુના હૃદયમાં ઊંડેઊંડે એવી અપેક્ષા હોય છે કે, મારાં સાસુ મારા વિશે સસરાને કોઈ ફરિયાદ કરે તો સસરા મારો પક્ષ લે. સમાન જાતિ હોવાને કારણે પિતા પોતાના દીકરાના દોષો અને એની ખામીઓ જાણતા હોવાથી એમને એવી અપેક્ષા હોય છે કે મારા દીકરામાં કોઈ ખોટ દેખાય તોપણ વહુ એને નભાવી લે અને તેમનું દાંપત્ય જીવન સુખમય રહે.કેટલાક અપવાદ હોય તો અલગ વાત છે, પરંતુ સાંસારિક રિલેશનશિપની આ સચ્ચાઈ છે.

મો. ૯૪૨૮૫૬૮૩૬૮

**'રામાયણ'નાં ત્રણ કેન્દ્રબિંદુ છે.**

'રામાયણ'નાં ત્રણ કેન્દ્રબિંદુ છે : સંદેહ, સમાધાન અને શરણાગતિ. 'રામ સમાન પ્રભુ નાહી કહું.' એ શરણાગતિ છે. રામની પ્રાપ્તિ શ્રદ્ધા અને વિશ્વાસથી થાય છે. પુરુષાર્થ, પુકાર અને પ્રતીક્ષા આ ત્રણેયનો સરવાળો, એનું નામ છે રામપ્રાગટ્ય. માનસની કથામાંઃ-

(૧) સત્યને પરમ ધર્મ માન્યો છે.

(૨) રામકથા માનસ વિમલ કરે છે.

(૩) કપટરહિત કર્મ કરવાની આજ્ઞા આપે છે.

'રામાયણ'માં ભરતનું જીવન જોઉં છું તો મને લાગે છે કે એમાં ત્રણ પ્રકારનું મંથન : સત્યનું મંથન, શિવમનું મંથન અને સુંદરમનું મંથન જણાય છે. 'રામાયણ' બારમાસી આંબો છે. આ આંબાને વેડવો પડતો નથી. 'રામાયણ' રૂપી સદ્‌ગુરુ આપણા માટે રોજ નવો સૂરજ બનીને ઊગે છે.

'રામચરિત માનસ' ભક્તિસાર છે, જ્ઞાનસાર છે, તત્ત્વસાર છે, શ્રુતિસાર છે. મારો અનુભૂત પ્રયોગ છે કે રામકથાથી સંવેદના પ્રગટ થઈ શકે છે. 'રામચરિત માનસ' ભાવગમ્ય છે,બહુ જ્ઞાનગમ્ય નથી. ચોપાઈમાં ક્યારેય ઊતરે નહીં તેવો નશો હોય છે. નીતિ સમજવી હોય તો 'મહાભારત' અને પ્રીતિ સમજવી હોય તો 'રામચરિત માનસ' વાંચો. 'રામચરિત માનસે' સમગ્ર વિશ્વની ચેતનાને ઝંકૃત કરી દીધી છે.

**રામકથા ભાવજગતની કથા છે, કર્મજગતની પણ કથા છે.**

રામકથા તો મસ્તોનું મયખાનું છે. રામકથા મારી નવ દિવસની પત્રકારપરિષદ છે. આટલી લાંબી પરિષદ કોઈએ નહીં સંબોધી હોય. રામકથા સાંભળવાથી સ્વથી લઈ સર્વ સુધી વિશ્રામ મળે,એક ચરિત્રનિર્માણ થાય શુદ્ધ ભાવનાથી. રામકથાથી હનુમાનજી જેવી માનસિકતા નિર્માણ થાય. હનુમાનનું માનસ, સીતાનું ચરિત્ર અને રામનો વિશ્રામ, આ છે 'રામચરિત માનસ'. રામકથા સુખભવન છે. પરમાત્મા મંગલભવન અને તેનું આધ્યાત્મિક સુખ એ પોતાનું, માંહ્યલાનું સુખ.

રામકથા સાધુનો પ્રગટેલો ધૂણો છે. રામનામનો રસ જ સોમરસ છે. આપણી આંખો ભીની થાય તો પ્રત્યેક તિથિ રામનવમી બની શકે. કોઈ શરીરધારી સદ્‌ગુરુ ઓળખાય નહીં, તો 'રામચરિત માનસ' પણ સદ્‌ગુરુ છે. 'રામચરિત માનસ' એ મોટું વ્યાવહારિક અને પારલૌકિક શાસ્ત્ર છે. 'રામચરિત માનસ' ધર્મ નથી શીખવતું, ધર્મસાર શીખવે છે. કોઈ કથા ધાર્મિક સંમેલન નથી, એ જીવનજાગૃતિની શિબિર છે.

- મોરારિબાપુ

## ૧૫ સંપૂર્ણ શ્રદ્ધા

**ભાણદેવજી**

વારાણસીમાં એક મોટા પંડિત રહેતા હતા. આ પંડિતના ઘરે દૂધ આપવા માટે દરરોજ એક ગોવાલણ આવતી હતી. આ ગોવાલણનું ઘર ગંગાનદીના સામા કિનારે હતું. દરરોજ હોડીમાં બેસીને આવવું પડે.હોડી સમયસર ન મળે તો આવતાં મોડું થાય તેમ પણ અનેક વાર બને. આવતાં મોડું થાય ત્યારે પંડિત આ ગોવાલણને ખૂબ ઠપકો આપે અને તતડાવે પણ ખરા. વારંવાર તેઓ બોલેઃ

'અરે, ગોવાલણ ! દૂધ સમયસર કેમ લાવતી નથી? આમ વારંવાર મોડું કેમ થાય છે? અમારે તો બધું સમયસર જોઈએ. આમ મોડું થાય તે ન ચાલે, સમજી?'

ગોવાલણ નમ્રભાવે કહે છે :

'મહારાજ ! હું પણ સમજું છું કે આપને દૂધ સમયસર જોઈએ, મારે પણ સમયસર પહોંચવું છે, પરંતુ શું કરું, મહારાજ ! બધું આપણા હાથમાં નથી !'

'અરે, પણ તને તકલીફ શી છે? શા માટે મોડું થાય છે? મને કારણ તો કહીશ ને?'

'હા, મહારાજ! કારણ જરૂર કહીશ. આપ તો જાણો જ છો કે મારું ગામ અને મારું ઘર ગંગાનદીના સામા કિનારે છે. હું અહીં આ કિનારે હોડીમાં બેસીને આવું છું. હોડી સમયસર મળતી નથી. અનેક વાર હોડી મોડી મળે તેમ બને છે, તેથી ઘરેથી હું વહેલી નીકળું તોપણ અહીં પહોંચતાં મોડું થઈ જાય છે. કહો. મહારાજ ! આમાં હું શું કરી શકું?'

પંડિતજી થોથાપંડિત હતા. તેમણે તે ગોવાલણબહેનને થોથાપંડિતનો ઉપદેશ આપ્યોઃ

'અરે, બહેન ! તું તો સાવ અભણ અને ગામડિયણ જ રહી. સાંભળ, હું તને શાસ્ત્રની વાત કહું છું. શાસ્ત્રમાં કહ્યું છે કે રામનામથી તો ભવસાગર પણ તરી જવાય છે, તો તું રામનામથી આ એક નદી ન પાર કરી શકે?'

બિચારી ભલીભોળી ગોવાલણ તો આ સાંભળીને રાજીરાજી થઈ ગઈ. બીજા દિવસે ગોવાલણે હોડીની રાહ ન જોઈ. પંડિતજીની શિખામણ પ્રમાણે રામનું નામ લઈને પાણી પર પગ મૂક્યો અને રામનામનો જપ કરતાં-કરતાં પાણી પર ચાલીને સામે કિનારે પહોંચી ગઈ. હવે તો આ ભોળી ગોવાલણને સરસ ઉપાય મળી ગયો. તે હવે નિયમિત રીતે અને નિયત સમયે રામનામનો જપ કરતાં-કરતાં પાણી પર ચાલીને નદી પાર કરવા લાગી. હવે તેને હોડીની જરૂર જ નથી અને હોડીની રાહ પણ જોવી પડતી નથી. હવે તે નિયત સમયે પંડિતજીનું દૂધ પહોંચાડવા લાગી.

દરરોજ દૂધ સમયસર આવવા માંડ્યું તે જોઈને પંડિતજી આ ગોવાલણને પૂછે છે :

'અરે, બહેન ! હવે તો હમણાં તું બરાબર સમયસર આવી જાય છે. કદી મોડી પડતી નથી. કેવી રીતે આવે છે?!'

ભોળી ગોવાલણ ઉત્તર આપે છે :

'અરે, મહારાજ ! આપે જ મને ઉપાય બતાવ્યો છે. હું હવે હોડીની રાહ જોતી નથી. હોડીનો ઉપયોગ પણ કરતી નથી.'

'તો તું કેવી રીતે આવે છે?', 'અરે, તમે કહ્યું તેવી રીતે !'

'કઈ રીતે?'

'મહારાજ! આપની સલાહ પ્રમાણે હું રામનું નામ લઈને પાણી પર પગ મૂકું છું અને રામનામનો જપ કરતી-કરતી પાણી પર ચાલીને અહીં આ કિનારે આવી પહોંચું છું. હવે મારે હોડીની શી જરૂર? અને હવે હું મોડી પણ શા માટે પડું?'

પહેલાં તો પંડિતજી આશ્ચર્યચકિત થઈ ગયા, આ અભણ ભલીભોળી ગોવાલણ પાણી પર ચાલી શકે છે ! તેમણે ગોવાલણને પૂછ્યુંઃ

'તું રામનામ લઈને પાણી પર ચાલી શકે છે, તે મને બતાવી શકે છે?', 'હા, જરૂર ! આ કીમિયો તો આપે જ

મારા ઉપર કૃપા કરીને મને બતાવ્યો છે. આપ જરૂર જોઈ શકો છો !'

ગોવાલણની સાથે પંડિતજી નદીકિનારે પહોંચ્યા. ગોવાલણ તો રામનામનો જપ કરતાં-કરતાં પાણી પર સડસડાટ ચાલવા માંડી. પંડિતજીને પણ વિચાર આવ્યો કે આ ગોવાલણ રામનામના પ્રતાપે પાણી પર ચાલી શકે તો હું કેમ ન ચાલી શકું? આમ છતાં પંડિતજીના મનમાં શંકા અને ભય તો હતાં જ ! પંડિતજીએ

રામનામ લઈને પાણીમાં પગ મૂક્યો, પરંતુ ભય અને શંકાને કારણે ધોતીને ઊંચી કરીને પકડી રાખી. પંડિતજીએ પગ મૂક્યો ને તરત તેઓ પાણીમાં ઊતરી ગયા, ગભરાઈ ગયા અને બૂમો પાડવા લાગ્યા. ગોવાલણે પાછા ફરીને જોયું કે પંડિતજી ધોતી પકડીને પાણી પર ચાલવાનો પ્રયોગ કરે છે. ગોવાલણ પંડિતજીને કહે છે : 'મહારાજ ! તમે મુખથી રામનામનો જપ કરો છો તો ધોતીને પકડો છો શા માટે? તમને રામનામ પર પૂરો ભરોસો નથી. તો તમે પાણી પર કેવી રીતે ચાલી શકો? શ્રદ્ધા અધૂરી ન ચાલે, શ્રદ્ધા પૂરેપૂરી જોઈએ ! જુઓ, હું આમ સડસડાટ પાણી પર રામનામના પ્રતાપે ચાલી શકું છું !

પંડિતજી ડરી ગયા અને પાછા ફરી ગયા.

**'શીલયુકત સંવેદના'**

સંવેદના પામવાની શકિતમાં જયારે શીલ ઉમેરાય ત્યારે સંવેદનશીલતા પ્રાપ્ત થાય. સંવેદનશીલતા એટલે 'શીલયુકત સંવેદના' રામ આવી શીલયુકત સંવેદનાના સ્વામી હતા. જ્ઞાનયુકત વિવેકના સ્વામી રામ પાસે ઊર્ધ્વમૂલ સંવેદનશીલતા હતી. શીલયુકત સંવેદના એમને રડાવે છે તે સાથે સીતાની શોધ માટેનો પ્રાણવાન પ્રયત્ન પણ કરાવે છે. કયારેક એમ લાગે છે કે સદીઓથી જ્ઞાની માણસો અજ્ઞાની માણસોને હાથે દુઃખી થતા આવ્યા છે. ઉદાત્ત મનુષ્યત્વના પ્રતિનિધિ એવા રામે એમના જીવનમાં એકપણ ચમત્કાર સર્જ્યો નથી. રામ જેવા મહામાનવનું હોવું એ જ ખરો ચમત્કાર ગણાય. રામાયણ મહાકાવ્ય છે. એને મહાકાવ્ય તરીકે જ માણવું રહ્યું. રામાયણ, 'માનવતાનું મહાકાવ્ય ' છે કારણ કે પૃથ્વી પર જન્મેલા પ્રત્યેક ભૂમિપુત્રના અંતઃસંઘર્ષને પ્રગટ કરનારી અને એ સંઘર્ષને પાર કરી જઈને સાર્થકતાનો સ્વાદ પામવાની જીવનરીતિ એમાં ઉજાગર થઈ છે. માનવજાતને હૃદયધર્મની ભાળ મળે એવું કશુંક એનામાં રહેલું જણાય છે. આવી નમ્ર સમજણને કારણે રામાયણ 'માનવતાનું મહાકાવ્ય' છે. એવું મને લાગ્યું છે.

- ગુણવંત શાહ

**હનુમાનજી સંકટથી મુકત કરે છે.**

હનુમાનજી સંકટથી મુકત કરે છે.મારી વ્યાસપીઠની દષ્ટિએ સાત સંકટ છે.

એક છે ધર્મસંકટ; ધર્મસંકટ આવ્યું હતું શિવના જીવનમાં. બીજું કેટલીક વ્યકિતના જીવનમાં અર્થસંકટ હોય છે. ત્રીજું. ધૈર્યનું સંકટ; ચોથું કુળ સંકટ. એક પાંચમું સંકટ છે દેશસંકટ, છઠ્ઠું છે કાલસંકટ અને સાતમું પ્રાણસંકટ. આ સાતેય સંકટમાંથી હનુમાનજી આપણને મુકત કરે છે. શ્રી હનુમાનજી આખા જગતના આરાધ્યરૂપ છે, મહાવીર છે. હનુમાનજી સૂર,શબ્દ, લય, તાલ અને નૃત્ય એ પાંચેયના પ્રાણ છે.

શ્રી હનુમાનજી નવલ ઈતિહાસના રચયિતા છે. 'હનુમાનચાલીસા' ને જે આત્મસાત કરે છે. 'હનુમાનચાલીસા' સિદ્ધ પણ છે અને શુદ્ધ પણ છે. એ સતયુગી નથી રહેતા; એ ત્રેતાયુગી નથી રહેતા; એ દ્વાપરયુગી નથી રહેતા; એ કળિયુગી નથી રહેતા; એ કેવળ કથાયુગી રહે છે; કેવળ પ્રેમયુગી રહે છે. વૈરાગ્યનું ધનીભૂત રૂપ છે શ્રી હનુમાન. હનુમાનજીમાં કાયિક,માનસિક અને વાચિક પુય છે.

- મોરારિબાપુ

## ॥ ૧૬ શિક્ષિકાનું જીવનઆકાશ

**પારસકુમાર**

---

*એક દિવસ એક શાળામાં*

*કશુંક લખી રહેલી શિક્ષિકાને*

*બોલપેન પૂછી બેઠી,*

*મેડમ, તમે રોજ આટલા જ રાજી રહો છો?!*

*કાગળ પર સડસડાટ દોડતી પેન એકાએક અટકી ગઈ.*

*પેનમાંથી હુંફાળું આંસુ ખર્યું અને પછી થોડાંક ભીના ભીના શબ્દો ખર્યા,*

*રવિવારે રજા હતી, હું ઘરે હતી છતાં દુઃખી હતી,*

*સોમવારે હળવું વાઈરલ ઈન્ફેક્શન હતું,*

*સ્કૂલમાં મારો એકપણ પીરીયડ ફ્રી નહોતો છતાં સુખી હતી,*

*મંગલવારે ગણિતના પીરીયડમાં બાળકોએ અઘરા દાખલા પળવારમાં*

*ગણી કાઢ્યા ત્યારે બેહદ રાજી હતી,*

*પણ બુધવારની રાતે જિંદગીએ આપેલો*

*સીધો સાદો દાખલો ઉકેલી શકી નહીં ત્યારે આખી રાત દુઃખી હતી,*

*ગુરુવારે રસાયણ ઘરમાં રસાયણિક પ્રક્રિયા કરતી વખતે રાજી હતી પણ*

*શુક્રવારે રસોઈ ઘરમાં શાકનો વઘાર કરતી વખતે થોડી થોડી ઉદાસ હતી,*

*શનિવારે જાહેર રજાના દિવસે સ્કૂલ ચાલુ હતી છતાં સુખી હતી, અને*

*રવિવારે રજા હતી છતાં દુઃખી હતી.*

કેટલીક શિક્ષિકાના જીવનઆકાશમાં મેઘધનુષને પણ ઉગવા માટે પરમીશન લેવી પડતી હોય છે.મેઘધનુષને ઘૂંઘટમાં રહેવાની ફરજ પડે ત્યારે આકાશમાં અમાસનું આગમન થાય.ઘૂંઘટ ચીરીને ઊગી નીકળેલા મેઘધનુષમાંથી વહેતી મહેક વિટામીન પૂરું પાડે તેવી હોય છે.સ્કૂલે જતી શિક્ષિકાને કોઈકે કહ્યું, થોડીવાર થોભી જા નહીંતર કયામત આવશે. શિક્ષિકાએ પોતાની ગતિ વધારતા કહ્યું, હું જ કયામત છું.

કયામતના કોકટેલને કોયલના ટહુકાની જેમ વહેંચતી વિદુષીને વિદ્યાર્થીઓ શિક્ષિકા કહે છે.સર સે લેકર પાઓ તક આપ તો બસ કયામત! નદીમાં જે સ્થાન ગંગાનું છે,પરિવારમાં જે સ્થાન દીકરીનું છે,શાળામાં તે સ્થાન શિક્ષિકાનું છે.આપણી પાસે મેગાસ્ટાર ઋષિમુનિઓની ભરમાર છે પણ ઋષિકાઓની લોકપ્રિયતા લઘુમતીમાં છે.નૂતન યુગમાં ઋષિકા એટલે મઘમઘતી શિક્ષિકા. મધુમતી જેવી શિક્ષિકાની લોકપ્રિયતા લઘુમતીમાં નથી. શિક્ષિકા વિનાની શાળામાં છાયડાં વિનાની વનરાજી પથરાયેલી હોય છે.શિક્ષિકા કાંઈ અશોકવાટિકામાં પુરાયેલી સીતા નથી પણ સીતા જેવી શિક્ષિકાની સુમધુર વાતોમાં અશોકવાટિકા પુરાયેલી હોય છે.રામના નામે પથ્થર તરી શકે પણ સીતાના નામે તો પથ્થર પણ પીગળી શકે.શિક્ષિકાનું જીવનઆકાશ એટલે ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમંતનો પૂર્વમાં.

શિક્ષિકાનો સ્વભાવ વાયુ જેવો નહીં પણ પ્રવાહી સર્જે તેવા ઘન પદાર્થ જેવો હોય છે.શિક્ષિકા તો શાળાનું ગ્લેશિયર કહેવાય, શિક્ષણનું ગ્લેશિયર પીગળે ત્યારે ક્લાસમાં ગ્લેમર રેડાય. શિક્ષિકાએ રેડેલું ગ્લેમર ગુલમ્હોર ફૂળનું ગ્લેમર કહેવાય, ગુલમ્હોરનું ગ્લેમર વસંતથી શોભે પાનખરથી નહીં,

મેડમ મોન્ટેસરીને એક દિવસ કોઈકે કહ્યું, 'મેડમ ઇઝરાયલમાં એક માણસે શોધ કરી કે ડંખ વગરની મધમાખીઓ પેદા થઈ શકે છે.ત્યારે મોન્ટેસરી બોલ્યા, 'ડંખ વગરનો માણસ પેદા કરી શકીએ એવું આપણે કરવું છે.' આટલો અદ્દભૂત પ્રતિભાવ મેડમ મોન્ટેસરી જ આપી શકે.પરંતુ આપણે મોન્ટેસરીની પ્રતિભાને આપેલો પ્રતિભાવ ભવ્ય નથી.મેડમ મોન્ટેસરીએ અમદાવાદમાં ગાંધી આશ્રમ અને ઝૂંપડપટ્ટીના બાળકો માટે શરુ કરેલું ગુજરાતનું પ્રથમ

બાલમંદિર ખંડેર હાલતમાં છે.નવોઢા જેવી ખ્યાતનામ ઈમારત ખંડેર બને ત્યારે ખંડેરમાં થતો પક્ષીઓનો કલરવ પણ મરસિયા જેવો લાગે. કોઈ નવનિર્મિત દેવમંદિરમાં ઝાલર વાગતી હશે ત્યારે કોઈ જર્જરિત બાલમંદિરમાં મૌનની બિહામણી બંદૂક ફૂટતી હશે.ક્યારેક ઈમારત પણ ઈન્સાનની જેમ નિઃસંતાન હોઈ શકે!

આપણા પરિવારોમાં નોકરી કરતી દીકરી અને નોકરી કરતી વહુનું જીવનઆકાશ જૂદું હોય છે.બંનેનું આકાશ એક ક્યારે થશે? એક જ બાગમાં ઉગેલા ગુલમ્હોર અને ગરમાળાનું આકાશ અલગ અલગ હોઈ શકે ખરું? માણસ મેઘધનુષના ખૂણે મોરપીંછ મૂકવાનો વિચાર ક્યારે છોડશે? કૃષ્ણના મુગુટમાં બેઠેલાં મોરપીંછને મેકઅપની એલર્જી હોય છે.માણસ મોરપીંછને મેકઅપ કરવાનું વ્રત ક્યારે તોડશે? કેટલાક ઘરમાં નોકરી કરતી નારી હોવું એ માંગલિક હોવા જેવું છે. શિક્ષિકા તો પારકી છઠ્ઠીની જાગતલ નારી કહેવાય.સુભદ્રા અભિમન્યુ માટે આઈડીયલ ટીચર હતી પણ મંથરા કૈકેયી માટે અડીયલ ટીચર હતી.

શિક્ષિકાનું જીવનઆકાશ એટલે 'ઝેર તો પીધા છે જાણી જાણી' નહીં પણ 'હરિ હળવે હળવે હંકારે મારું ગાડું ભરેલ ભારે'.ઘર અને વર્ગને ત્રાજવામાં મુકીને બંને વચ્ચે સંતુલન રાખવાની ગુસ્તાખી શિક્ષિકા જ કરી શકે. કિચનમાં ક્લાસ અને ક્લાસમાં કિચનનું ક્લોનીંગ પણ શિક્ષિકા જ સર્જી શકે. કુશળ શિક્ષિકાને મન ક્લાસ એ જ કિચન.ક્લાસ અને કિચન વચ્ચેની કશ્મકશ તો જુઓ,સ્કૂલના વિવિધ વિષયો રસોઈઘરના વિવિધ મરીમસાલા જેવા હોય છે.મીઠાં વિના જેમ રસોઈનો સ્વાદ અધુરો કહેવાય તેમ માતૃભાષા વિના શિક્ષણનો સ્વાદ પણ અધુરો કહેવાય.લોકસાહિત્ય તો હળદર જેવી હિતકારક ઔષધી કહેવાય.ગણિતના કોયડા કોઈકને ચટણી જેવા તીખા લાગે તો કોઈકને તીખા છતાં ટેસ્ટી લાગે.શિક્ષિકાએ કિચનમાં શાક વઘારવાનું અને ક્લાસમાં શાકને બદલે શબ્દો વઘારવાના. કુશળ ગૃહિણીને રસોઈના વઘારમાં શૃંગાર દેખાતો હોય છે.ક્લાસમાં બ્લેકબોર્ડ પર ડસ્ટર ફેરવવાનું અને કિચનમાં ફર્સ પર સાવરણી ફેરવવાની. કિચનમાં શાક સુધારતી વખતે બગડેલો ભાગ દૂર કરવાનો અને ક્લાસમાં બાળકોનું હોમવર્ક તપાસતી વખતે ખોટી જોડણીથી બગડેલાં શબ્દો દૂર કરવાના. કુછ હમ મેં ઐસી બાતે હૈ વો સબ મેં હૈ કહાં,જીતેંગે યે જહાં.

શિક્ષિકાએ ઘરમાં ભાવતું ભોજન પીરસવાનું અને સ્કૂલમાં ગમતું શિક્ષણ પીરસવાનું.કિચનમાં વાસણ અને ક્લાસમાં વિદ્યાર્થીનાં મન ઘસી ઘસીને ચમકાવવાના. પ્રેશરકૂકરની સીટી અને સ્કૂલ ઘંટના મંજુલ રણકાર વચ્ચે કિચનમાં પાકશાસ્ત્ર અને ક્લાસમાં શિક્ષણશાસ્ત્રના નૂતન પ્રયોગો કરવાના.સ્કૂલમાં પરિકરથી વર્તુળ દોરવાનું અને ઘરમાં પરિકરને બદલે વેલણથી વર્તુળ જેવી રોટલી કરવાની, સૂકી રોટલી પર ઘીની ચમચી ફેરવવાની અને સૂકાં કાગળ પર લાલ શાહીની સહી ફેલાવવાની.તાવડી પર મુકેલી રોટલીને ઉપર નીચે કરવામાં ના આવે તો જેમ સ્થિર પડેલી રોટલી બળી જાય તેમ બ્લેકબોર્ડ પર ક્યારના સ્થિર પડેલાં શબ્દોને બદલવામાં ના આવે તો શબ્દો પણ દાઝી જાય. કેટલીક શિક્ષિકાના શિક્ષણની સુગંધ ક્લાસની બારીમાંથી રસોઈની સુગંધ બનીને પ્રસરતી હોય છે.આપણી શિક્ષિકા સ્વાદિષ્ટ રસોઈ બનાવવામાં રાખે તેવી કાળજી શિક્ષણને સ્વાદિષ્ટ બનાવવામાં રાખશે ત્યારે વિદ્યાર્થીઓ વર્ગખંડમાં આંગળા ચાટતા રહી જશે.

શિક્ષિકા પોતાના બાળકને ઘરે રડતું મૂકીને સ્કૂલે રડતાં રડતાં આવેલાં બીજાનાં બાળકોને પળવારમાં હસાવે તેને ઓસ્કાર નહીં પણ ઓમકાર વિનીંગ પરફોર્મન્સ કહેવાય. સ્કૂલ બસ અશ્વમેઘ યજ્ઞનો અશ્વ કહેવાય.સ્કૂલ બસનાં કપાળે એમ્બ્યુલન્સ જેવી લાઈટ ગોઠવાશે ત્યારે શિક્ષણ સરિતાની જેમ વહેવા મજબૂર થયું ગણાશે. શિક્ષિકા વર્ગખંડમાં બેઠેલાં પ્રત્યેક બાળકનૈયા માટે માતા યશોદા બનીને પ્રગટ થતી હોય છે.કૃષ્ણ અને યશોદાના મિલનમાં અવરોધરૂપ બનવાનો અધિકાર આદિદેવને પણ નથી.ટ્રાફીક સિગ્નલ પર રેડ સિગ્નલ પડેલું હોય ત્યારે સ્કૂલે જતી શિક્ષિકાને ગ્રીન સિગ્નલ મળવું જોઈએ. શિક્ષિકા કિચન છોડીને ક્લાસમાં પહોંચે છે ત્યારે કોઈનાં બાળકનૈયાને સર્વલોકમહેશ્વર બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. શિક્ષિકાનું જીવનઆકાશ એટલે હાં મઝા હૈ જિંદગી,નશા હૈ જિંદગી!

મો. ૯૮૨૫૯૯૬૫૩૯

## ૧૭ સંસ્થા સમાચાર (જૂન, ૨૦૨૪)

**સંકલન : પ્રશાંત મહેતા**

### લોકભારતી સમાચાર

- તા.૦૧ના રોજ લોકભારતીના શુભેચ્છકશ્રી અને દાતાશ્રી જતીનભાઈ શરદભાઈ પટેલ લોકભારતીની શુભેચ્છા મુલાકાતે પધાર્યા, તેઓએ નવા બંધાઈ રહેલા યુનિવર્સિટીના એકેડેમિક બીલ્ડિંગની મુલાકાત પણ લીધી અને બાંધકામ અંગે સંતોષ વ્યક્ત કર્યો.
- તા.૦૫ના રોજ મા. જિલ્લા વિકાસ અધિકારીશ્રી સોલંકી સાહેબ પંચાયતીરાજ તાલીમ કેન્દ્ર અને સંસ્થાના અન્ય વિભાગોની મુલાકાતે આવી ગયા અને પોતાનો રાજીપો વ્યક્ત કર્યો.
- તા.૦૬ના રોજ લોકભારતી કાર્યકર વીમા યોજનાની સામાન્ય સભા મળી ગઈ, તેમાં વર્તમાન પ્રમુખશ્રી અને મંત્રીશ્રી નિવૃત્ત થતાં પ્રમુખ તરીકેની જવાબદારી શ્રી ગિરીશભાઈ દવે અને મંત્રી તરીકેની જવાબદારી શ્રી રિતેશભાઈ પંડ્યાને સોંપવાનું નક્કી કરવામાં આવ્યું.
- ધરમપુર વિસ્તારના પેન્ટાગોન ચેરિટેબલ ટ્રસ્ટના વીશેક શિક્ષકોની એક શિબિર માઈધાર મુકામે ચાલી, તે પૂરી કરીને તેઓ લોકભારતીની મુલાકાતે તા.૦૬ અને ૦૭ના રોજ આવી ગયા.
- તા.૦૮ના રોજ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ-રાજકોટની યોજાયેલી વ્યવસ્થાપક મંડળ અને સાધારણ સભામાં હાજરી આપવા શ્રી અરુણભાઈ દવે અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ રાજકોટ જઈ આવ્યા.
- તા. ૧૪ના રોજ શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી મુકુંદભાઈ શ્રીમાળી, શ્રી યોગેશભાઈ ત્રિવેદી અને શ્રી પુંજાભાઈ મકવાણા વયમર્યાદાને કારણે નિવૃત થતા સમગ્ર સ્ટાફે તેઓને શુભેચ્છાઓ પાઠવી.
- ગુજરાત સરકારના જીકાસ પોર્ટલ પર લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ સેમેસ્ટરનાં વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા ચાલુ કરવામાં આવી.
- શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીનાં માતુશ્રી મંછાબાનું ૧૦૨ વર્ષની વયે તા.૧૫ના રોજ નિધન થતાં તેમની અંતિમયાત્રામાં શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા અમદાવાદ મુકામે જઈ આવ્યા.
- તા. ૧૭થી લોકસેવા મહાવિદ્યાલયના બીજા વર્ષ અને ત્રીજા વર્ષનો સત્રારંભ થયો.
- તા. ૧૭ ના રોજ અધ્યાપનમંદિરના દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓનો સત્રારંભ થયો.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૮ના રોજ શ્રી ગિરીશભાઈ દવે તથા શ્રી રિતેશભાઇ પંડ્યા પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના વહિવટી કામગીરી સબબ ગાંધીનગર જઈ આવ્યા.
- તા.૨૦મીના રોજ લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના વ્યવસ્થાપક મંડળની બેઠક મળી ગઈ.
- શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીનાં માતુશ્રી મંછાબાનું નિધન થતાં તેમની પ્રાર્થનાસભા લોકભારતી મુકામે તા.૨૦ના રોજ રાખવામાં આવી,
- શ્રી નિગમભાઈ શુકલ તા. ૨૦ના રોજ જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ જમીન સંપાદનની રિવ્યુ મિટિંગમાં ભાગ લેવા માટે ભાવનગર જઈ આવ્યા.

- તા.૨૧ના રોજ શ્રી વિશાલભાઈ ભાદાણીએ તેમના ચીનના પ્રવાસ અંગે સચિત્ર પ્રેઝન્ટેશન સાથે અનુભવો રજૂ કર્યા.
- તા.૨૧ ના રોજ અધ્યાપનમંદિરના તાલીમાર્થીઓ અને અધ્યાપકોએ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરી.
- શ્રી નિગમભાઈ શુકલ તા. ૨૪ના રોજ નાબાર્ડ દ્વારા આયોજિત અને જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ કેન્દ્ર સરકારની યોજનાઓના અમલીકરણના રિવ્યુ માટેની મિટિંગમાં ભાગ લેવા માટે ભાવનગર જઈ આવ્યા.
- તા.૨૪ના રોજ લોકભારતી ઉત્સવ સમિતિ અને લોકભારતી પૂર્વવિદ્યાર્થી સન્માન સમિતિની એક બેઠક મળી ગઈ.
- શિક્ષણ ગુણવત્તા સંવર્ધન એકમ AQACના આયોજન તળે શ્રી અરુણભાઈ દવે, શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી વિશાલભાઈ ભાદાણી ધરમપુર વિસ્તારની પેન્ટાગોન ચેરિટેબલ ટ્રસ્ટ હસ્તકની શાળાઓની ગુણવત્તા સંદર્ભે તા.૨૫થી ૨૭ મુલાકાતે જઈ આવ્યા. આ મુલાકાત અનુસંધાને શ્રી સુનિલભાઈ દલાલ પણ ત્યાં આવેલા, તેમની સાથે વિચાર-વિમર્શ અને આયોજન થયાં.
- અધ્યાપનમંદિરની પ્રવેશ કામગીરી માટે તા.૨૬ના રોજ પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીમાં શ્રી જગદીશગિરિ ગોસાઈ, શ્રી અજયભાઈ પંડ્યા, શ્રી અમિતભાઈ સાસાણી અને શ્રી સંદીપભાઈ ઉંડવીયા જઈ આવ્યા. તા.૨૬ ના રોજ અધ્યાપનમંદિરના પ્રથમ વર્ષમાં ૭૨ બહેનો અને ૩૦ ભાઈઓએ એમ કુલ ૧૦૨ છાત્રોએ પ્રવેશ મેળવ્યો છે.
- લોકસેવા મહાવિદ્યાલયના શ્રી હસમુખભાઈ સુથારને તા.૨૬થી રૂરલ ફેકલ્ટીના ડીન તરીકે મ.કૃ. ભાવનગર યુનિવર્સિટીએ નિયુકત કર્યા છે.

**આંબલા સમાચાર**

- તા. ૧૨ના રોજ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા સંસ્થાની પૂર્વ છાત્રા ભક્તિ દીપકભાઈ પંડ્યાને અરુણાચલ પ્રદેશના એજ્યુકેશન કૉર્ડીનેટર તરીકે કામ કરતા બેસ્ટ ટાર્ગેટ અચિવરનો એવોર્ડ એનાયત થયો.
- ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળાના દરેક વર્ગખંડમાં સરકારશ્રી તરફથી સ્માર્ટ કલાસ રૂમ માટે ૪ સ્માર્ટ બોર્ડ, ૪ લેપટોપ મળેલ છે.
- તા.૨૧ના રોજ શ્રી રાજેન્દ્રભાઈ ખીમણીના માતુશ્રીની પ્રાર્થના સભામાં શ્રી વાઘજીભાઈ કરમટિયા લોકભારતી જઈ આવ્યા.
- તા. ૨૧ના રોજ માઈધારથી શ્રી ભાવનાબહેન પાઠક અને શ્રી પાતુભાઈ આહીર આવીને પ્રાર્થનાના અનુસંધાને વાતો કરી બાળગીતો ગવડાવેલ.
- તા. ૨૧ના રોજ વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિતે સંસ્થાના વિદ્યાર્થીઓ સાથે કાર્યકર પરિવાર જોડાયેલ અને ઉત્સવપૂર્વક ઉજવણી કરેલ.
- તા. ૨૪ના રોજ વિદ્યાર્થીઓની ચૂંટણી કરી નવા મંત્રી મંડળની રચના કરવામાં આવી.
- વેકેશન દરમિયાન શ્રી ગૌરાંગભાઈ તથા તેમના પત્ની શ્રી ભારતીબહેન વોરા ઉનાળુ વેકેશનમાં ૨૦ દિવસ કાશ્મીરના વિવિધ જિલ્લાઓ ખાતે વિશ્વગ્રામ સંસ્થા દ્વારા ચાલતા સામાજિક, શૈક્ષણિક કાર્યોમાં ભાગીદારી કરી આવ્યા. શ્રી દીપકભાઈ પંડયા તથા શ્રી નીમાબહેન પંડ્યાના પુત્ર ધ્રુવભાઈ પંડયા પણ સાથે હતા.
- તા.૨૪ના રોજ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણી,

શ્રી વિશાલભાઈ ભાદાણી, શ્રી હસુભાઈ દેવમુરારિ, શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી નીતિનભાઈ ભિંગરાડીયા પરિવાર સાથે સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.

**મણાર સમાચાર**

- તા. ૫ જૂને શાળામાં 'પર્યાવરણ દિન'ની ઉજવણી કરવામાં આવી.
- કન્યાઓને 'નમો લક્ષ્મી'યોજનાનો લાભ સમયસર મળી રહે તે માટે શાળાના આચાર્ય શ્રી, ક્લાર્ક તથા વર્ગ શિક્ષકો સમગ્ર માસ દરમિયાન ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.
- તા. ૫ જૂને ડી.ઈ.ઓ. કચેરી માંથી મળેલ ટી.એસ.ટી.ના પ્રમાણપત્રો વિદ્યાર્થીને એનાયત કરવામાં આવ્યા.
- Melzo- સોફ્ટવેર દ્વારા આપણી શાળામાં શૈક્ષણિક ટેકનોલોજીનો શુભારંભ થયો. આ માટે લોકભારતી ગ્રામવિદ્યાપીઠ ટ્રસ્ટના, 'શિક્ષણ ગુણવત્તા સંવર્ધન એકમ'દ્વારા રૂ.૨,૫૧,૩૪૦- નો ખર્ચ કરવામાં આવેલો છે. લોકભારતી સણોસરાથી શ્રી સંદીપભાઈ અને તેમની ટીમ સોફ્ટવેર ફીટ કરી એપ્લીકેશન ચલાવતા શીખવ્યું.
- સંસ્થાની પ્રા.શાળાના શિક્ષક શ્રી કરશનભાઈ જાંબુચાએ કંટાળા ગામની પ્રા.શાળાને સ્વર્ગીય પિતાની સ્મૃતિમાં ભોજનપ્રથા બંધ રાખી શાળાને રૂ. ૫૧,૦૦૦/-નું વિદ્યાદાન આપી સમાજને નવો રાહ ચીંધ્યો.
- તા. ૧૩થી શાળાનુ ભાવાવરણ પુનઃ ધબકતું થયું, વેકેશન બાદ વિદ્યાર્થીઓના કલરવ સાથે શાળાઓ ગુંજવા લાગી. શાળામાં ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓને આવકારવામાં આવ્યા.
- શ્રી કે.વી.ધામેલીયા વિદ્યામંદિર રાજપરા શાળાના દાતાશ્રી તરફથી શાળામાં પ્રયોગપોથી અને નકશાપોથીનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું.
- એન.એસ.એસ. યુનિટ તેમજ ધો. ૯થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓ,સંસ્થા પરિવાર સાથે શાળામાં તા. ૨૧મી જૂનના રોજ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની શાનદાર ઉજવણી કરવામાં આવી.
- તા. ૨૨ના રોજ રાત્રે શાળામાં મનોરંજન કાર્યક્રમ અંતર્ગત 'લોકડાયરો' યોજવામાં આવ્યો.
- તા. ૧૮ અને ૧૯ એમ બે દિવસ મોજીલા શિક્ષણના શ્રી ભાવેશભાઈ અને શ્રી રાજુભાઈ લોકવિદ્યાલય માઈધાર ખાતે તાલીમ લઈ આવ્યા.
- જૂન માસ દરમિયાન તળાજા તાલુકાના ૨૬ ગામોમાં શાળાએ તેમજ ગામના ચોરા જેવી જાહેર જગ્યાએ ગામના બાળકોને એકઠા કરી સમર કેમ્પ કરાવ્યો.
- તા. ૨૬ના રોજ લોકશાળા મણાર ખાતે વ્યવસ્થાક મંડળની મિટિંગ યોજાઈ ગઈ.
- તા. ૨૭ના રોજ પીડીલાઇટના સહયોગથી ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું,તેમાં ૩૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. એક્સપર્ટ તરીકે કળસાર સેન્ટરના શ્રી વિકાસભાઈ હાજર રહી સમગ્ર માર્ગદર્શન પુરૂ પાડેલ.
- તા. ૨૭ના રોજ અલંગવાડી પ્રા.શાળા અને અલંગ ગામ પ્રા.શાળાનો સંયુક્ત શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો જેમાં કેબીનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા,ધારાસભ્ય શ્રી ગૌતમભાઈ ચૌહાણ મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા.
- આ વેકેશન દરમ્યાન જિલ્લા શિક્ષણાધિકારી શ્રી પઢેરિયા સાહેબ સંસ્થાની શુભેચ્છા મુલાકાતે આવી ગયા. તેમણે સંસ્થાદર્શન, કૃષિ તથા કૃષિ-બાગાયત વિકાસ કેન્દ્રની મુલાકાત લીધી સંસ્થાના

ઉચ્ચ પરિણામ તથા પ્રગતિ બદલ સંતોષ વ્યક્ત કર્યો.

- કૌશલ્યા-ધી સ્કૂલયુનિ. અમદાવાદના પ્રો.ડૉ.શીવકાંત શુકલા અહીંના કૃષિ-બાગાયત વિકાસની મુલાકાતે આવી ગયા.
- શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીના માતુશ્રીનું અવસાન થતા કાર્યકરો શ્રધ્ધાંજલિ આપવા પ્રાથના સભામાં લોકભારતી જઈ આવ્યા.
- ગ્રામ દક્ષિણા મૂર્તિ લોકશાળા મણાર ખાતે તા. ૨૮ના દિવસે ધોરણ ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ અને કન્યા કેળવણીનો કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં સરકારી અધિકારી તરીકે શ્રી એમ. બી. ચુડાસમાસાહેબ ડાયેટ ભાવનગર, શ્રી કૃપાલભાઈ ધાંધલીયા સી.આર.સી જૂની છાપરી હાજર રહ્યા. શ્રી અરૂણભાઇ દવે પણ કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહ્યા. સૌએ પ્રાસંગિક સંબોધન કર્યા અને વૃક્ષારોપણથી કાર્યક્રમનું સમાપન કર્યું.

**માઈધાર સમાચાર**

- તા.૩ થી ૬ દરમિયાન જશોદા નરોત્તમ પબ્લિક ચેરીટી ટ્રસ્ટ- ધરમપુરના ૧૮ શિક્ષકો માઈધારમાં -આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્રમાં વિજ્ઞાન તાલીમ માટે આવી ગયા. તેમણે મોજીલું શિક્ષણ, સ્ટેમલેબ અને અન્ય પ્રવૃત્તિઓની વિગતે સમજ મેળવી શ્રી અરુણભાઈ દવે સાથે વાર્તાલાપ કર્યો.
- તા.૬ના રોજ લોકકલ્યાણ વિદ્યાલયના ટ્રસ્ટીઓની એક મિટિંગ યોજાઈ. શ્રી અરુણભાઈ દવેએ ખાસ હાજર રહીને માર્ગદર્શન આપ્યું.
- તા.૬ના રોજ શ્રી નિર્મળભાઈ અને શ્રી સંજયભાઈ ફાયરસેફટી અંતર્ગત પાલિતાણા મિટિંગમાં જઈ આવ્યા.
- તા.૧૦ - ૧૧ના રોજ મોજીલું શિક્ષણની બે દિવસની તાલીમ જશોદા નરોત્તમ પબ્લિક ચેરીટી ટ્રસ્ટ - ધરમપુરના શિક્ષકોને આપવામાં આવી.
- તા. ૧૧ના રોજ Melzo સોફ્ટવેર ઇન્સ્ટોલ કરવા માટે કાર્યકરો આવ્યા . તેમણે ધો. ૯ થી ૧૨નો અભ્યાસક્રમ સરળ રીતે અને પ્રવૃત્તિઓ સાથે શીખવી શકાય એ વિશે માર્ગદર્શન આપ્યું હતું.
- તા.૧૨ના રોજ લોકકલ્યાણ વિદ્યાલયના દરેક વિદ્યાર્થીઓને કંચન ફાઉન્ડેશન – ઇન્ડિયાએ દસ-દસ નોટબુકો ફ્રીમાં આપી.
- તા.૧૨ થી ૧૫ દરમિયાન મોજીલું શિક્ષણ માઈધારની ટીમ સર્વોદય પરિવાર ટ્રસ્ટ પિંડવળ (ધરમપુર)ના બાળકો સાથે ગ્રીષ્મ શિબિર કરાવવામાં આવી.
- તા. ૧૮ના રોજ શ્રી નલિનભાઈ પંડિત અને શ્રી દેવીબહેન પંડિત માઈધાર કેન્દ્રની શુભેચ્છા મુલાકાતે આવ્યા. સાંજની પ્રાર્થનામાં પંડિતસાહેબે વિદ્યાર્થીઓને શિક્ષણમાં મોજ લાવવા માટે રમત,પ્રવૃત્તિઓ અને ટેકનોલોજી અંગે વાતો કરી. સંસ્થામાં ખરીદાયેલ સ્માર્ટ બોર્ડનું લોકાર્પણ શ્રી પંડિતસાહેબ અને શ્રી અરુણભાઈ દવેના શુભહસ્તે કરવામાં આવ્યું.
- તા.૧૮-૧૯ બે દિવસ મોજીલું શિક્ષણની તાલીમ યોજાઈ. તાલીમ દરમિયાન શ્રી અરુણભાઈ દવે દ્વારા મોજીલા મિત્રો સાથે સંવાદ કરવામાં આવ્યો.
- તા.૨૦ના રોજ શ્રી ભાવનાબહેન પાઠક અને શ્રી પાતુભાઈ આહિર લોકભારતી અને આંબલા મોજીલી શાળાની મુલાકાતે જઈ આવ્યા.
- તા.૨૧ ના રોજ લોકકલ્યાણ વિદ્યાલયના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સમગ્ર કાર્યકરો સૂર્ય નમસ્કાર અને યોગાસન કરી યોગ દિવસની કરી.

પંડિત સુખલાલજી લોકવિદ્યાલય માઈધાર ખાતે વિદ્યાર્થી પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી કાર્યક્રમ યોજાયો.









પંડિત સુખલાલજી લોકવિદ્યાલય માઈધાર ખાતે શ્રી નલિનભાઈ પંડિતની વિદ્યાર્થીઓ સાથે શૈક્ષણિક ગોષ્ઠિ અને સ્માર્ટબોર્ડનું લોકાર્પણ








To.

**From :**

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-